૬૨. શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી. (રૅ.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ તથા બી.એસસી. (રૅ.)માં ભૌતિકવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી. મુક્તજીવનદાસજી સ્વામી સુવર્ણજયંતિ મહોત્સવ સ્મારક ટ્રસ્ટ સંચાલિત સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્ર; અને બી.એસસી (જન)માં ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ભૌતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર અને
(૪) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. ભૌતિકવિજ્ઞાનનો પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક ગણતરી યંત્ર (Calculating machine)ખરીદવામાં આવે;

૪. ગ્રંથાલય માટે નીચે જણાવેલ ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન માટે	...	રૂા. ૨,૦૦૦
(૨) આંકડાશાસ્ત્ર માટે	...	રૂા. ૨,૦૦૦
		કુલ રૂા. ૪,૦૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૩. સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી મજકૂર કૉલેજ સાથે જૂન ૧૯૬૮થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ તથા ફર્સ્ટ યર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનુ પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી સી. યુ. શાહ

સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા તથા ફર્સ્ટ યર બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૨) ગણિતના એક પ્રાધ્યાપક,
(૩) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૪) ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના એક વ્યાખ્યાતા,
(૫) બૅંન્કિંગના એક વ્યાખ્યાતા,
(૬) વાણિજ્યના બે વ્યાખ્યાતા,
(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૮) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૯) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૧૦) યોગ્ય લાયકાત ધરાવતા એક ગ્રંથપાલ, અને
(૧૧) યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના વ્યાયામ શિક્ષક;

ઉપરાંત કાર્યભારને અનુલક્ષીને આવશ્યક વ્યાખ્યાતાઓ, ટ્યૂટરો, ડેમોન્સ્ટ્રેટરો અને લેબોરેટરી આસિસ્ટન્ટની નિમણૂકો કરવામાં આવે;

૨. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે સ્થાનિક તપાસસમિતિએ સૂચવ્યા મુજબ રૂપિયા એક લાખનો ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે સ્થાનિક તપાસસમિતિએ સૂચવ્યા મુજબ રૂા. ૧૯,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા (પચીસ) ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની વ્યવસ્થા કૉલેજ નજીક તરત કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. આચાર્ય માટે ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે અથવા ભથ્થું આપવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૪. ભવન્સ કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન,

વનસ્પતિવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો, તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનમાં અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; અને બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:

(૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,

(૨) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,

(૩) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, અને

(૪) ચાર લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે:

(ક) રસાયણવિજ્ઞાન માટે ૧,૫૦૦ ચો. ફૂટના ક્ષેત્રફળવાળી એક પ્રયોગશાળા ફિટિંગ તથા ફર્નિચર સહિત ઉભેરવામાં આવે;

(ખ) ભૌતિક રસાયણવિજ્ઞાન (Physical Chemistry) માટે લગભગ ૯૦૦ ચો. ફૂટ ક્ષેત્રફળવાળી એક પ્રયોગશાળા ફિટિંગ તથા ફર્નિચર સહિતની તૈયાર કરવામાં આવે;

(ગ) પ્રાણીવિજ્ઞાન માટે લગભગ ૧,૦૦૦ ચો. ફૂટ ક્ષેત્રફળવાળી એક પ્રયોગશાળા ફિટિંગ તથા ફર્નિચર સહિતની તૈયાર કરવામાં આવે;

(ઘ) ભૌતિકવિજ્ઞાન માટે લગભગ ૧,૦૦૦ ચો. ફૂટના ક્ષેત્રફળવાળી એક પ્રયોગશાળા, ફિટિંગ તથા ફર્નિચર સહિતની તૈયાર કરવામાં આવે;

(ચ) ૯૦૦ ચો. ફૂટના ક્ષેત્રફળવાળા બે ઓરડાઓ અને

(છ) હાલના [illegible] વધુ ક્ષેત્રફળવાળા મકાનમાં સગવડ કરીને ફેરવવામાં આવે;

૩. પ્રયોગશાળા [illegible] કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે:

(૧) ભૌતિકવિ[illegible] ... રૂા. ૩૦,૦૦૦

(૨) વનસ્પતિ[illegible] ... રૂા. ૩૦,૦૦૦

(૩) પ્રાણી[illegible] ... રૂા. ૧૫,૦૦૦;

૪. ઍટેનિકલ ગાર્ડનની વ્યવસ્થા કરવામાં આવે :

૫. ગ્રંથાલય માટે નીચે જણાવેલ ખર્ચ કરવામાં આવે;

(૧) ભૌતિકવિજ્ઞાન માટે	...	રૂા. ૨,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન માટે	...	રૂા. ૨,૦૦૦
(૩) પ્રાણીવિજ્ઞાન માટે	...	રૂા. ૧,૦૦૦
		કુલ રૂા. ૫,૦૦૦;

૬. ગ્રંથાલયને વધુ સમૃદ્ધ કરવા માટે પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૧૦,૦૦૦નો આવર્તક ખર્ચ ચાલુ વર્ષે કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે જો ૧,૫૦૦ ચો.ફૂટવાળી પ્રયોગશાળા તૈયાર ન થાય તો બી.વાય.બી.એસસી.ના ત્રણ વર્ગોની પરવાનગી ન આપવી.

૬૫. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી. (રૅ.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ તથા બી.એસસી.(રૅ.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૅ.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૅ.)માં ભૌતિકવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. કૉલેજના મકાનમાંની હાલની પ્રયોગશાળાઓનું ક્ષેત્રફળ વધારવા અને નાની બૅચમાં વિદ્યાર્થીઓને પ્રયોગ માટે હલનચલનની છૂટ રહે તેવી રીતે [illegible] કરવામાં આવે;

૩. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦[illegible] ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં ભૌતિકવિજ્ઞાનના વિષયનાં પુસ્તકો માટે રૂા. [illegible]૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો [illegible] ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, [illegible]ારી ભથ્થું અને ઘરભાડા-ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૬. (ક) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ તરફથી જૂન ૧૯૬૮થી બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવાના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

(ખ) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ તરફથી મજકૂર કૉલેજ સાથે જૂન ૧૯૬૮થી કાનૂની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ તરીકે બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિક-વિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૯ સુધી મળેલ જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટેના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું તથા કાયદાની વિદ્યાશાખા જોડી પ્રથમ વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટ ભલામણ કરતી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક,
(૨) પૂરા સમયના કાયદાના એક પ્રાધ્યાપક, અને
(૩) બંડ સમયના કાયદાના બે વ્યાખ્યાતા;

૨. કાયદાની વિદ્યાશાખાના ગ્રંથાલયમાટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે અને તેના ગૃહપતિને ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૬. કૉલેજના સંચાલનમાં જે ખોટ આવે તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૬૭. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.કૉમ.માં એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. છાત્રાલય માટે કૉલેજના પોતાના જ શિક્ષકને ગૃહપતિ તરીકે નીમવામાં આવે અને તેમને ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૮. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૮થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો, તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૯. શ્રી. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન ૧૯૬૮થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો, તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂક કરવામાં આવે :
એક પૂરા સમયના ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) શિક્ષકો માટેનો ખંડ,
(૨) વિદ્યાર્થીઓ માટેનો ખંડ, અને
(૩) પુસ્તકાલયમાં વાચન માટેનો ખંડ;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૪,૦૦૦નાં પુસ્તકો તથા રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૭૦. નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૮થી (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ, તથા (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા તથા (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદને દ્વિતીય વર્ષ ઍલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું મળેલ જોડાણ તે મુદ્દત સુધી ચાલુ રાખવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણમાં તમામ નિમણૂકો સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો, તેનું (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ, (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ,—એમ વિભાગીકરણ કરવા તથા (૧) નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ, તરીકે બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ, તથા (૨) નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ તરીકે દ્વિતીય ઍલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧. હાલની કૉલેજના મકાન સહિતની ઊભી કરાયેલ તમામ સગવડો અને સુવિધાઓ આ કૉલેજ માટે રાખવામાં આવે;

૨. ગ્રંથાલય માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને મોંઘવારી ભથ્થું આપવામાં આવે.

નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય, અને

(૨) હાલની કૉલેજના કાનૂની વિદ્યાશાખાના શિક્ષકગણ આ કૉલેજ માટે રાખવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ,

(૨) કાર્યાલય માટેનો ખંડ,

(૩) વિદ્યાર્થીઓ શિક્ષકોને મળી શકે તેવી વ્યવસ્થા સાથેનો શિક્ષકો માટેનો ખંડ,

(૪) કૉલેજની કુલ સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ મળી શકે તેવો વિદ્યાર્થીઓ માટેનો ખંડ,

(૫) સંલગ્ન સેનિટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓનો ખંડ,

(૬) જરૂરી વર્ગ ખંડો,

(૭) ગ્રંથાલય માટેનો ખંડ,

(૮) પાણી માટેનો ખંડ,

(૯) કૅન્ટીન માટેનો ખંડ;

૩. મે, ૧૯૭૧ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૭. આચાર્ય માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૭૧. મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ તરફથી મજકૂર કૉલેજ સાથે જૂન ૧૯૬૮થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી મોતીલાલ નહેરુ લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ, તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મોતીલાલ નેહરુ લૉ કૉલેજ, અમદાવાદના શિક્ષકગણમાં તમામ નિભણૂકો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને સેકન્ડ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ તથા વાણિજ્ય વિદ્યાશાખા જોડી પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) કાયદાની વિદ્યાશાખામાં નવા અભ્યાસક્રમને પરિણામે કાર્યબોજ વધે છે તેથી ખંડ સમયના બે વ્યાખ્યાતા,

(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા,

(૪) હિંદીના એક વ્યાખ્યાતા (ખંડ સમયના),

(૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા,

(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,

(૭) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા,

(૮) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા (ખંડ સમયના),

(૯) વ્યાયામશિક્ષક;

૨. ગ્રંથાલય માટે કૉમર્સની વિદ્યાશાખામાં કુલ રૂા. ૭,૦૦૦નો નીચે મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦

(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦

(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૩. કાયદાનાં પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલય માટે ન્યેગવાઈ કરવામાં આવે અને તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૫. રમતગમતના મેદાનનો પ્રબંધ કરવામાં આવે;

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘર-ભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૭૨. ધી અમદાવાદ ટેકસ્ટાઈલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૭થી રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય માટે ચાલુ માન્યતા મેળવવા તથા મનોવિજ્ઞાનમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય માટે વધારાની માન્યતા મેળવવા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ ટેક્સ્ટાઈલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદ, નીચે જણાવેલ શરતનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનમાં પીએચ.ડી. પદવીના સંશોધનકાર્ય માટેની તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીની માન્યતા ચાલુ રાખવા તથા મનોવિજ્ઞાનમાં પીએચ.ડી. પદવીના સંશોધન કાર્ય માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધી વધારાની માન્યતા આપવા આ વિષયોમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને દોરવણી આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

માન્ય શિક્ષકો હોય તે શરતે જ.

૭૩. સિન્ડિકેટે તેની તા. ૧૯-૮-૧૯૬૭ની સભામાં નીચે જણાવેલ બાબત એકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

"દરેક કૉલેજમાં વિનયન માટે ઓછામાં ઓછા ચાર મુખ્ય વિષયો તથા વિજ્ઞાન અને વાણિજ્ય માટે ઓછામાં ઓછા બે મુખ્ય વિષયો શીખવવાનો પ્રબંધ કરવાનું તેમને જણાવવું જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૪. દેખભાળ સમિતિની નીચે જણાવેલ ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૬ની સભાના ઠરાવથી એકૅડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને કાયદાની વિદ્યાશાખાઓ પૂરતી ડિગ્રી કક્ષાની એક એક કૉલેજ આદર્શ ધોરણ પર યુનિવર્સિટીએ અમદાવાદ શહેરમાં ચલાવવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૫. સેનેટની તા. ૨૮/૨૯/૩૦-૩-૧૯૬૭ની સભામાં થયેલ નીચેનું સૂચન સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૭-૯-૧૯૬૭ની સભાએ એકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"ટ્યુટોરિયલ પદ્ધતિ બરાબર ચાલતી નથી તેને સુધારવાના ઉપાયો વિચારવા જોઈએ અને ૪૦થી ૫૦ વિદ્યાર્થી-સંખ્યા ઘટાડવી જોઈએ. સેમિનાર પદ્ધતિનો પણ વ્યાપક ઉપયોગ કરવો જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૬. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૩-૧૦-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે (૧) તત્ત્વજ્ઞાન સાથે એમ.એ.માં બીજો વર્ગ મેળવનાર શિક્ષક, તથા (૨) ન્યાયશાસ્ત્રનો ખાસ વિષય લઈને સંસ્કૃત સાથે એમ.એ.માં બીજો વર્ગ મેળવનાર

શિક્ષકોને જૂન ૧૯૬૮થી તર્કશાસ્ત્રનું શિક્ષણકામ કરવા દેવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૭. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૩-૧૦-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ભાષાવિજ્ઞાનની અભ્યાસસમિતિ સ્થાપવા તથા તે અંગે ધારાધોરણોમાં ઘટતો ફેરફાર કરવા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને આ વિદ્યાશાખા ભલામણ કરે છે."
આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૮. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૩-૧૦-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વિનયન વિદ્યાશાખા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ભારતીય સંસ્કૃતિનો નવો અભ્યાસક્રમ શીખીને યોગ્ય લાયકાત ધરાવતા અધ્યાપકને ભારતનો પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ઇતિહાસ શીખવવા માટે લાયક ગણવા."
આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૯. આચાર્ય રો. ધીરુભાઈ ઠાકર તરફથી આવેલ નીચેના બે પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) જે અધ્યાપક બે વિષયો શીખવવાની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તો તે બે વિષયમાંથી એક જ વિષય ખાસ (Special) વિષય તરીકે શીખવી શકશે અને અન્ય વિષયનું શિક્ષણ ફક્ત ગૌણ કક્ષા સુધીનું આપી શકશે.

(2) The rule given on page 2 of the pamphlet "Minimum Qualifications for Teaching Appointments etc." with regard to the minimum qualification for teaching the World Religions at Pre-Uni. Arts Class be revised as under :

World Religions : M.A. with Ancient Indian Culture or Philosophy or ***History*** or Sanskrit or Persian or Arabic (The word 'History' is added in the rule.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૦. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૩-૧૦-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં વિનયન વિદ્યાશાખાના શિક્ષકોની નિમણૂક

અંગેનાં શૈક્ષણિક લાયકાતનાં ધોરણો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે પરદેશની યુનિવર્સિટીઓના સ્નાતકોની શૈક્ષણિક લાયકાત અંગે નીચેનો પ્રોવિઝો ઉમેરવો :

> Notwithstanding anything contained above, it shall be competent for the Syndicate to condone cases of teachers holding qualifications from Foreign Universities of repute to various teaching positions in the Colleges affiliated to this University on individual merits after consulting such experts as may be deemed necessary by the Vice-Chancellor."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૧. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૩-૧૦-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૧-૯-૧૯૬૭ની સભાની ભલામણ અનુસાર "ડિપ્લોમા-ઇન-એજ્યુકેશનલ ઍન્ડ વોકેશનલ ગાઇડન્સ"નો બે વર્ષનો (પાર્ટ-ટાઇમ) અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા આ વિદ્યાશાખા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૨. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૧-૯-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે બી.એડ.માં કન્ટેન્ટ કોર્સમાં દાખલ કરેલો હોવાથી પહેલું સત્ર ૧લી જૂનથી શરૂ કરવું અને બીજું સત્ર ૩૧ માર્ચ સુધી રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૩. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૧-૯-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી. પછી વિજ્ઞાનના શિક્ષણ માટે એમ.એસસી.એડ.ની બે વર્ષના અભ્યાસક્રમની ડિગ્રી સ્થાપવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૪. અખિલ ભારતીય સંસ્કૃત સાહિત્ય સંમેલનના ઠરાવો અંગે વિનયન વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૬૭ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત:

સંમેલનના ઠરાવો

(ક) This Convention recommends the Government of India, University Grants Commission, the State Government and the Universities to employ Acharyas on all those posts where M.A. with Sanskrit can be employed that means the degree of Acharya may be declared equivalent to the M.A.(Sanskrit) for Lecturership, etc., in Sanskrit.

(ખ) This Convention requests University Grants Commission and the State Public Service Commissions to give the B.A. level status to Modern Shastris and admit them to the M.A. classes (Sanskrit) and to all competitive examinations wherein the Graduates allowed.

(ગ) This Convention recommends the University Grants Commission and all the Universities to open oriental faculties as is already done by Punjab University and Banaras Hindu University.

વિનયન વિદ્યાશાખાની ભલામણો

(ક) "ક"માં જણાવેલી ભલામણ સ્વીકારવી નહિ તેમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(ખ) "ખ"માં જણાવેલી બાબત અંગે વિચારણા કરી નીચે મુજબ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે :

ભારતીય કાયદેસર સ્થપાયેલ (Statutory) યુનિવર્સિટીઓ તથા યુ.જી.સી. માન્ય (deemed) યુનિવર્સિટીઓ કે સ્ટેચ્યુટરી બોર્ડની શાસ્ત્રી અથવા આચાર્યની પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને એસ.એસ.સી. અથવા સમકક્ષ પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીમાં એમ.એ. સંસ્કૃતની પરીક્ષામાં દાખલ થવા પરવાનગી આપવી. આ વિદ્યાર્થીઓ ગૌણ વિષય તરીકે ભારતીય ભાષા રાખી શકશે."

(ગ) "ગ"માં જણાવેલી ભલામણ સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૫. એમ.એ.ના ભૂગોળ વિષયમાં ડિઝર્ટેશનની પરીક્ષા લેવાય ત્યારે તે અંગેની ઓછામાં ઓછી ૫૦ ગુણની મૌખિક પરીક્ષા રાખવા તથા બાકીના ગુણ વિદ્યાર્થીને તેના ડિઝર્ટેશનના લખાણમાંથી આપવા વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૩૧-૮-૧૯૬૭ની સભાએ ભલામણ કરી હોઈ, તે અંગેનો સંબંધકર્તા રેગ્યુ. એમ.એ.-૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

R. M.A.-7 (M.A./M.Sc. Geography)

Dissertation	: 100 marks
Oral	: 50 marks
	150 marks.

Or

Practical & Field Work : 150 marks.

The student shall either write a dissertation or do practicals and Field work (3 Practicals of 50 marks).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૬. વિનયન વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ડિરેક્ટર ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી આવેલ શ્રી. સાદિકઅલીના અધ્યક્ષપણા નીચે મળેલી સમિતિના નીચેના સૂચનને આ વિદ્યાશાખા સામાન્ય સંમતિ આપે છે અને તે અંગે આગળ ઘટતાં પગલાં લેવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે :

At the meeting of the Sub-committee for Gandhi Museums held under the chairmanship of Shri Sadiq Ali it was felt that idea of Gandhi Corners should be pursued more at the school, college and municipality levels and that Gandhi Museums be linked up with the educational institutions and activities so that they are instrumental in propagation the teachings of Gandhiji specially among the students and youth. The need for presenting Gandhiji's teaching efforts should be made to present not merely Gandhiji as a person, but his technique and method as a leader of the Freedom Movement."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૭. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની નીચે દર્શાવેલ ભલામણ પર વિનયન વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૬૭ની સભાના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

મનોવિજ્ઞાન અભ્યાસસમિતિની ભલામણ

"Resolved to recommend that at the Second B.A. and Third B.A. in Experimental Psychology paper, as there are two parts—Part I: Theory including Statistics; and Part II: Practicals for each Part—two periods for week should be assigned."

વિનયન વિદ્યાશાખાનો અભિપ્રાય

"મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૪-૧-૧૯૬૭ની સભાની ભલામણ અંગે કંઈ કરવાની જરૂર આ વિદ્યાશાખાને લાગતી નથી તેમ સિન્ડિકેટને જણાવવું. વધુમાં ઠરાવવામાં આવે છે કે હાલ જે વ્યવસ્થા છે તે ચાલુ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૮. તૃતીય વર્ષ બી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી બીજા કોઈ વિષય સાથે અભ્યાસ કરવો હોય તો ફરજિયાત વિષયોમાં મુક્તિ રાખવા દેવાની વિનયન વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૬૭ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૯. વિનયન વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૬૭ની સભાના નીચેના અભિપ્રાય ઉપર વિચારણા કરવા બાબત :

"વિનયન વિદ્યાશાખાની પરીક્ષાઓનાં પરિણામોમાં વર્ગ નક્કી કરવામાં અંગ્રેજીના ગુણની ગણતરી કરવી નહિ તેમ આ વિદ્યાશાખાનો અભિપ્રાય છે, તેમ એકૅડેમિક કાઉન્સિલને જાણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૦. પ્રી-યુનિ. આર્ટ્સમાં ભારતીય લલિતકળાનો વિકાસ(Outline of the Indian Fine Arts)નો વૈકલ્પિક વિષય હાલ દાખલ કરવાની જરૂર નથી એવા, વિનયન વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૬૭ની સભાના અભિપ્રાય ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ભારતીય લલિતકળાનો વિકાસ એ વિષય વૈકલ્પિક વિષય તરીકે દાખલ કરવા માટેની શક્યતા તપાસવા જેવી જણાય છે તેવા સૂચન સાથે એકૅડેમિક કાઉન્સિલે વિનયન વિદ્યાશાખાને મજકૂર બાબત વિચારણા માટે મોકલ્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૧. વિનયન વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૬૭ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) "આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી. જૂના અભ્યાસક્રમ પ્રમાણે અથવા ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમની બી.એસસી.ની પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને સેકન્ડ બી.એ.માં હોમ સાયન્સ વિષય લઈને અભ્યાસક્રમમાં દાખલ થવાની છૂટ આપવી. આ વિદ્યાર્થીઓ સેકન્ડ બી.એ.ના ફરજિયાત અંગ્રેજી તથા જનરલ એજ્યુકેશન વિષયમાં તથા થર્ડ બી.એ.ની ફરજિયાત અંગ્રેજી વિષયની પરીક્ષામાં મુક્તિ રાખી શકશે. આ અંગેની જોગવાઈ ઑર્ડિ. આર્ટ્સ-૧માં ઉપર બાબત ક્રમાંક ૩ના પરિશિષ્ટમાં કરવામાં આવી છે તે સ્વીકારવા ભલામણ છે.

અને

(૨) આથી ઠરાવવામાં આવે છે કે બી.એ.ના જૂના અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષા પાસ કરેલા વિદ્યાર્થીઓ ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમના બીજા વર્ષમાં જોડાઈ શકે તેવી જોગવાઈ કરવી અને આ વિદ્યાર્થીઓને સેકન્ડ બી.એ.ના ફરજિયાત અંગ્રેજી વિષય તથા જનરલ એજ્યુકેશનનાં પ્રશ્નપત્રોમાં તથા થર્ડ બી.એ.ના ફરજિયાત અંગ્રેજી વિષયના પ્રશ્નપત્રમાં પાસ થવાની આવશ્યકતા ના રાખવી. આ અંગેનાં જોગવાઈ કરી ઑર્ડિ. આર્ટ્સ-૧-એ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. પત્રકારત્વની અભ્યાસસમિતિની તા. ૨૦-૬-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

(૧) "પત્રકારત્વનો 'ફુલ-ટાઇમ' સુગ્રથિત અભ્યાસક્રમ બનાવવામાં આવે અને તે યુનિવર્સિટીમાં શિખવાડવામાં આવે.

(૨) આ અભ્યાસસમિતિ એમ માને છે કે પત્રકારત્વનો ફુલ-ટાઇમ અભ્યાસક્રમ ચલાવવા માટે જો એક સંસ્થા (કૉલેજ) ચલાવવી પડે તો તે અંગે યુનિવર્સિટી ઘટતાં પગલાં લે અને તેવી કૉલેજને યુનિવર્સિટી સંલગ્ન કૉલેજ તરીકે માન્યતા આપે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૩. ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૫-૬-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"એમ.એ. અને એમ.એસસી., ભાગ ૨ના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. એમ.એ.-૮ તથા રેગ્યુ. એમ.એસસી.-૬માં જણાવેલ મૅથેમેટિક્સ વિષયનાં સ્પેશિયલ પેપરો, દરેક ૧૦૦ ગુણના રાખવા અને ૧૦૦ ગુણની મૌખિક પરીક્ષા રાખવી અને તે માટે સંબંધકર્તા ભાગ નીચે મુજબ સુધારવો અને સુધારેલા રેગ્યુલેશનો જૂન ૧૯૬૮થી એટલે કે માર્ચ-એપ્રિલ ૧૯૬૯ની પરીક્ષાથી અમલમાં લાવવા:

(*b*) Special course will consist of two papers covering 200 marks (each paper carrying 100 marks).

(*c*) There will be a viva-voce examination of 100 marks to test the familiarity of the candidate with basic concepts of Mathematics.

The headings of the various papers indicating the subject-matter will be as under:

(The details remain unchanged.)"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૪. ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૫-૯-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"The Report of the Committee appointed by the Syndicate was considered by the Board of Studies in Mathematics.

The Board is in full agreement with the views expressed by the Committee in its report Part I. The Board further recommends to the Academic Council and other authorities of the University to take necessary steps to implement the recommendations annexed hereto of the Committee."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૫. સિંધીની ઑડ-હૉક સમિતિની તા. ૧૮-૧૦-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"થર્ડ બી.એ.ની ૧૯૬૯ના વર્ષમાં લેવાનારી સિંધી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૧૦નો અભ્યાસક્રમ નીચે મુજબ રાખવા તથા તે અંગેનો સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ-૧૨(૫) સુધારી જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા ભલામણ છે :

R. Arts 12(5) (Sindhi) :

Paper X (General Composition and Essay) :

1. Essay	..	20 marks
2. Grammar	..	15 marks
3. Figures of speech and prosody	..	15 marks
4. Translation into the langauge	..	10 marks
5. Precis-writing	..	10 marks."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૬. સિંધીની ઑડ-હૉક સમિતિની તા. ૧૮-૧૦-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"સિંધીની આ ઑડ-હૉક સમિતિ યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૂન ૧૯૬૮થી યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં એમ.એ. સિંધીનાં બે (સબ્સિડિયરી) પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ શીખવવાની જોગવાઈ કરવા ઘટતું કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૭. ફ્રેન્ચ-જર્મનની અભ્યાસસમિતિની તા. ૧૦-૧૦-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વિનયનના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨માં ક્લાસિકલ લેંગ્વેજ તરીકે જર્મનનો નીચે મુજબનો અભ્યાસક્રમ નિયત કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

(*a*) Selections of Prose and Poetry	.. 55	marks
(*b*) Unseen passages from German to English and vice-versa	.. 10	marks
(*c*) Grammar	.. 5	marks
(*d*) Internal Evaluation	.. 30	marks."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૮. હેડમાસ્તરોના મતદાર વિભાગમાંથી ગુજરાત યુનિવર્સિટીની સેનેટ પર ચૂંટાયેલ શ્રી. બાબુલાલ મોહનલાલ જાનીને કોઈ એક વિદ્યાશાખાનું સભ્યપદ આપવા બાબત.

(નોંધ.—શ્રી. જાનીએ શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાનું સભ્યપદ માગેલ છે. **)**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૯. રૂ. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે તેની નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવાની કીટાણુવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ (પત્રવ્યવહારથી ઉપલબ્ધ થયેથી) ઉપર વિચારણા કરવા બાબત:

Name of the candidate	*Subject*	*Degree*	*External Referee*	*Referees*
Shri A. B. Gandhi	"Micro-biology" "Rhizosphere Studies"	Ph.D.	Dr. M. V. Desai, (In place of the late Dr. M. K. Patel)	1. Dr. Charles Cardner Shaw, Dept. of Plant Pathology, State College of Washington, Pullman, Wash. U.S.A. 2. Dr. Chester R. Benjamin, Plant Industry Station, Beltsville, Meraland, U.S.A.

Name of the candidate	*Subject*	*Degree*	*External Referee*	*Referees*
				Referees for viva-voce 1. Dr. M. J. Thirumalachar, Hindustan Antabiotics Ltd., Pimpri, Poona-18. 2. Dr. P. N. Patel, Head, Dept. of Plant Pathology, College of Agriculture, Jobner (Rajasthan).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવા તથા તે અનુસાર રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦૦. પ્રિ. કે. બી. વ્યાસે ડિ.લિટ. પદવી માટે રજૂ કરેલ પ્રસિદ્ધ કાર્ય તપાસવા નિમાયેલ રેફરીઓ સર્વશ્રી આલ્ફ્રેડ માસ્ટર, એસ. એમ. કચરે તથા જિનવિજયજીનો વ્યક્તિગત રિપોર્ટ આવ્યો છે તે પરત્વે ઓ. ૩૩૦ના સંદર્ભમાં મજકૂર કાર્યને ડિ.લિટ. પદવી માટે સ્વીકારવું કે કેમ તે અંગેની સિન્ડિકેટને ઘટતી ભલામણ કરવા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૧. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૯-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. રેગ્યુ. ૧ હેઠળ નીચે મુજબની નોંધ ઉમેરવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી :

Explanation.—It is clarified that those of a candidate who has passed the B.A. (Degree) Examination of this University or any Examination recognised as equivalent thereto in pass class may, English (Compulsory) being one of their subjects, be permitted to offer as English as his subject or as one of his subjects irrespective of the subjects offered by him at a previous Examination."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૯-૧૯૬૭ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ, માન્ય સંસ્થા કે યુનિવર્સિટીનાં ભવન કે જ્યાં અનુસ્નાતક શિક્ષણને લગતું કાર્ય થતું હોય તેમાં અગર અનુસ્નાતક પ્રાયોગિક કામ થતું હોય તેમાં ભાગ લેતા હોય અને યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર લેક્ચરર તરીકેની નિમણૂક પાત્ર હોય તેવા ડેમોન્સ્ટ્રેટર-ટ્યૂટરને તે પૂરતો કક્ષાનો અનુભવ ઑર્ડિ. ૬૫-એમ અનુસાર પૂરતા શૈક્ષણિક અનુભવ તરીકે ગણી મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગે તથા તેને અનુલક્ષીને ઑર્ડિ. ૬૫-એમ હેઠળ નીચે મુજબનો એક પ્રોવિઝો ઉમેરવા માટે એકેડેમિક કાઉન્સિલ મારફતે સિન્ડિકેટને ભલામણ કરવી :

Notwithstanding anything contained in the above rules, the Demonstrators/Tutors possessing the necessary qualifications of a Lecturer and working at the Post-graduate level either at a University Department or at a Post-graduate centre or at a recognised institution where the post-graduate centre is instituted and possessing the necessary teaching or the laboratory experience as laid down in O. 65-M shall be recognised as an Assistant to a post-graduate teacher in the subject concerned."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૯-૧૯૬૭ની સભાની ભલામણ અનુસાર મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવાની બાબતમાં ઑર્ડિ. ૬૫-એમ હેઠળ નોંધ (*iii*) હેઠળ (*iii a*) તરીકે નીચેની નોંધ ઉમેરવા વિચારણા કરવા બાબત :

"*Note.*— For granting recognition for teaching of the subjects comprised under the Faculty of Medicine, teaching experience either as Tutor or Demonstrator, as the case may be, shall be counted towards teaching experience required under the above Ordinance."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૪. ઑ. ૭૧ મુજબ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર તથા એમ.એસ. યુનિવર્સિટી, વડોદરામાં વિદ્યાર્થીએ રાખેલ સત્રો માન્ય રાખવામાં આવે છે. હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમ જ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અમલમાં આવતાં તે યુનિવર્સિટીમાં વિદ્યાર્થીએ રાખેલાં સત્રો પણ માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત તથા તે અનુસાર ઑર્ડિ. ૭૧માં ઘટતો ફેરફાર કરવા બાબત.

ઑર્ડિ. ૭૧ હવે નીચે મુજબ વંચાશે :

O. 71 :

The term or terms kept by any student migrating from the M. S. University of Baroda, Sardar Patel University, Vallabhvidya-

nagar, Saurashtra University, Rajkot, and South Gujarat University, Surat, in the State of Gujarat shall be recognised permanently for the purposes of keeping terms for appearing at any examination of this University, provided that he keeps at least one term immediately preceding the examination in this University and provided further that he has not utilised the terms kept by him at any of the Universities mentioned above for appearing at its examination and has become an ex-student of that University. This benefit shall not apply to a student migrating from any of the abovementioned Universities which does not grant the similar privilege to a student of this University :

Provided further that if any of the Universities in the State of Maharashtra recognises the term or terms kept by students at this University, the term or terms kept by a student at that University shall be recognised on a reciprocal basis.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૫. એલએલ.એમ. પદવી પરીક્ષા માટે જૂના અભ્યાસક્રમ મુજબ ભરેલ એક કે વધુ સત્રો મંજૂર થયાં હોય અને જૂના અભ્યાસક્રમની પરીક્ષા પાસ ન કરી હોય તો તે સત્રોને આધારે નવા અભ્યાસક્રમની એલએલ.એમ., પાર્ટ ૧ અને પાર્ટ ૨ની પરીક્ષામાં બેસવા દેવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૬. સ્કોલરશિપ અને રિસર્ચ સ્કોલરશિપ અંગેની સમિતિની તા. ૭-૧૧-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે હાલમાં યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી ૨૦ સંશોધન શિષ્યવૃત્તિઓ પૈકી ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાન વિદ્યાભવનમાંથી નોંધાતા વિદ્યાર્થીઓ પૂરતી જ અનામત રાખવામાં આવી છે તેને બદલે તે ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાન વિદ્યાભવનમાં પીએચ.ડી. પદવી માટે નોંધાતા તમામ વિદ્યાર્થીઓને માટે વિસ્તારવી જ્યારે બાકીની ૮ શિષ્યવૃત્તિઓ હાલ છે તેમ જ બધી જ વિદ્યાશાખામાંથી પીએચ.ડી. પદવી માટે નોંધાતા વિદ્યાર્થીઓ માટે રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૯-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઓર્ડિ. ૩૧૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 314 :

(1) A candidate for the degree of Ph.D. must have worked for at least four terms after qualifying himself for the Master's Degree in the faculty concerned under the guidance of a University teacher duly recognised for guiding research for Ph.D. Degree, provided that for Medical graduates possessing M.D. or M.S. or M.Sc. (Med.) Degree, the period shall be one academic or calendar year.

(2) It shall not be obligatory for a candidate registered for the Ph D. Degree to reside in the same town where his teacher resides or works, unless the research work of the candidate concerned involves laboratory and/or field work, provided that in the research work involving no laboratory and/or field work the candidate concerned will be required to keep in close touch with his teacher and have personal discussions with him on his research problem at least twice in a term.

(3) Notwithstanding anything contained in the foregoing provisions it shall be competent for the Board of University Teaching to permit a candidate for the Ph.D. Degree working as a teacher in an affiliated college or a recognised institution or a University Department to do his research work for the Ph.D. Degree at his own College or Institution or Department, as the case may be, even if his research guide does not stay or work in the same town, provided that the Board is satisfied that suitable laboratory facilities are made available to the candidate where he is working, on a clear understanding that the candidate concerned will seek periodical guidance in person as may be deemed necessary by his guide."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૮. ઓર્ડિ. ૭૫ સુધારવાના સંદર્ભમાં સિન્ડિકેટની તા. ૧૯-૮-૧૯૬૭ની સભાએ કરેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

" ...વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં રત્નગિરી(તહેસીલ તથા નાતાલની રત્નગિરી

સહિત)ના દિવસો કેટલા ઓછા થઈ શકે તે અંગે ઘટતી વિચારણા કરવા માટે અૅકૅડેમિક કાઉન્સિલને સૂચવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૯. તબીબી વિદ્યાશાખાના પ્રી-ક્લિનિકલ વિષયોની અભ્યાસસમિતિની તા. ૧૪-૯-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.ડી., બ્રાન્ચ ૪(ફાર્માકોલોજી)ના સૂચિત અભ્યાસક્રમ ઉપર વિચારણા કરી ઠરાવવામાં આવે છે કે એમ.ડી., બ્રાન્ચ ૪(ફાર્માકોલોજી)નો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા તે પ્રમાણે રેગ્યુ. ૧૮૫નો સંબંધકર્તા ભાગ સુધારવા અૅકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૦. તબીબી વિદ્યાશાખાના પ્રી-ક્લિનિકલ વિષયોની અભ્યાસસમિતિની તા. ૧૪-૯-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"સેકન્ડ એમ.બી.,બી.એસ.ના ફોરેન્સિક મેડિસિન તથા ફાર્માકોલોજી વિષયના સૂચિત અભ્યાસક્રમ ઉપર વિચારણા કરી ઠરાવવામાં આવે છે કે સેકન્ડ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. ૧૭૪માં આવતા 'ફોરેન્સિક મેડિસિન' અને 'ફાર્માકોલોજી' વિષયના અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા સુધારેલો રેગ્યુ. ૧૭૪ જૂન ૧૯૬૮થી સેકન્ડ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમમાં દાખલ થતા વિદ્યાર્થીઓને લાગુ પાડવા અૅકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૧. ઔષધશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૫-૯-૧૯૬૭ની સભાની ભલામણ પ્રમાણે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય માટેનો મહાનિબંધ તપાસવા નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	એકસ્ટર્નલ રેફરી
Shri T. P. Gandhi	"Pharmacological evaluation of a new series of Sulphonylurea derivative with special reference to their Hypoglycaemic and antidia-betic properties"	Dr. M. N. Jindal	1. Dr. Berndt S. Joberg, Research Director, Aktiebol Aget Astra Sodertalget Swedan. 2. Dr. Med. Wendel, Von Orelli Sandoz Ltd., Basle (Switzerland)

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરી
			For viva-voce 1. Dr. B. C. Bose, C/o. Department of Pharmacology, M.G.M. Medical College, Indore 2. Dr. C. L. Malhotra, Professor of Pharmacology, Lady Harding Medical College, New Delhi.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ભલામણો મંજૂર કરવા તથા તે અનુસાર રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧૨. નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધો તપાસવા રેફરીઓની નિમણૂક અંગે ભૌતિકવિજ્ઞાનની અભ્યાસ-સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	એક્સટર્નલ રેફરી
૧.	શ્રી. એ. એસ. ધનજુ	"સ્ટડીઝ ઇન શૉર્ટ પિરિયડ વેરિયેશન્સ ઓફ કૉસ્મિક-રે ઇન્ટેન્સિટી"	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	1. Prof. J. A. Simpson, Enrico Fermi Institute, University of Chicago, Chicago, Illinois (U.S.A.) 2. Prof. George Clark, Laboratory for Nuclear Science, Massachusetts Inst. of Technology, Cambridge, Mass (U.S.A.) *For viva-voce* 1. Prof. M. G. K. Menon, Director, Tata Institute of Fundamental Research, Colaba, Bombay-5

વિદ્યાર્થીનું નામ	વિષય	ઈન્ટરનલ રેફરી	એક્સટર્નલ રેફરી
			2. Prof. R. R. Daniel, Tata Institute of Fundamental Research, Colaba, Bombay
૨. શ્રી. વી એસ. જોશી	સ્ટડીઝ ઑન સમ "મિકેનિકલ પ્રોપર્ટીઝ ઑફ સ્વેલન એન્ડ સ્ટેન્ડ કોટન ફાઇબર્સ"	શ્રી. ટી. રાધાકૃિષ્ણન	1. Prof. J. W. S. Hearle, Manchester College of Science & Technology, Manchester, U.K. *or* 2. Prof. R. Meredith, University of Glasgo, Scotland *or* 3. Dr. Helmot R., Wekeham, Vice-President, Philips Morris, Rechmond, Virginia
			For viva-voce
			1. Prof. S. Chandrasekhar, Head of the Department Physics, University of Mysore, Mysore
			2. Prof. S. Ramaseshan, National Aeronautical Laboratory, Bangalore–17

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ભલામણો મંજૂર કરવા તથા તે અનુસાર રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧૩. સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં ઠરાવ્યા અનુસાર કાર્યાલયે સંલગ્ન કૉલેજો માટે તૈયાર કરેલ કેન્દ્રીય ગ્રંથાલય અંગેના નિયમોનો મુસદ્દો સિન્ડિકેટે તેની તા. ૨૮-૧૨-૧૯૬૭ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૪. ભૌતિકશાસ્ત્રની અભ્યાસસમિતિએ તેની તા. ૨૬-૯-૧૯૬૭ની સભામાં કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે કે દ્વિતીય વર્ષ બી.એસસી. અને તૃતીય વર્ષ બી.એસસી.નાં પ્રશ્નપત્રોમાં દાખલાઓનો અભાવ જોવામાં આવે છે. આથી ભલામણ કે બી.એસસી. સુધીની કક્ષાના ફિઝિકસનાં પ્રશ્નપત્રોમાં ઓછામાં ઓછા ૨૫ ટકા ગુણ જેટલા દાખલાઓ પૂછવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૫. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિએ તેની તા. ૨૭-૯-૧૯૬૭ની સભામાં કરેલ નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., ભાગ ૧ (Reg. M.A. 5)માં '(2) Industrial Economics' પેપરમાંથી 'Community Development and Rural Extension 'થી શરૂ કરીને 'Five-year Plans' સુધીના મુદ્દાઓ અભ્યાસક્રમમાંથી રદ કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૬. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિએ તેની તા. ૨૬-૯-૧૯૬૭ની સભામાં કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે કે પ્રી-યુનિવર્સિટી ફિઝિકસનો નવો અભ્યાસક્રમ ૧૯૬૮ના જૂનથી અમલી બનાવવાને બદલે તેને ૧૯૬૯ના જૂનથી અમલમાં લાવવો."

(નોંધ—મજકૂર અભ્યાસક્રમ તા. ૪/૫-૩-૧૯૬૭ની સિન્ડિકેટે ૧૯૬૮ના જૂનથી અમલી બનાવવા અંગે ઠરાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૭. સંસ્કૃત અને પ્રાકૃત-પાલિની તા. ૪-૧૨-૧૯૬૭ના રોજ મળેલ સંયુક્ત સભાના નીચેના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત :

ઠરાવ ૧ : "સંસ્કૃત અને પ્રાકૃત અભ્યાસસમિતિઓની આ સંયુક્ત સભા ઠરાવે છે કે અન્ય યુનિવર્સિટીઓની જેમ ગુજરાત યુનિવર્સિટીમાં (૧) સંસ્કૃત, (૨) પ્રાકૃત અને જૈન અધ્યયન, (૩) પાલિ અને બૌદ્ધ અધ્યયન—એમ ત્રણ માટે સ્વતંત્ર વિભાગો હોવા જરૂરી છે."

ઠરાવ ૨ : "આ સંયુક્ત સભા આ વિષયમાં સંમત છે કે સંસ્કૃત, પ્રાકૃત અને પાલિ એ ત્રણેના સુગ્રથિત અભ્યાસક્રમની યોજના વહેલી તકે કરવામાં આવે અને એ માટે આ સભા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે આ વિષયમાં સત્વરે ઘટતું કરે."

ઠરાવ ૩ : "સંસ્કૃતના અભ્યાસક્રમોમાં વિવિધ કક્ષાએ નિયત કરેલા નાટક વગેરેમાં પ્રાકૃતના મૂળ પાઠો જળવાયેલા હોય તે ઇષ્ટ છે. મૂળ પાઠ છાપ્યા વિનાનાં અધૂરાં પુસ્તકોનો વપરાશ ન થાય તે જોવા યુનિવર્સિટીને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૮. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી સેકન્ડ બી.કૉમ.ના અંગ્રેજી વિષયની પરીક્ષા માટે નિયત કરવામાં આવેલ "*Ideals and Values—Macmillan*" પાઠ્યપુસ્તકમાંથી "*Planning by Oskar Lange*" પૅસેજ અભ્યાસક્રમમાંથી ૨૬ કર્યાના;

(૨) ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી જુનિયર અને સિનિયર સર્ટિફિકેટ અભ્યાસક્રમના અંગ્રેજી વિષયની પરીક્ષા માટે અગાઉ નિયત કરેલાં પાઠ્યપુસ્તકોને બદલે નીચે જણાવેલાં પાઠ્યપુસ્તકો અભ્યાસક્રમ માટે નિયત કર્યાના :

Junior Certificate Course in English (1968) Examination

Paper I : 'The Living Structures'—Allen.

Paper II : 'The Strange Case of Dr. Jekyll & Hyde' (Simplified)—Stevenson (Longmans)
'Adventures in English'—Dave and Pancholi.

Senior Certificate Course in English (1968) Examination

Paper II : 'The English We use Close'.
(Omit last section on Literary criticism.)

(૩) ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી એમ.એ, પાર્ટ ૨ની અંગ્રેજી વિષયની પરીક્ષાના Paper VII (Literary Criticism) માટે નીચે મુજબના નિબંધો અભ્યાસક્રમ માટે નિયત કર્યાના :

English—Paper VII (Literary Criticism)

The following critical writings (all of which are included in *English Critical Texts*, edited by D. J. Enright Erust De Chickera (Oxford University Press) are prescribed for study :

1. Philip Sidney : 'An Apology for Poetry'
2. John Dryden : 'An Essay of Dramatic Poetry'
3. Samuel Johnson : 'Preface to Shakespeare'
4. William Wordsworth : 'Preface to Lyrical Ballads'
5. S. T. Coleridge : 'Biographia Literaria', Chapters XIV, XVII
6. Matthew Arnold : 'The Study of Poetry'
7. D. H. Lawrence : 'Why the Novel Matters'
8. J. S. Eliot : 'Tradition and the Individual Talent'
9. J. S. Eliot : 'The Metaphysical Poets'
10. F. R. Leauis : 'Keats';

(૪) ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી મેક-ડ બી.એ.ની ગુજરાતી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૪માં નિયત કરવામાં આવેલ "લોકસાહિત્યનું સમાલોચન" અપ્રાપ્ય હોવાથી તેના વિકલ્પે 'સૌરાષ્ટ્રની રસધાર', ભાગ ૩ અભ્યાસક્રમ માટે નિયત કર્યાના;

(૫) થર્ડ બી.એ. ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૭, ગુજરાતી ભાષાનો વિકાસ, મુદ્દો ૧, લીટી ૨માં "અશ્લિષ્ટ" શબ્દને બદલે "પ્રશ્લિષ્ટ" સુધાર્યાના;

(૬) થર્ડ બી.એ.ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી મનોવિજ્ઞાન વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૭ના અભ્યાસક્રમમાંથી નીચે મુજબનો મુદ્દો નં. ૧૪ રદ કર્યાના :

(14. Physiological Basis of Behaviour.. .. ..drugs and Personality);

(૭) પ્રી-યુનિવર્સિટી વિનયનના "વર્લ્ડ રિલિજિયન્સ"ના અભ્યાસક્રમના મુદ્દા નં. ૧માં "Religion of Life" ને બદલે "Religion and Life" અને "Religion of Contemporary Thought"ને બદલે "Religion and Contemporary Thoughts" સુધાર્યાના;

(૮) નોંધાયેલા સ્નાતકોની મતદારયાદીઓ તા. ૩૧-૧૨-૧૯૬૭ના રોજ રૂટે. ૪(૬)એ મુજબ પ્રસિદ્ધ કરવા માટે રિ-રજિસ્ટ્રેશન ફૉર્મ અને ફી સ્વીકારવાની છેલ્લી તારીખ રૂટે. ૪(૧૦) પ્રમાણે તા. ૧૫-૧૨-૧૯૬૭ હતી, પણ કાર્યાલયના હેડકલાર્કો અને તેની નીચેની કક્ષાના લગભગ તમામ કર્મચારીઓની સામુદાયિક ગેરહાજરીને કારણે આ ફૉર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૨૦-૧૨-૧૯૬૭ની રાખ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૧૯. ઇજનેરી વિદ્યાશાખાના અધ્યક્ષ તરફથી તા. ૧૧-૧-૧૯૬૮ના પત્રથી આવેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

૧. પાંચ વર્ષનો સુગ્રથિત કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી (B.Ch.E.) અભ્યાસક્રમ સ્થાપવા બાબત.

૨. બી.એસસી. પછીનો ત્રણ વર્ષનો કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી (B.Tech.Ch.E.) અભ્યાસક્રમ સ્થાપવા બાબત.

(નોંધ.—(૧)નો પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ બી.ઈ. (સી.,એમ.,ઈ.) રૂટે મુજબ રહેશે. (૨)નો પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ તૈયાર છે જ્યારે તે અંગેનાં ધારાધોરણો તથા શિક્ષકોની લાયકાતનાં ધોરણો ઘડવાનાં રહેશે.)

૧. આથી ઠરાવવામાં આવે છે કે પાંચ વર્ષનો સુગ્રથિત કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી (B.Ch.E.) અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે બી.એસ.સી. પછીનો ત્રણ વર્ષનો કેમિકલ એન્જિનિયરિંગનો ડિગ્રી (B.Tech.Ch.E.)નો અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે કેમિકલ એન્જિનિયરિંગના ડિગ્રી (B.Ch.E.) માટેના પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ બી.ઈ. (સી.,એમ.,ઈ.) ફર્સ્ટ મુજબ રાખવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમો માટે શિક્ષકોની લાયકાતનાં ધોરણો નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨૦. નીચે જણાવેલી અભ્યાસસમિતિઓએ તેમનાં નામ સામે જણાવેલ પરીક્ષાઓ માટે ભલામણ કરેલાં પાઠયપુસ્તકો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	અભ્યાસસમિતિનું નામ	પરીક્ષાઓ
૧. (અ) તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ના રોજ મળેલી સને ૧૯૬૮ની પ્રથમ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

(બ) તા. ૧/૨-૨-૧૯૬૮ના રોજ મળેલી સને ૧૯૬૮ની દ્વિતીય સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

(અ) તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ના રોજ મળેલી સને ૧૯૬૮ની પ્રથમ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

(બ) તા. ૧/૨-૨-૧૯૬૮ના રોજ મળેલી સને ૧૯૬૮ની દ્વિતીય સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. (અ) શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના શિક્ષકોની શૈક્ષણિક લાયકાતનાં ધોરણો સુધારવા અંગે શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૩-૧૦-૧૯૬૭ની સભાની વિવિધ ભલામણો પર વિચારણા કરવા બાબત.

(૧) "આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં વિનયન વિદ્યાશાખાના શિક્ષકોની નિમણૂક અંગેનાં શૈક્ષણિક લાયકાતનાં ધોરણો આ સાથે આપેલા પરિશિષ્ટ "ક" મુજબ સુધારવા એકૅડેમિક કાઉન્સલને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે પરદેશની યુનિવર્સિટીના સ્નાતકોની શૈક્ષણિક લાયકાત અંગે નીચેનું પ્રોવિઝન ઉમેરવું :

Notwithstanding anything contained above, it shall be competent for the Syndicate to condone cases of teachers holding qualifications from Foreign Universities of repute to various teaching positions in the colleges affiliated to this University on

individual merits after consulting such experts as may be deemed necessary by the Vice-Chancellor."

(૨) "આથી ઠરાવવામાં આવે છે કે (અ) તત્ત્વજ્ઞાન સાથે એમ.એ.માં બીજો વર્ગ મેળવનાર શિક્ષક, તથા (બ) ન્યાયશાસ્ત્રનો ખાસ વિષય લઈને સંસ્કૃત સાથે એમ.એ.માં બીજો વર્ગ મેળવનાર શિક્ષકોને જૂન ૧૯૬૮થી તર્કશાસ્ત્રનું શિક્ષણકામ કરવા દેવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

(૩) "વિનયન વિદ્યાશાખા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ભારતીય સંસ્કૃતિનો નવો અભ્યાસક્રમ શીખીને યોગ્ય લાયકાત ધરાવતા અધ્યાપકોને ભારતનો પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ઇતિહાસ શીખવવા માટે લાયક ગણવા."

(૪) ઇતિહાસ વગેરેની અભ્યાસસમિતિની તા. ૧૮-૬-૧૯૬૭ની સભાની ભલામણ :

"આથી ભલામણ કરવામાં આવે છે કે એમ.એ. ઇતિહાસની પદવી ધરાવનાર વ્યક્તિ પ્રી-યુનિવર્સિટી આર્ટ્સમાં "જગતના ધર્મો" વિષય સારી રીતે શીખવી શકે એવો આ અભ્યાસ-સમિતિનો સ્પષ્ટ અભિપ્રાય છે અને તે મુજબ તે વિષયને લગતા અધ્યાપકોની લાયકાતના ધોરણમાં જરૂરી ઉમેરો કરવો."

(૫) આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકર તરફથી આવેલ નીચેના બે પ્રસ્તાવો :

(૧) "જો અધ્યાપક બે વિષયો શીખવવાની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તો બે વિષયમાંથી એક જ ખાસ (Special) વિષય તરીકે શીખવી શકશે. અન્ય વિષયનું શિક્ષણ તે ફક્ત ગૌણ કક્ષા સુધીનું આપી શકશે."

(૨) "The rule given on page 2 of the pamphlet "Minimum Qualifications for Teaching Appointment, etc." with regard to the minimum qualification for teaching the World Religions at Pre-University Arts class be revised as under :

World Religions

M.A. with Ancient Indian Culture or Philosophy or History or Sanskrit or Persian or Arabic. (The World History is added in the rule.)"

ઉપરની બાબત નં. ૨(અ) (૧)(૨)(૩) અને (બ) પર સાથે વિચારણા કરવામાં આવી. તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ભલામણ કરવામાં આવી :

(૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ વિદ્યાશાખાઓની કૉલેજોના આચાર્યપદ પર નિમણૂક માટેની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણ અંગેનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

Minimum qualifications for appointment to the post of a Principal in an affiliated college in any faculty

The Principal of an affiliated college shall hold at least the minimum qualifications necessary for recognition as a post-

graduate teacher (full-fledged post-graduate teacher) in a subject (1) included in the faculty concerned as per provisions under St. 99, and (2) included in the syllabus for the final year of the degree course either as a compulsory or as an optional subject in the faculty.

Provided that in the Faculties of Medicine and Technology including Engineering, a Principal of an affiliated college shall have at least 10 years' teaching experience of which not less than 5 years' teaching experience must be as a Professor in an affiliated college in the Faculty of Medicine or in the Faculty of Technology including Engineering, as the case may be.

(૨) વિનયન વિદ્યાશાખામાં આ યુનિવર્સિટી સાથે જોડાયેલી શિક્ષણશાસ્ત્રની કૉલેજો સિવાયની અન્ય કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણ અંગેના નિયમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

(૪) (૧) આથી ઠરાવવામાં આવે છે કે જો કોઈ પ્રોફેસર કે લેક્ચરર બે વખત માસ્ટર્સ ડિગ્રી મેળવીને આ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર બે વિષયો શીખવવાની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તો નીચેની શરતોએ તે બે વિષયો પૈકી એક વિષય ખાસ કે મુખ્ય વિષય તરીકે તે શીખવી શકશે અને બીજા વિષયનું શિક્ષણ કામ ફક્ત ગૌણ કક્ષાએ કરવા માટે તેને છૂટ રહેશે :

૧. સદરહુ બેઉ વિષયો એક જ વિદ્યાશાખા હેઠળના વિષયો હોવા જોઈશે.

૨. પરીક્ષક તરીકે ફક્ત તે મુખ્ય વિષયમાં જ કામ કરી શકશે. અને

૩. તેને પ્રોફેસર કે લેક્ચરર તો ફક્ત મુખ્ય વિષયમાં જ ગણી શકાશે.

(૨) સદરહુ બાબતનો સમાવેશ ઉપર બાબત નં. (અ)માં થઈ ગયેલો હોઈ, તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પરદેશની યુનિવર્સિટીઓ/સંસ્થાઓની પદવીઓ ધરાવતી વ્યક્તિઓની શિક્ષકો તરીકે નિમણૂક અંગે, પ્રત્યેક કેસના ગુણદોષ તપાસીને નીચે જણાવેલી સમિતિની ભલામણને આધારે, ઘટતો નિર્ણય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. સંબંધકર્તા વિદ્યાશાખાના અધ્યક્ષ

૨. સંબંધકર્તા અભ્યાસસમિતિના અધ્યક્ષ

૩. કુલપતિનિયુક્ત એક નિષ્ણાત.

૩. (અ) (૧) વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષકોની શૈક્ષણિક લાયકાતનાં ધોરણો સુધારવા અંગેની વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૬૭ની સભાની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

(૧) "આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક લાયકાતનાં ધોરણોમાં ફેરફાર સૂચવવા અંગે નીમેલ સમિતિની ભલામણો આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવી."

(૨) "આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) પરદેશની યુનિવર્સિટીના સ્નાતકોની શૈક્ષણિક લાયકાતના ધોરણમાં નીચેનું પ્રોવિઝન ઉમેરવું :

Notwithstanding anything contained above, it shall be competent for Syndicate to condone cases of Professors holding qualification from Foreign Universities of repute to various teaching positions in the colleges affiliated to this University on individual merits after consulting such experts as may be deemed necessary by the Vice-Chancellor."

(૩) "1. Mathematics at all levels will be taught by teachers with Mathematics qualification and Statistics at all levels will be taught by teachers with Statistics qualifications.

2. Lecturers with M.Sc. in Botany or Zoology will be permitted to teach Botany in Pre-University Science and F.Y.B.Sc. classes only."

(અ) (૧) અને (૨)ની વિચારણા સાથે કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે આ યુનિવર્સિટીમાં વિજ્ઞાન વિદ્યાશાખાની કૉલેજોમાં શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગેના નિયમો આ સાથે જોડેલા પરિશિષ્ટ "ખ" મુજબ સુધારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે ગણિતના શિક્ષણ કામ અંગે નીચેનો નિયમ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

1. Mathematics at all levels will be taught by teachers holding the necessary qualifications prescribed in the rules in the subject of Mathematics and Statistics at all levels will be taught by teachers holding the necessary qualifications prescribed under the rules in the subject of Statistics.

૨. વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના શિક્ષણકાર્ય અંગેનો નીચેનો નિયમ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

A Lecturer with M.Sc in Botany or Zoology will be permitted to teach Biology in Pre-University Science and F.Y.B.Sc. classes only, provided he has studied either Botany or Zoology at the Subsidiary level as an optional subject for the B.Sc. Degree Examination.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પરદેશની યુનિવર્સિટીઓ/સંસ્થાઓની પદવીઓ ધરાવતી વ્યક્તિઓની શિક્ષકો તરીકે નિમણૂકો અંગે, પ્રત્યેક કેસના ગુણદોષ તપાસીને, નીચે જણાવેલી સમિતિની ભલામણને આધારે, ઘટતો નિર્ણય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. સંબંધકર્તા વિદ્યાશાખાના અધ્યક્ષ
૨. સંબંધકર્તા અભ્યાસસમિતિના અધ્યક્ષ
૩. કુલપતિ-નિયુક્ત એક નિષ્ણાત.

૪. વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૨૭-૨-૧૯૬૮ની સભામાં કરેલ નીચેની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત :

"(૧) કૉલેજની જોડાણ શરતોમાં વિજ્ઞાનની કૉલેજે અમુક ખર્ચ કરવું એમ સૂચવવામાં આવે છે તેને બદલે કયાં કયાં સાધનો ફરજિયાત વસાવવાં તે સૂચવવું જોઈએ. આ સાધનોનું લિસ્ટ તૈયાર કરી તેને જોડાણ માટેની સ્થાનિક સમિતિ ઉપર મોકલવું.

(૨) કૉલેજની જોડાણ શરતોમાં લાઇબ્રેરી પાછળ અમુક ખર્ચ કરવું એમ સૂચવવામાં આવે છે તેને બદલે દરેક વિષયનાં કયાં કયાં પુસ્તકો ફરજિયાત વસાવવાં તે સૂચવવું જોઈએ. તે માટે પુસ્તકોનું લિસ્ટ તૈયાર કરી તેને જોડાણ માટેની સ્થાનિક સમિતિ પર મોકલવું."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તેને અન્ય વિદ્યાશાખાઓના જે વિષયોમાં પ્રાયોગિક કામ થાય છે તે વિષયોને પણ લાગુ પાડવી અને જે તે વિષયની અભ્યાસસમિતિઓને પ્રયોગશાળાનાં આવાં સાધનોની યાદી તૈયાર કરવા માટે જણાવવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોના જોડાણની શરતોમાં લાઇબ્રેરી પાછળ અમુક ખર્ચ કરવું એમ સૂચવવામાં આવે છે તેને બદલે દરેક વિષયનાં કયાં કયાં પુસ્તકો વસાવવાં જરૂરી છે તે માટે પુસ્તકોની યાદી તૈયાર કરીને તે પૈકી ઓછામાં ઓછાં ૫૦% જેટલાં પુસ્તકો વસાવવાનું આવશ્યક ગણવા માટે કૉલેજોના જોડાણની શરતોમાં ઘટતી જોગવાઈ કરવી. આ ભલામણ બીજી વિદ્યાશાખાઓની કૉલેજોના જોડાણ માટે પણ લાગુ પાડવી અને જે તે વિદ્યાશાખાની અભ્યાસસમિતિઓને તેવાં પુસ્તકોની યાદી તૈયાર કરવા માટે જણાવવું.

૫. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય તરફથી મધ્યસ્થ સરકારના શારીરિક શિક્ષણ અને રિક્રિએશનના સલાહકાર બોર્ડે શારીરિક શિક્ષણનું ધોરણ ઊંચું આવે તે માટે શારીરિક શિક્ષણના વિષયને ત્રિવાર્ષિક અભ્યાસક્રમમાં પસંદગીના (Elective) વિષય તરીકે સ્થાન આપવા માટે કરવામાં આવેલા સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન મંજૂર કરવું નહિ.

૬. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનની તા. ૧૦/૧૧-૨-૧૯૬૮ની સભામાં એન.સી.સી. મરજિયાત કરવા અંગેના નીચેના ઠરાવ Resolved further that with effect from 1968-69 N.C.C. be made optionalની બાબતમાં સિન્ડિકેટના નીચેના ઠરાવ પર વિચારણા કરીને ઑર્ડિ. ૧૩૫-એ માં જરૂરી સુધારા કરવા અંગે વિચારણા કરવા બાબત:

"૧. સદરહુ બાબત નં. ૧૧૩ની સાથે બાબત નં. ૬૭ની પણ વિચારણા કરવામાં આવી અને તે અંગે ઠરાવવામાં આવ્યું કે આ યુનિવર્સિટીમાં એન.સી.સી. મરજિયાત ધોરણે દાખલ કરવાનો સિદ્ધાંત સ્વીકારવા માટે સિન્ડિકેટ સંમત છે, એમ એન.સી.સી.ના સત્તાવાળાઓને અભિપ્રાય જણાવવો.

૨. સદરહુ બાબત એકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં દાખલ થતા વિદ્યાર્થીઓ માટે પ્રથમ બે વર્ષ માટે એન.સી.સી.ની તાલીમ સાર્વજનિક ધોરણે આવશ્યક ગણવામાં આવી છે તે નિયમમાં જરૂરી સુધારા કરીને પ્રથમ બે વર્ષના વિદ્યાર્થીઓને માટે નીચે જણાવેલ કોઈ પણ એક

પ્રવૃત્તિમાં જોડાણ આવશ્યક ગણવા તથા તે માટે ઑર્ડિ. ૧૩૫-એ આ સાથે જોડયા મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી:

(1) National Cadet Corps
(2) Physical Training
(3) National Service Core

(જે કૉલેજોમાં જો અને જ્યારે તે દાખલ કરવામાં આવે તે કૉલેજોમાં તો અને ત્યારે.)

(સુધારેલા ઑર્ડિ. ૧૩૫-એની નકલ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૭. દેખભાળ સમિતિની નીચે જણાવેલ ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભાના ઠરાવથી એકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત:

"વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને કાયદાની વિદ્યાશાખાઓ પૂરતી ડિગ્રી કક્ષાની એક એક કૉલેજ આદર્શ ધોરણ પર યુનિવર્સિટીએ અમદાવાદ શહેરમાં ચલાવવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન હાલને તબક્કે સ્વીકારવું નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. ઑર્ડિ. ૭૫ની નીચેના ભાગ પરત્વે પુનર્વિચારણા કરવા બાબત:

	First Term		Second Term	
	Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
For colleges, institutions and departments in the subject of Education in the Faculty of Arts	1st June	15th October	10th November (Inclusive of holidays from 25th December to 1st January.)	31st March

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૭૫નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને ૧લી જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી:

	First Term		Second Term	
	Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
In the Faculty of Arts except in the colleges in the subject of Education and in the Faculties of Science, Commerce, Law and Agriculture.	15th June	15th October	10th November (Inclusive of holidays from 25th December to 1st January.)	15th March
For colleges in the subject of Education in the Faculty of Arts	1st June	15th October	10th November (Inclusive of holidays from 25th December to 1st January.)	31st March

૯. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮/૧૯-૨-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે સંબંધકર્તા ડિપ્લોમા ધરાવતા વિદ્યાર્થીઓ માટે એમ.એસ.ની પરીક્ષા આપવા અંગે (એમ.ડી.ની પરીક્ષાની માફક) નીચેની જોગવાઈ કરતો ઑર્ડિ. ૨૯૮-બી ઉમેરવા ભલામણ કરવી:

O. 298-B :

Candidates who have obtained diploma in the subject will be required to put in a further 12 months' training in the subjects to be eligible for appearing in the degree examination in the subject provided other requirements including total post-graduate studies of three years remain the same as those for candidates going directly for the degrees."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૨૯૮-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 298-B :

Candidates who have obtained diploma in the subject will be required to put in a further 12 months' training under a recognised post-graduate teacher in the branch concerned for the degree of Master of Surgery before appearing at the Examination, provided further that those who are pursuing their studies without holding a diploma in the subject shall be required to put in the total post-graduate studies of three years as required under O. 295.

Such candidates shall register afresh by paying fresh registration fees and tuition fees.

૧૦. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૨૫-૩-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મ. ઑર્ડિ. ૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો અને સુધારેલો ફાર્મ. ઑર્ડિ. ૬ ૧૯૬૮ના જૂનથી અમલી બનાવવો :

" A candidate who has passed the First B.Sc. Examination of this University or of any other University recognised as equivalent thereto, shall be exempted from the prescribed courses and examination of the First Year in Pharmacy (Diploma) in Modern Indian Language and/or Additional English and in those subjects in which he has passed the First B.Sc. Examination. Provided further that such a student shall be permitted to join the Intermediate courses in Pharmacy and shall be eligible to pass the Examination, if he passed the Intermediate Examination and also the Examination

in those subjects of F.Y. Pharmacy (Diploma) in which he is not exempted except Additional English or Modern Indian Language."

આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મ. ઑડિ. ૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"A candidate who has passed the First B.Sc. Examination of this University or of any other University recognised as equivalent thereto, shall be exempted from the prescribed courses and examination of the First Year in Pharmacy (Diploma) in Modern Indian Language and/or Additional English and in those subjects in which he has passed the First B.Sc. Examination. Provided further that such a student shall be permitted to join the Intermediate courses in Pharmacy and shall be eligible to appear at the examination, if he has passed the Intermediate Examination and also the examination in those subjects of F.Y. Pharmacy (Diploma) in which he is not exempted except Additional English or a Modern Indian Language."

૧૧. "Credit system of organising undergraduate studies"એ વિષયમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના તા. ૨-૧૨-૧૯૬૭ના પત્ર નં. એફ. ૨-૪૮-૬૭(એચ) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) તમામ વિદ્યાશાખાના અધ્યક્ષો
(૨) આચાર્ય જે. બી. સાવિડલ
(૩) ડૉ. લીલાબહેન શાહ
(૪) શ્રી. પી. સી. વૈદ્ય
(૫) ડૉ. કે. જી. દેસાઈ
(૬) આચાર્ય એમ. સી. દેસાઈ
(૭) આચાર્ય એસ. આર. ભટ્ટ.

૧૨. સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં ઠરાવ્યા અનુસાર કાર્યાલયે સંલગ્ન કૉલેજો માટે તૈયાર કરેલ કેન્દ્રીય ગ્રંથાલય અંગેના નિયમોનો મુસદ્દો સિન્ડિકેટે તેની તા. ૨૮-૧૨-૧૯૬૭ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ, તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એક જ સંચાલકમંડળ હેઠળ ચાલતી અને એક જ કૅમ્પસ પર આવેલી કૉલેજોમાં પ્રત્યેક કૉલેજનાં અલગ અલગ ગ્રંથાલયોને બદલે જો તેઓ કૉલેજો એક કેન્દ્રીય ગ્રંથાલય

રાખવા ઇચ્છતી હોય તો તેને નીચેના નિયમો મુજબ કેન્દ્રીય ગ્રંથાલય રાખવા માટે પરવાનગી આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) એક જ સંસ્થા હેઠળની બે કે વધુ કૉલેજો પોતાના અલગ અલગ ગ્રંથાલયને બદલે એક જ કેન્દ્રીય ગ્રંથાલય રાખી શકશે;

(૨) સદરહુ કૉલેજો એક જ કૅમ્પસમાં આવેલી હોવી જોઈએ;

(૩) સદરહુ કેન્દ્રીય ગ્રંથાલયમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી લાયકાત ધરાવતા ઓછામાં ઓછા બે ગ્રંથપાલો અને તે કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦૦થી વધુ હોય તો તેવા વધારાના પ્રત્યેક ૧૦૦૦ વિદ્યાર્થી દીઠ જરૂરી લાયકાત ધરાવતા વધુ એક ગ્રંથપાલ, પણ કૉલેજોની કુલ સંખ્યાથી વધુ નહિ તેટલા ગ્રંથપાલો નીમવા જોઈશે. આ ગ્રંથપાલો પૈકી એકને મુખ્ય ગ્રથપાલ અને બાકીનાને સહગ્રંથપાલ તરીકે કામ સોંપવું જોઈશે;

(૪) સદરહુ કેન્દ્રીય ગ્રંથાલયમાં, એક સમયે ચાલતી કૉલેજોમાં અભ્યાસ કરતા વધુમાં વધુ વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના ૧૦% જેટલા વિદ્યાર્થીઓ એકસાથે બેસી વાંચી શકે તેવા, પ્રત્યેક વિદ્યાર્થી દીઠ ૮ સમચોરસ ફૂટની જગ્યાવાળા અને પૂરતી સુવિધા ધરાવતા સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો હોવા જોઈશે;

(નોંધ.— પ્રત્યેક કૉલેજ દીઠ ૮ સમચોરસ ફૂટની જે જગ્યા નિયત કરવામાં આવી છે તે જગ્યા પુસ્તકોનાં કબાટો રોકે તે જગ્યા બાદ કરીને ગણવાની રહેશે.)

(૫) ગ્રંથાલયમાં બધી કૉલેજોનાં જોડાણ અંગેની વખતોવખત મુકાયેલી શરતો પ્રમાણે કુલ રકમ થતી હોય તેટલી કિંમતનાં પુસ્તકો ઓછામાં ઓછાં હોવાં જોઈશે;

(૬) સંબંધક બધી કૉલેજોમાં જે જે વિદ્યાશાખાનું શિક્ષણ ચાલતું હોય તે વિદ્યાશાખા અને જે તે વિષયોને અનુરૂપ સામયિકો પણ પૂરતા પ્રમાણમાં હોવાં જોઈશે;

(૭) પૂરતી હવાઉજાસ અને સ્વચ્છતા માટેની સેનિટરી વ્યવસ્થા હોવી જોઈશે;

(૮) સદરહુ કેન્દ્રીય ગ્રંથાલય ઓછામાં ઓછું ૧૨ કલાક, પણ કૉલેજો ચાલતી હોય તેટલા સમય પૂરતું ખુલ્લું રાખવું જોઈએ અને તે બધો સમય ગ્રંથપાલ કે સહગ્રંથપાલની સેવાઓ ત્યાં ઉપલબ્ધ હોવી જોઈશે.

૧૩. સંલગ્ન કૉલેજોના જે ગ્રંથપાલો લાઇબ્રેરી સાયન્સનો ડિપ્લોમા અગર ડિગ્રી ધરાવતા સ્નાતક ન હોય તેઓ માટે પોતાની જ કૉલેજમાં ગ્રંથપાલ તરીકેનો મેળવેલો પાંચ વર્ષનો અનુભવ પર્યાપ્ત ગણવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨/૨-૨-૧૯૬૮ની સભાની ભલામણ સિન્ડિકેટની તા. ૯/૧૦-૩-૧૯૬૮ની સભાએ નીચેના સૂચન સાથે એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ, તે પર વિચારણા કરવા બાબત :

સિન્ડિકેટનું સૂચન

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોનાં ગ્રંથાલયોમાં જે વ્યક્તિઓએ ઓછામાં ઓછાં ૧૫ વર્ષ સુધી કામ કર્યું હોય અને જેમની ઉંમર ૪૫ વર્ષ કે તેથી વધારે હોય તેમને માટે અપવાદ કરવા અંગે વિચારણા કરવાની સૂચના સાથે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલને પાછી મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં ગ્રંથપાલોની નિમણૂક અંગે ઓછામાં ઓછી લાયકાતના નિયમો નીચે મુજબ પંચાય તે રીતે સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(1) Every college shall have at least one Librarian holding (*i*) a Bachelor's degree in Library Science of this University or a degree or diploma of any other University recognised as equivalent thereto; (*ii*) or a person whose age is 45 or above and who has worked at least for a period of 15 years as a Librarian in a college library;

Provided that a person already appointed as a Librarian in any of the affiliated colleges before 15th June, 1968 who does not hold the qualifications mentioned above shall be permitted to continue to work as a Librarian in that college for not more than three years on condition that he shall acquire a Bachelor's degree in Library Science of this University or of any other University or a Diploma in Library Science recognised as equivalent thereto or a certificate course that may be specially devised for them by the University before the expiry of that period.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની કૉલેજોનાં ગ્રંથાલયોમાં ગ્રંથપાલ તરીકે જે વ્યક્તિઓ કામ કરતી હોય, પણ જરૂરી લાયકાત ધરાવતી ન હોય તેમને માટે શનિવાર, રવિવાર કે વૅકેશનના વર્ગો કાઢીને તેમને જરૂરી તાલીમ આપવા માટે વ્યવસ્થા કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૪. અમદાવાદ એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ સંચાલિત સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ શીખવવા માટે માન્યતા આપવા આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યેથી સદરહુ બાબત ઉપર વિચારણા કરવાનું રાખવું.

૧૫. યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂકની પ્રથા અંગે શ્રી. ડી. એમ. શીખના તા. ૨૭-૧-૧૯૬૮ના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત.

(૧) આચાર્ય ડી. એમ. શીખના સૂચન નં. ૧ ઉપર વિચારણા કરવામાં આવી અને સૂચવવામાં આવ્યું કે પ્રાશ્નિકો-પરીક્ષકોનાં પેનલો પર જે નામો મૂકવામાં આવે તે પૂરતી કાળજીપૂર્વક મૂકવામાં આવે. યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તે બરોબર છે કે કેમ તે બાબત જે તે અભ્યાસસમિતિના અધ્યક્ષ જાતે ખાતરી કરી લે તે યોગ્ય થશે તથા અરજી કરનાર કોઈ શિક્ષકનું નામ પેનલમાં મૂકવામાં આવ્યું ન હોય તો તેમાં કશી ભૂલ થઈ નથી તેની ખાતરી કર્યા બાદ તેમ કરવાનું રાખે એ જરૂરી છે.

(૨) આચાર્ય ડી. એમ. શીખના નીચેના પ્રસ્તાવોની વિચારણા મોકૂફ રાખવામાં આવી :

ઠરાવ નં. ૨

આથી એકૅડેમિક કાઉન્સિલની આ સભા ઠરાવે છે કે કોઈ પણ વ્યક્તિ જ્યારથી કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાય ત્યારથી તેની સિનિયોરિટી ગણવી.

ઠરાવ નં. ૩

આથી અૅકૅડેમિક કાઉન્સિલની આ સભા ઠરાવે છે કે પેનલ ઉપરનાં નામોમાંથી જ પરીક્ષકો કે પ્રાશ્નિકો નીમવા.

ઠરાવ નં. ૪

આથી અૅકૅડેમિક કાઉન્સિલની આ સભા ઠરાવે છે કે પરીક્ષક તરીકે જેના ૬ ટર્મ (માર્ચ-ઑક્ટોબર ગણતાં) થયા હોય તેમને ફરજિયાત ડ્રોપ આપવો.

૧૬. ગણિતશાસ્ત્રની તા. ૨૫-૯-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ અૅકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ની સભામાં વિજ્ઞાન વિદ્યાશાખાને ફેરવિચારણા માટે મોકલેલી, જે મૂળ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨૭-૨-૧૯૬૮ની સભાએ તે જ ભલામણ મંજૂર કરતાં તે પરત્વે વિચારણા કરવા બાબત :

"એમ.એ. અને એમ.એસસી., ભાગ ૨ના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. એમ.એ.-૮ તથા રેગ્યુ. એમ.એસસી.-૬માં જણાવેલ મૅથેમેટિક્સ વિષયનાં સ્પેશિયલ પેપરો દરેક ૧૦૦ ગુણનાં રાખવા અને ૧૦૦ ગુણની મૌખિક પરીક્ષા રાખવી અને તે માટે સંબંધકર્તા ભાગ નીચે મુજબ સુધારવો અને સુધારેલા રેગ્યુલેશનો જૂન ૧૯૬૮થી, એટલે કે માર્ચ-એપ્રિલ ૧૯૬૯ની પરીક્ષાથી અમલમાં લાવવા :

(*b*) Special course will consist of two papers covering 200 marks (Each paper carrying 100 marks).

(*c*) There will be a viva-voce examination of 100 marks to test the familiarity of the candidate with basic concepts of Mathematics.

The headings of the various papers indicating the subject-matter will be as under :

(The details remain unchanged.)"

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૭. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૨૫-૩-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીની ડિપ્લોમા તથા ડિગ્રી પરીક્ષા માટે કૉ-ઑનેશન માર્ક્સ આપવા અંગે નીચેનો રેગ્યુ. ઉમેરવા અૅકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

Notwithstanding what is stated elsewhere, a candidate failing in not more than two heads of passing at any of the Degree or Diploma Examination will be entitled to condonation as permitted in O. 139."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૮. ધારાશાસ્ત્રની વિદ્યાશાખા હેઠળ રચાયેલી લૉ ઑફ ક્રાઇમ્સ, જ્યુરિસપ્રુડન્સ તથા લૉ ઑફ પ્રૉપર્ટી'ની અભ્યાસસમિતિની સંયુક્ત સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એલએલ.બી. ડિગ્રી (જનરલ અને સ્પેશિયલ) અભ્યાસક્રમના ૩ વર્ષના અભ્યાસક્રમના પહેલા અને બીજા વર્ષના નીચેના રેગ્યુલેશનો સુધારવા :

Law R. 1 (New), Law R. 2 (New), Law R. 3 (New), Law R. 3 (A) (New ,, Law R. 3 (B) (New), Law R. 3 (C) (New), Law R. 4 (New), Law R. 5 (New), Law R. 6 (New).

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે પહેલી અને બીજી એલએલ.બી.(જનરલ અને સ્પેશિયલ)ના અભ્યાસક્રમો અને તેને લગતા રેગ્યુલેશનો એકસાથે જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા.

આથી ઠરાવવામાં આવે છે કે એલએલ.બી. ડિગ્રી (જનરલ અને સ્પેશિયલ) અભ્યાસક્રમના ત્રણ વર્ષના અભ્યાસક્રમના પહેલા અને બીજા વર્ષના અભ્યાસક્રમને લગતા ઉપરના રેગ્યુલેશનો મંજૂર કરવા તથા તેને ૧૫મી જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(નોંધ.—સદરહુ રેગ્યુલેશનોનો પશ્ચાત્વર્તી (retrospective) અમલ કરવા માટે આ ઠરાવમાં જે ભલામણ કરવામાં આવી છે તે ભવિષ્યમાં પ્રથા તરીકે ગણાશે નહિ.)

(સદરહુ રેગ્યુલેશનોના સુધારેલા સંબંધકર્તા ભાગની નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૯. ડિપ્લોમા ઇન લેબર લૉઝ એન્ડ પ્રેક્ટિસના અભ્યાસક્રમમાં એમ. એલ. ડબલ્યુ. અને એમ. એસ. ડબલ્યુ.માં ઉત્તીર્ણ થયેલાને પ્રવેશ આપવા કાયદાની વિદ્યાશાખાના ડીને સૂચવ્યું હોઈ તે અંગેનો સંબંધકર્તા લૉ ઑ. ૮ નીચે મુજબ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

Law O. 8 :

"No candidate shall be admitted to the examination of the Diploma in Labour Laws and Practice unless he has passed M.L.W. Examination or LL.B. Degree Examination of this University or of any other University recognised as equivalent thereto or M.S.W. Examination and after passing the said examination has duly kept two terms. The candidate shall be required to keep two-third of the attendance of the total number of lectures."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ લૉ ઑર્ડ. ૮ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૦. વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૨૭-૨-૧૯૬૮ની સભામાં કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવું કે સ્ટે. ૧૭૩ પાસ થયેલ છે અને આ વિદ્યાશાખાનો અભિપ્રાય છે કે હાલના તબક્કે જૂનો સ્ટે. ૧૭૩ ચાલુ રાખવો, એવી યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને આ સભા ભલામણ કરે છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૧. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનના મંત્રીશ્રી તરફથી આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત:

"Institution of an intermediate degree between M.A. and Ph.D. for subjects in Social Sciences and Humanities in order to upgrade and maintain the standard of the Ph.D. or D.Phil. Degree."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૨. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે સિનિયર સર્ટિફિકેટ કોર્સના પ્રશ્નપત્ર ૧ માટે નીચેનો મુદ્દો તથા તે માટેનું ભલામણ કરેલ પુસ્તક અભ્યાસક્રમમાંથી રદ કરવાં:

A brief survey of the development of the English language.

Book recommended

F. T. Wood: 'History of the English Language'."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૭ની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૩. હિન્દીની અભ્યાસસમિતિની તા. ૨૨-૧-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર રેગ્યુ. એમ.એ. ૪(૨) અને રેગ્યુ. એમ.એ. ૭(૨) નીચે મુજબ વંચાય તે રીતે સુધારી અનુક્રમે તેને જૂન, ૧૯૬૯ અને જૂન, ૧૯૭૦થી અમલમા મૂકવા અંગે વિચારણા કરવા બાબત:

R. M.A. 4(2) : (In force from June 1969):

M.A., Part I (Hindi)

Paper I : Modern Prose (Texts to be prescribed)
(આધુનિક ગદ્ય)

Paper II : Old and Mediaeval Poetry
(પ્રાચીન તથા મધ્યકાલીન કાવ્ય)

Paper III : A period of literature with special study of some specified author.
(કોઈ એક વિશેષ યુગના વિશિષ્ટ સાહિત્યકારનું અધ્યયન)

R. M.A. 7(2) : (Inforce from June 1970):

M.A., Part II (Hindi)

Paper IV : Modern Poetry (Texts to be prescribed)
(આધુનિક કવિતા)

Paper V : Principles of Philology with pecial refesence to the origin, form and development of Hindi.
(ભાષાવિજ્ઞાન—ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ હિંદી ભાષાનો ઉદ્ભવ, સ્વરૂપ અને વિકાસ)

Paper VI : Essay, Criticism and History of Hindi Literature
(નિબંધ, સાહિત્યમીમાંસા અને હિંદી સાહિત્યનો ઇતિહાસ)

(*i*) Essay on literary topics .. 40 marks
(નિબંધ—સાહિત્યિક વિષયો ઉપર)

(*ii*) Modern trends on literary criticism .. 30 marks
(સાહિત્યસમીક્ષાના નવ્યતર પ્રવાહો)

(*iii*) History of Hindi Literature—Post-Independence period .. 30 marks
(સ્વાતંત્ર્યોત્તર હિંદી સાહિત્યનો ઇતિહાસ)

(નોંધ.—અભ્યાસસમિતિની તા. ૧૧-૧૦-૧૯૬૭ની ભલામણ અૅકૅડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભામાં તથા સિન્ડિકેટની તા. ૯/૧૦-૩-૧૯૬૮ની સભામાં મંજૂર થયેલ છે. અભ્યાસસમિતિએ તેની તા. ૨૨-૧-૧૯૬૮ની સભામાં સદરહુ રેગ્યુલેશનના અમલ અંગે તથા બીજા ફેરફાર પણ સૂચવ્યા છે તે જોતાં સમગ્ર બાબત ફરીથી મૂકી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની તા. ૨૨-૧-૧૯૬૮ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કક્ષાએ જુદી જુદી ભાષાઓના અભ્યાસક્રમમાં શક્ય તેટલું સંયોજન થઈ શકે તે વિચારવા માટે ભાષાઓની અભ્યાસસમિતિઓના અધ્યક્ષોની બનેલી એક સમિતિ રચવી.

૨૪. પાકૃત-પાલિની અભ્યાસસમિતિની તા. ૪-૬-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે કે પ્રી-યુનિવર્સિટી અર્ધમાગધી (પ્રાકૃત) ૧૯૬૯ની પરીક્ષા માટે યુનિવર્સિટી સંપાદિત ગદ્યપદ્યસંગ્રહ જે નિયત કરેલ છે તેનાં ૧ થી ૩૬ પાનાં જ અભ્યાસક્રમ માટે રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની તા. ૪-૬-૧૯૬૮ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૫. પાકૃત-પાલિની અભ્યાસસમિતિની તા. ૪-૬-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે કે દ્વિતીય વર્ષ બી.એ.ના પ્રાકૃત વિષયના પ્રશ્નપત્ર-પનો રેગ્યુ. આર્ટ્સ ૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો અને એ સુધારેલો રેગ્યુ. આર્ટ્સ ૭ જૂન, ૧૯૬૮થી અમલમાં લાવવો :

(9) Prakrit

R. Arts 7 :

1. Translation from unseen Prakrit	..	30	marks
2. Translation into Prakrit	..	15	marks
3. Grammar (Prakrit-Aphabhramsha) Swar-Vyanjan Vikar, Namrup, Dhaturup	..	25	marks"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની તા. ૪-૬-૧૯૬૮ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ ૭ને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૬. અધ્યાપનની કૉલેજોમાં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ગણિતશાસ્ત્ર, વિજ્ઞાન, ઇતિહાસ અને ભૂગોળ—એમ આઠ વિષયોની વિશિષ્ટ તાલીમ માટે શિક્ષકની લાયકાત તથા સપ્તાહમાં કેટલો કાર્યભાર રાખવો તે બાબત સિન્ડિકેટની તા. ૧૭-૬-૧૯૬૮ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૭. તબીબી કૉલેજમાં પ્રવેશ માટેની વયમર્યાદા રદ કરવા અંગે હો. જે. બી. હુરિભક્તિ તરફથી આવેલ નીચેનો પ્રસ્તાવ સિન્ડિકેટની તા. ૧૭-૬-૧૯૬૮ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"As age limit for entrance to the Pre-Uni. Class has been removed by a resolution of the Syndicate, it automatically follows that there shall be no age restriction for admission to any of the courses, viz., Medical or Engineering, etc., of our University.

This certificate shall be given due publicity in the Press and Medical and such Colleges should be instructed accordingly."

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના તા. ૨૨ જૂન ૧૯૬૮ના પત્ર તરફ શ્રી. કુલસચિવે સભાગૃહનું ધ્યાન ખેંચ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તબીબી કૉલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓની વયમર્યાદા સદંતર રદ કરવાનું બની શકે તેમ નથી, પરંતુ તે વયમર્યાદા અંગેનો ઑ. ૨૫૩(i) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 253 :

(i) shall have attained the age of 17 years or shall attain that age on the day of commencement of the second term in November of the year of their joining the college.

૨૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા સૂચનને આધારે યુનિવર્સિટીમાં પત્રવ્યવહાર દ્વારા અભ્યાસક્રમ દાખલ કરવા અંગે વિચારણા કરી અહેવાલ આપવા સિન્ડિકેટે નીમેલ સમિતિનો અહેવાલ, સિન્ડિકેટની તા. ૧૭-૬-૧૯૬૮ની સભાએ એકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ, તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૯. સેકન્ડ એમ.બી.,બી.એસ. તથા થર્ડ એમ.બી.,બી.એસ.ની (નવા અભ્યાસક્રમ મુજબની) પરીક્ષાઓના પાસ થવાના ધોરણમાં લેખિત તેમ જ પ્રાયોગિક પરીક્ષા માટે અલગ અલગ પાસ થવાનું ધોરણ સૂચવતા રેગ્યુ. ૧૭૫ અને રેગ્યુ. ૧૭૯માં "separately" શબ્દ રહી જવા પામ્યો છે, તો સદરહુ રેગ્યુલેશનોમાં "separately" શબ્દ ઉમેરીને તે અંગેના રેગ્યુ. ૧૭૫ અને રેગ્યુ. ૧૭૯ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલ રેગ્યુ. ૧૭૫ અને રેગ્યુ. ૧૭૯ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલ રેગ્યુ. ૧૭૫ અને રેગ્યુ. ૧૭૯ની નકલ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૦. ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૫-૬-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"The report of the Committee appointed by the Syndicate was considered by the Board of Studies in Mathematics.

The Board is in full agreement with the view expressed by the Committee in its report, Part I. The Board further recommends to the cademic Council and other authorities of the University to take necessary stepts to implement the recommendations annexed hereto of the Committee."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. ફાર્મસીના ડિગ્રી અભ્યાસક્રમના નીચેના સુધારેલા ઑર્ડિનન્સ અને રેગ્યુલેશનો મંજૂર કર્યાના અને પહેલા અને બીજા વર્ષના અભ્યાસક્રમોના ઑર્ડિનન્સ તથા રેગ્યુલેશનો

જૂન ૧૯૬૮થી એકીસાથે અમલમાં મૂકયાના તથા ત્રીજા અને ચોથા વર્ષના અભ્યાસક્રમોના ઑર્ડિનન્સ તથા રેગ્યુલેશનોને અનુક્રમે જૂન ૧૯૬૯ તથા જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ઑ. ફાર્મ. ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૨-એ, ૧૩, ૧૪, ૧૫, ૧૫-એ, ૧૫-બી, ૧૫-સી.

રેગ્યુ. ફાર્મ. ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૮-એ, ૩૮-બી, ૩૮-સી, ૩૮-ડી, ૩૮-ઈ, ૩૮-એફ, ૩૮-જી, ૩૮-એચ.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(સદરહુ ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોની પરિશિષ્ટ "છ" નકલ તરીકે સામેલ છે.)

૩૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૮-૧૯૬૭ની સભાએ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી પરીક્ષામાં તથા આંતરિક મૂલ્યાંકનની કસોટી પરીક્ષામાં મળતા ગુણોના તફાવત બાબત શું કરવું તે પ્રશ્ન સમગ્ર રીતે વિચારવા નીમેલ સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. કાયદાની વિદ્યાશાખાની તા. ૮-૬-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે બીજી એલએલ.બી.ના નવા અભ્યાસક્રમના લેબર એન્ડ ટેકસેશન લૉઝ શીખવવા નીચે મુજબ લાયકાતનાં ધોરણ રાખવાં :

Taxation Laws (2nd LL.B., New Course)

Lecturer :

(1) Those who are qualified to teach Law courses are eligible to teach Labour and Taxation Laws at 2nd LL.B. under New Course.

(2) Chartered Accountant with LL.B. Degree and three years' practice as C.A.

or

(3) Chartered Accountant with five years' practice as C.A.

or

(4) I. R. S. of five years' service in Income-tax Department. For Labour Laws (2nd LL.B., New Course) Same as in Law subjects.

Professor :

(1) Those who are qualified to teach Law course are eligible to teach Labour and Taxation Laws at 2nd LL.B. under New Course.

(2) Chartered Accountant with LL.B. Degree and five years' practice as C.A.

or

(3) Chartered Accountant with seven years' practice as C.A.

or

(4) I. R. S. of five years' service in Income-tax Department."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની તા. ૮-૬-૧૯૬૮ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરીને બીજી એલએલ.બી.ના નવા અભ્યાસક્રમમાં લેબર લૉઝ ઍન્ડ ટેક્સેશન લૉઝ શીખવવા માટે શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગેના ઉપરના નિયમો મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૪. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ સિન્ડિકેટની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભાએ મંજૂર રાખતાં સદરહુ ભલામણનો પાઠ ઓ. એસસી. ૬(એ) તરીકે મંજૂર કરવા બાબત :

O. Sc. 6(A) :

"Notwithstanding anything contained elsewhere in the rules of the University, a student who has not taken Mathematics at F.Y.B.Sc. level may, if he so chooses take Physics as special subject at S.Y.B.Sc., provided that he will be required to pass the papers in Mathematics before he can be admitted to T.Y.B.Sc. Class."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૫. કાયદાની વિદ્યાશાખાની તા. ૮-૬-૧૯૬૮ની સભાની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

(૧) "આ સભા ભલામણ કરે છે કે 'લૉની દરેક પરીક્ષામાં દરેક પ્રશ્નપત્રનું અંતિમ પરિણામ નક્કી કરવા માટે તે પેપરના પરીક્ષકોની સભા રાખવી'."

(નોંધ.—કાયદાની વિદ્યાશાખાએ તેની તા. ૧૨-૭-૧૯૬૭ની સભામાં કરેલી ઉપરોક્ત ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૮-૧૯૬૭ની સભાએ ફેરવિચારણા કરવા માટે મોકલેલી.)

(૨) "પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમના દરેક પેપરમાં વિદ્યાર્થીની અર્થગ્રહણશક્તિની કસોટી થાય તે પ્રમાણે અંગ્રેજીમાં ફકરો મૂકી ૧૫ માર્કસનો પ્રશ્ન પૂછવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ની સભામાં બી.એસસી. નર્સિંગના શિક્ષકોની લઘુતમ શૈક્ષણિક લાયકાતનાં ધોરણો ઘડવા કુલપતિશ્રીને સત્તા આપવા ઠરાવેલું તે મુજબ કુલપતિશ્રીએ મંજૂર કરેલ લાયકાતનાં ધોરણોની નોંધ લેવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

[બી.એસસી. (નર્સિંગ)ના શિક્ષકોની લઘુતમ લાયકાતનાં ધોરણોની નકલ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.]

૩૭. ગુજરાતીની અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુમતી નિમણૂક કરવા પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

ગુજરાતીની અભ્યાસસમિતિની ભલામણ

Name	*Degree*	*Subject*	*Internal Referee*	*External Referees*
Shri S. P. Acharya		Linguistics : Linguistics Study of Halari dialect	Prof. P. B. Pandit, University of Delhi-4, Lucknow Road, Delhi-7	1. Dr. T. N. Dave, Muli Saurashtra. 2. Prof. B. J. Sandesara, Baroda. 3. Dr. Sunitikumar Chaterjee, Calcutta. 4. Dr. S. M. Katre, Poona. *Referee for viva-voce* 1. Dr. T. N. Dave.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૮. સંસ્કૃતની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા

પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Name of the candidate	*Subject*	*Internal Referee*	*External Referee*
2. Smt. B. K. Thakar	Sanskrit : "An investigation into the chronological systems reflected in the epigraphic and literary records of Gujarat from early times upto 1300 A.D.	Dr. H. G. Shastri, B. J. Institute of Learning and Research, Anmedabad-9	1. Dr. V. V. Mirasi, Dharm Peth, Nagpur. 2. Dr. Rajbali Pandey, Banaras Hindu University, Varanasi (U.P.). 3. Dr. K. V. Abhayankar, 927, Sadashiv Peth Poona. *For viva-voce**

*(નોંધ.—મૌખિક પરીક્ષા માટે પહેલાં બેમાંથી અથવા ત્રણમાંથી જે મળી શકે તે મૂકવા એમ અધ્યક્ષશ્રીનું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૯. ફિઝિકસની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર રૂટે. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તેની નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

૩. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

Name of the Candidates	*Subject*	*Internal Referee*	*External Referee*
1. Shri S. N. Rao	Physics : "A study on thin films of Binary System of Alloys."	Prin. Y. G. Naik	1. Prof. M. P. Givans, Institute of Optics, University of Rochester, Rochester, New York. *or*

Name of the candidate	*Subject*	*Internal Referee*	*External Referee*
			2. Prof. F. P. Mertins, Division of Chemistry, Worchester Polytechnique Institute, Worchester. *or* 3. Prof. S. T. Tolanski, Professor of Physics, Royal Holloway College, University of London, London. *Viva-voce* 1. Dr. V. G. Bhide, National Physical Laboratory, Delhi. *or* 2. Dr. A. R. Patel, Sardar Patel University, Vallabh Vidyanagar.

Name of the candidate	*Subject*	*Internal Referee*	*External Referee*
2. Shri A. R. Vamdatt	"Ellipsometric determination of the optical constant of thin metallic films"	Prin. Y. G. Naik	1. Professor Rustgi, O. P. Northrop Space Laboratories, Howthorne, California, 90250, U.S.A. *or* 2. Professor G. D. Scott, Department of Physics, University of Toronto, Toronto, Canada. *or* 3. Professor Archer, R. J., Bell Telephone Laboratories., Inc., Murry Hill, New Jersey, U.S.A. *Viva-voce* 1. Dr. V. V. Shah, National Physical

Name of the candidate	*Subject*	*Internal Referee*	*External Referee*
			Laboratory, Delhi *or* 2. Dr. R. S. Sharma, Prof. of Physics, Banaras Hindu University, Banaras.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૦. ફિઝિકસની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા પત્રવ્યવહારથી મેળવેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

Name of the candidate	*Subject*	*Inlernal Referee*	*External Referee*
1. Shri N. B. Trivedi	*Physics :* "Studies of the Geomagnetic field in low latitudes"	Dr. K. R. Ramnathan	1. Professor A. N. Hunter, Dept. of Physics, University College, P. O. Box 30197, Nairobi, Kenya. 2. Dr. E. J. Chernosky, Air-Force

Name of the candidate	*Subject*	*Internal Referee*	*External Referee*
			Cambridge Research Laboratories, Bedford-Mass, 01731, U.S.A. *Referees for Viva-voce* 1. Dr. P. V. Sankaranarayan, Asst. Director, National Geophysical Research Institute, Hyderabad-7 2. Prof. S. N. Ghosh, J. K. Institute of Applied Physics, University of Allahabad, Allahabad.
2. Shri R. V. Mehta	"Optical Transmission and Birefringence of certain colloids and Suspensions in an External Magnetic field	Prin. Dr. Y. G. Naik, C. U. Shah, Arts and Science College, Manavmandir Road, Ahmedabad-9.	1. Milton Kerker, Clarkson College of Technology Postdam, New York. *or*

Name	*Subject*	*Internal Referee*	*External Referees*
			2. Wilfried Heller, Dept. of Chemistry, Wayne State University, Detroit 2, Michigan. or 3. C.T.O. Konski, Dept. of Chemistry, University of California, California *or* 4. R. H. Otewill, Dept. of Colloid Science, University of Cambrige,Cambrige, England *Referees for Viva-Voce* 1. Dr. K. Suryanarayan Rao, Head of Physics

Name	*Subject*	*Internal Referee*	*External Referee*
			Department, Karnatak University, Dharwar *or* 2. Dr. N. R. Tawde, Marathwad University, Aurangabad.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૨. બોટાનીની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર રૂલ. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Name	*Subject*	*Internal Referee*	*External Referee*
1. Shri P. H. V. Vasudeva-rao	*Botany* : "Morphohistogenic studies in axillary buds of certain dicotyledons"	Dr. J. J. Shah, Department of Botany, Sardar Patel University, Vallabh Vidyanagar.	1. Foster A. S., Department of Botany, Uni. of California, Berkeley-4, California, U.S.A. 2. Bailey I. W. Emeritus, Prof. of Plant Anatomy, Harward University, Herbarium 22, Divinity Avenue, Cambridge, Mass, U.S.A.

Name	*Subject*	*Internal Referee*	*External Referee*
			3. Clowes, F.A.L., Department of Botany, University of Oxford, Oxford.
			For Viva-voce
			4. Swamy B. G. L., Principal, Presidency College, Madras-5.
			5. Kundu B. C., Joint Director, Bose Institute, 93/1, Acharya Prafullachandra Road, Calcutta-9.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૨. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૮-૨-૧૯૬૮ના પત્રાંક એફ. ૯-૧-૩૫-૬૬ (સી.ડી.)થી જે વધારાની જગ્યાઓ મંજૂર કરેલી છે તે પૈકી જે જગ્યાઓ ઊભી કરવાની બાકી છે તે ઊભી કરવા માટે સિન્ડિકેટ અને સેનેટને ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(અ) ભાષા-સાહિત્ય ભવન

૧.	રીડર ઇન ઇંગ્લિશ	... એક જગ્યા
૨.	લેક્ચરર ઇન ઇંગ્લિશ	... એક જગ્યા
૩.	રીડર ઇન હિન્દી	... એક જગ્યા
૪.	લેક્ચરર ઇન હિન્દી	... એક જગ્યા
૫.	લેક્ચરર ઇન ગુજરાતી	... એક જગ્યા
૬.	રીડર ઇન સંસ્કૃત	... એક જગ્યા
૭.	લેક્ચરર ઇન સંસ્કૃત	... એક જગ્યા
૮.	લેક્ચરર ઇન મોડર્ન યુરોપિયન લેંગ્વેજ	... બે જગ્યા

(બ) સમાજવિદ્યા ભવન

૧.	લેક્ચરર ઇન સોશિયોલોજી	... બે જગ્યા
૨.	રીડર ઇન પોલિટિકલ સાયન્સ	... બે જગ્યા

૩.	લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સ	...	બે જગ્યા
૪.	પ્રોફેસર ઑફ લેબર વેલ્ફેર	...	એક જગ્યા
૫.	લેક્ચરર ઇન લેબર વેલ્ફેર	...	એક જગ્યા
૬.	પ્રોફેસર ઑફ હિસ્ટરી	...	એક જગ્યા
૭.	લેક્ચરર ઇન હિસ્ટરી	...	એક જગ્યા

(ક) મનોવિજ્ઞાન વિદ્યાભવન

૧.	રીડર ઇન સાયકોલોજી	...	એક જગ્યા
૨.	પ્રોફેસર ઑફ ફિલોસોફી	...	એક જગ્યા
૩.	લેક્ચરર ઇન ફિલોસોફી	...	બે જગ્યા
૪.	પ્રોફેસર ઑફ એજ્યુકેશન	...	એક જગ્યા
૫.	લેક્ચરર ઇન એજ્યુકેશન	...	એક જગ્યા

(ડ) વિજ્ઞાન વિદ્યાભવન

૧.	રીડર ઇન કેમિસ્ટ્રી (પેટ્રોલિયમ કેમિકલ્સ)	...	એક જગ્યા
૨.	રીડર ઇન કેમિસ્ટ્રી (ફિઝિકલ)	...	એક જગ્યા
૩.	લેક્ચરર ઇન કેમિસ્ટ્રી	...	ત્રણ જગ્યા
૪.	રીડર ઇન ફિઝિકસ	...	એક જગ્યા
૫.	લેક્ચરર ઇન ફિઝિકસ	...	એક જગ્યા
૬.	રીડર ઇન બોટાની (ફિઝિયોલોજી)	...	એક જગ્યા
૭.	લેક્ચરર ઇન બોટાની	...	એક જગ્યા
૮.	રીડર ઇન મૅથેમેટિકસ	...	એક જગ્યા
૯.	લેક્ચરર ઇન મૅથેમેટિકસ	...	એક જગ્યા
૧૦.	લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિકસ	...	એક જગ્યા

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં નીચેની વધારાની જગ્યાઓ ઊભી કરવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(અ) ભાષા-સાહિત્ય ભવન

૧.	રીડર ઇન ઇંગ્લિશ	...	એક જગ્યા
૨.	લેક્ચરર ઇન ઇંગ્લિશ	...	એક જગ્યા
૩.	રીડર ઇન હિન્દી	...	એક જગ્યા
૪.	લેક્ચરર ઇન હિન્દી	...	એક જગ્યા
૫.	લેક્ચરર ઇન ગુજરાતી	...	એક જગ્યા
૬.	રીડર ઇન સંસ્કૃત	...	એક જગ્યા
૭.	લેક્ચરર ઇન સંસ્કૃત	...	એક જગ્યા
૮.	લેક્ચરર ઇન મોડર્ન યુરોપિયન લેંગ્વેજ	...	બે જગ્યા
૯.	રીડર ઇન ગુજરાતી	...	એક જગ્યા
૧૦.	લેક્ચરર ઇન પ્રાકૃત	...	એક જગ્યા

(બ) સમાજવિદ્યા ભવન

૧.	લેક્ચરર ઇન સોશિયોલોજી	... બે જગ્યા
૨.	રીડર ઇન પોલિટિકલ સાયન્સ	... બે જગ્યા
૩.	લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સ	... બે જગ્યા
૪.	પ્રોફેસર ઑફ લેબર વેલ્ફેર	... એક જગ્યા
૫.	લેક્ચરર ઇન લેબર વેલ્ફેર	... એક જગ્યા
૬.	પ્રોફેસર ઑફ હિસ્ટરી	... એક જગ્યા
૭.	લેક્ચરર ઇન હિસ્ટરી	... એક જગ્યા

(ક) મનોવિજ્ઞાન વિદ્યાભવન

૧.	રીડર ઇન સાયકોલોજી	... એક જગ્યા
૨.	પ્રોફેસર ઑફ ફિલોસોફી	... એક જગ્યા
૩.	લેક્ચરર ઇન ફિલોસોફી	... બે જગ્યા
૪.	પ્રોફેસર ઑફ એજ્યુકેશન	... એક જગ્યા
૫.	લેક્ચરર ઇન એજ્યુકેશન	... એક જગ્યા

(ડ) વિજ્ઞાન વિદ્યાભવન

૧.	રીડર ઇન કેમિસ્ટ્રી (પેટ્રોલિયમ કેમિકલ્સ)	... એક જગ્યા
૨.	રીડર ઇન કેમિસ્ટ્રી (ફિઝિકલ)	... એક જગ્યા
૩.	લેક્ચરર ઇન કેમિસ્ટ્રી	... ત્રણ જગ્યા
૪.	રીડર ઇન ફિઝિક્સ	... એક જગ્યા
૫.	લેક્ચરર ઇન ફિઝિક્સ	... એક જગ્યા
૬.	રીડર ઇન બોટાની (ફિઝિયોલોજી)	... એક જગ્યા
૭.	લેક્ચરર ઇન બોટાની	... એક જગ્યા
૮.	રીડર ઇન મૅથેમેટિક્સ	... એક જગ્યા
૯.	લેક્ચરર ઇન મૅથેમેટિક્સ	... એક જગ્યા
૧૦.	લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિક્સ	... એક જગ્યા

૪૩. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ના રોજ ઓ. કોમ. ૫-બી અૅકેડેમિક કાઉન્સિલને રિફર-બૅક કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. આચાર્ય સી. એલ. શાસ્ત્રી તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત:

"આ અૅકેડેમિક કાઉન્સિલ ઠરાવે છે કે પ્રી-યુનિ. આર્ટ્સ પરીક્ષામાં જો કોઈ વિદ્યાર્થી એક જ વિષયમાં નાપાસ થતો હોય તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં ટર્મ ભરવાની છૂટ આપવી અને તે પ્રમાણે નિયમો બનાવવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૫. ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૯-૨-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર પ્રી-યુનિ. વિનયન તથા પ્રી-યુનિ. વિજ્ઞાનનો ગણિત વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને તે માટે રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨ તથા રેગ્યુ. પ્રી-સાયન્સ-૨ સુધારવા અને તેને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની તા. ૯-૨-૧૯૬૮ની સભાની ભલામણ મંજૂર કરવા તથા સુધારેલા રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૨ તથા રેગ્યુ. પ્રી-સાયન્સ ૨ને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલ રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૨ તથા રેગ્યુ. પ્રી-સાયન્સ ૨ની નકલ આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૪૬. આચાર્ય ડી. એમ. શીખ તરફથી આવેલ નીચેના ચાર પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત:

૧. "યુનિવર્સિટીનાં પરિણામો સાથે જ વિદ્યાર્થીઓને ગુણપત્રકો મળે તેવી વ્યવસ્થા કરવી."

૨. "તૃતીય વર્ષ બી.કૉમ.ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે દર વર્ષે ઑક્ટોબરમાં પણ પરીક્ષા લેવી."

૩. "પ્રી-યુનિ. કૉમર્સની પરીક્ષામાં જો એક જ વિષયમાં વિદ્યાર્થી નાપાસ થતો હોય તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં સત્રો ભરવાની છૂટ આપવી."

૪. "પ્રી-યુનિ. કૉમર્સની યુનિવર્સિટીની પરીક્ષામાં જે પ્રથમ દસ વિદ્યાર્થીઓ આવે છે તેમનાં નામ પરિણામ વખતે જાહેર કરવામાં આવે છે. એ જ રીતે પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ બી.કૉમ.ની પરીક્ષાઓનાં પરિણામ સાથે પ્રથમ દસ આવેલા વિદ્યાર્થીઓનાં નામ પણ જાહેર કરવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. નીચેના વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવીના મહાનિબંધો અંગે રેફરીઓ તરફથી આવેલા અહેવાલો (જાણ માટે):

ક્રમાંક	નામ	વિષય	પદવી
૧.	શ્રી. આર. એસ. શાહ	રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. એમ. એસ. મુર્થી	વનસ્પતિવિજ્ઞાન	પીએચ.ડી.
૩.	શ્રી. આર. કે. મલહોત્રા	પ્રાણીવિજ્ઞાન	પીએચ.ડી.
૪.	શ્રી. ટી. એસ. નાન્દી	સંસ્કૃત	પીએચ.ડી.
૫.	શ્રી. કે. એચ. પંડ્યા	ફાર્મેકોલોજી	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) જૂન ૧૯૬૮થી શરૂ થતા તૃતીય વર્ષ બી.એ.ના મનોવિજ્ઞાનના અભ્યાસક્રમમાંથી " Advanced General Psychology " નું ફરજિયાત પ્રશ્નપત્ર ૮ રદ કરવામાં આવ્યું છે તેના સ્થાને વૈકલ્પિક પ્રશ્નપત્ર ૧૦માં જે એક પ્રશ્નપત્ર લેવાની જોગવાઈ છે તેને બદલે બે વૈકલ્પિક પ્રશ્નપત્રો (એક પ્રશ્નપત્ર ૮ના બદલામાં અને બીજું પ્રશ્નપત્ર ૧૦ મુજબ) લેવાનાં રહે છે. આ વ્યવસ્થા એક વર્ષ પૂરતી જ એટલે કે માર્ચ-એપ્રિલ ૧૯૬૯ની પરીક્ષા માટે રાખ્યાના.

(૨) રેગ્યુ. એમ.એ.-૮ નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધાર્યાના અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકયાના :

R. M.A.-8 (M.A., Part II Psychology) :

1. Under R.M.A.-8, M.A., Part II, Area 2 Clinical Psychology, Item No. 4 be replaced by the following :

   " Dissertation in the area of Clinical Psychology "

2. The practicum requirements of Paper V (Advanced Abnormal Psychology), Paper VI (Clinical Psychology) and Paper X (Psychological Testing) be amended as follows :

(*i*) Paper V (Advanced Abnormal Psychology)—Praticum

(1) Visit to a Mental Hospital to study its working and administration.

(2) Diagnostic study of two cases in terms of their symptoms, past history and prognosis, and writing the report thereof.

(3) Observation and reporting of the procedures of current therapies and their admininistration.

(*ii*) Paper VI (Clinical Psychology)—Practicum

(1) Providing experiences in Administration, scoring and writing of specially selected clinically useful tests.

(2) Orientation to the clinical work by clinical team and attending clinical conferences and submitting a report thereto.

(*iii*) Paper X (Psychological Testing)—Practicum

(1) Administration, scoring and reporting of an individual test of intelligence.

(2) Administration, scoring and reporting of a group test of intelligence.

(3) Administration, scoring and reporting of a special aptitude test.

(4) Administration scoring and reporting of an interest inventory.

(૩) પ્રી-યુનિવર્સિટી વિનયનથી થઈ બી.એ. સુધીના અભ્યાસક્રમની પુસ્તિકાના પાનાં નં. એ-૧૬૮ ઉપર આપવામાં આવેલ અર્થશાસ્ત્ર વિષયના વૈકલ્પિક પ્રશ્નપત્ર ૧૦માં આવતા (૩) "History of Economic Thought"ના અભ્યાસક્રમની શરૂઆતમાં "Any one of the following" છપાયેલ છે તે છાપભૂલ હોઈ તે રદ કર્યાના.

(૪) થર્ડ યર બી.એ.ની પરીક્ષામાં નિબંધના પ્રશ્નપત્ર માટે ભારતીય સંસ્કૃતિ અને ઇસ્લામિક કલ્ચર વિષયના નિબંધના મુદ્દાઓ મંજૂર કરી જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવાના;

(૫) એમ.એ. ભાગ ૨ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી અંગ્રેજી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૮-અ માટે નિયત કરેલું પુસ્તક "An Anthology of Indo-Anglican Poetry" અપ્રાપ્ય હોવાથી તે પુસ્તક તથા તેના વિકલ્પે નિયત કરેલું પુસ્તક "Savitri" by Shri Aurobindo Ghosh—બંને પુસ્તકો અભ્યાસક્રમમાંથી રદ કર્યાના;

(નોંધ.—આથી આ પ્રશ્નપત્ર માટે અભ્યાસક્રમમાં છને બદલે પાંચ પુસ્તકો જ રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૪૯. થર્ડ બી.એ. પરીક્ષાના ગણિતશાસ્ત્રના વિષયના ગુણાંક અંગેનો સુધારો એક્સ્ટર્નલ પરીક્ષાને પણ સ્પર્શતો હોવાથી રેગ્યુ. એક્સ્ટર્નલ આર્ટ્સ ૧૧ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા વિચારણા કરવા બાબત :

R. Ext. Arts-11 :

No.	*Subjects*	*Papers*	*Marks*	*Duration of Examination*
22.	Mathematics	Six	—	—
	Paper VI-A (Theory)		75	2 hours
	Papers VII, VIII, IX & X		120 each	3 hours each
	Paper VI-B (Practical)		45	3 hours

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. એક્સ્ટર્નલ આર્ટ્સ ૧૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫૦. Post-Basic Bachelor of Science Degree (Nursing)ના અભ્યાસ-ક્રમ અંગેના ઑર્ડિ. ૧ તથા રેગ્યુ. ૧, ૨, ૩ અને ૪ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(સદરહુ ઑર્ડિનન્સોની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૫૧. આચાર્યશ્રી જે. બી. સાણ્ડિલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત:

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૭. પ્રથમ વર્ષ બી.એ.ના ૧૯૬૯ના વર્ષમાં લેવાનારી હિન્દી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૧ માં નિયત કરવામાં આવેલ "યશોધરા" ના અભ્યાસ અંગે આ અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીએ કરેલ નીચે મુજબની સ્પષ્ટતા અંગે વિચારણા કરવા બાબત:

(નોંધ.—સંદર્ભ માટે નીચેના અંશો રહેશે:

'સિદ્ધાર્થ', પૃ. ૧૪–૧૮; 'મહાભિનિષ્ક્રમણ', પૃ. ૧૯–૨૮; 'યશોધરા'–૧, પૃ. ૨૯–૩૫; 'શુદ્ધોદન', પૃ. ૩૯–૪૩; 'યશોધરા'–૨, પૃ. ૪૮–૫૬; 'રાહુલજનની'–૧, પૃ. ૬૭–૭૬; સંધાનથી અંત સુધી, પૃ. ૧૭૦થી ૨૦૮.

આ પૃષ્ઠાંક "યશોધરા"ની સંવત ૨૦૨૪ની નવી આવૃત્તિના છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ બી.એ.ની ૧૯૬૯ના વર્ષમાં લેવાનારી હિન્દી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૧માં નિયત કરવામાં આવેલ પુસ્તક 'યશોધરા'ના અભ્યાસ અંગે સ્પષ્ટતા કરવા માટે ઉપરની નોંધ મંજૂર કરવી.

૩૮. સંસ્કૃતની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવા અંગે પત્રવ્યવહારથી મળેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	ડિગ્રી	ઇન્ટર્નલ રેફરી	સૂચિત એક્સ્ટર્નલ રેફરીઓ
શ્રી. એમ. એમ. પંડ્યા	સંસ્કૃત: "ધી ફિલો-સોફિકલ બેઝિઝ ઑફ ધી આયુર્વેદ"	પીએચ.ડી.	શ્રી. એ. ડી. શાસ્ત્રી, એચ.ટી.બી. કૉલેજ, સુરત	૧. શ્રી. બાપાલાલ વૈદ્ય ૨. શ્રી. પ્રાણજીવન મહેતા, ધન્વતરિ મંદિર, જામનગર ૩. ડૉ. ટી. એન. દવે, મૂળી.

(નોંધ.—અભ્યાસસમિતિના કુલ ૧૪ સભ્યોમાંથી ૪ સભ્યોની અનુમતિ આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ઉપર જણાવેલા રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૯. બી.એ.ની જૂના અભ્યાસક્રમની પરીક્ષાઓ માફક ત્રણ વર્ષના પદવી અભ્યાસ-ક્રમમાં સ્પેશિયલ વિષયની પદવી ઉપરાંત જનરલ વિષયની પદવી-પરીક્ષા લેવાની જોગવાઈ કરવા અંગે ડૉ. સી. આર. નાયકના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૦. ડજનેરી વિદ્યાશાખાની તા. ૩૧-૭-૧૯૬૮ની સભાએ કરેલ નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

"પાંચ વર્ષના સુમ્રથિત અભ્યાસક્રમ દાખલ થયા પછી 'સેમેસ્ટર' પ્રથા અનુસાર અભ્યાસક્રમ દાખલ કરવાનો પ્રશ્ન વિચારણા માટે ઉપસ્થિત થયો અને તે ઉપર વિચારણા કરતાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે—

(૧) 'ટેકનોલોજી ઇન્ફર્મેશન એન્જિનિયરિંગ' વિદ્યાશાખામાં સત્વરે સેમેસ્ટર પ્રથા દાખલ કરવી. સેમેસ્ટર પ્રથાને મંજૂરી મળે તે માટેની વિગતો તૈયાર કરવા તાત્કાલિક પગલાં ભરવાં.

(૨) સેમેસ્ટર પ્રથા દાખલ થયે આ વિદ્યાશાખા માટે વર્ષમાં બે વખત પરીક્ષા લેવાની રહેશે.

આ સભા અૅકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને આગ્રહપૂર્વક ઉપરની બાબત સ્વીકારવા ભલામણ કરે છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે મજનેરી વિદ્યાશાખામાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવા માટે જરૂરી યોજના તૈયાર કરીને રજૂ કરવા માટે સદરહુ વિદ્યાશાખાને જણાવવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની વર્ષમાં બે વખત પરીક્ષા લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૨. ઑર્ડિ. ૬૫-એસ નીચે પ્રમાણે સુધારવા માટે પેટલાદ કૉલેજ, પેટલાદના આચાર્યશ્રી તરફથી આવેલા સૂચન પર વિચારણા કરવા બાબત :

Amedment in O. 65-S :

There shall not be generally be more than five post-graduate centres in a zone, provided that the Syndicate may, in its discretion, permit the opening of a sixth centre for the same subject of Post-graduate study at another place, if (*i*) there are at least ten students enrolled in those five centres in the preceding year, and (*ii*) the institution applying for the new centre has at least ten candidates ready for enrolment to start with and fulfils all the conditions laid down under the relevant rules for opening a centre. In no case, there shall be more than *six* centres in a subject in the same zone.

(નોંધ.—હાલના ઑર્ડિ. ૬૫-એસ માં એક ઝોનમાં ત્રણથી વધુ અનુસ્નાતક કેન્દ્રો ન હોવાં જોઈએ તેવો ઉલ્લેખ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવી.

૪૩. બી.એ. ભાગ-૧ના ગુજરાતી વિષયના પ્રશ્નપત્ર ૨માં નીચેની વિગતો અભ્યાસક્રમની સ્પષ્ટતા રૂપે સંકલિત કરવા માટેના સદરહુ અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

ધ્વનિસ્વરૂપ

પ્રતીયમાન અર્થનું સ્વરૂપ

એનો વિરોધ

અભાવવાદીઓ

વ્યંજનાની અભિધાથી ભિન્નતા

લક્ષણાથી ભિન્નતા

દીર્ઘ અભિધાથી ભિન્નતા

અનુમાનથી ભિન્નતા

લક્ષણાનું પ્રયોજન વ્યંજનાથી જ સમજાય.

બીજી લક્ષણા શક્ય નથી.

વિશિષ્ટ લક્ષણયુક્ત નથી.

ધ્વનિના પ્રકારો

મુખ્ય પાંચ પ્રકારો :

(૧) લક્ષણામૂલ–અત્યંત તિરસ્કૃત
(૨) અર્થાન્તર સંક્રમિત
(૩) અભિધામૂલ શબ્દશક્તિમૂલ
(૪) અર્થશક્તિમૂલ
(૫) ઉભયશક્તિમૂલ.

"ધ્વન્યાલોક" અને "કાવ્યપ્રકાશ"
સંલક્ષ્યક્રમવ્યંગ્ય
અસંલક્ષ્યક્રમ વ્યંગ્ય
લૌકિક અને અલૌકિક રસ
વસ્તુઅલંકાર
સ્વતઃસંભવી
કવિ પ્રૌઢોક્તિમાત્ર સિદ્ધ
કવિ નિબદ્ધ પાત્ર પ્રૌઢોક્તિમાત્ર સિદ્ધ
પદ, વાક્ય, પ્રબંધ, પદૈકદેશ, રચના અને વર્ણમાંથી અસંલક્ષ્યક્રમની વ્યંજના

રસસ્વરૂપ

૧. ભાવ અને રસનો ભેદ
૨. લૌકિક અનુભવ અને કાવ્યાનુભવનો ભેદ
૩. નિર્વિઘ્ના સંવિત દ્વારા અનુભવાતો સ્થાયી
૪. વિભાવાદિની ચર્વણા ચાલે જેટલું જ આયુ
૫. ભીન્ન અનુભવોથી એની ભિન્નતા
૬. સ્થાયિવિલક્ષણો રસઃ
"અભિનવ-ભારતી"

રસપ્રક્રિયા

૧. ભરતનું રસસૂત્ર અને રસવિચાર
૨. વિભાવ, અનુભાવ, વ્યભિચારિભાવ અને સ્થાયિભાવની સમજૂતી
૩. વિભાવાદિની અલૌકિકતા
૪. રસસૂત્રની લોલ્લટની વ્યાખ્યા
૫. એની સામેના વાંધા
૬. શંકુકની રસસૂત્રની વ્યાખ્યા
૭. કાવ્યાનુભવની વિશેષતા
૮. એની સામેના વાંધા
૯. ભટ્ટનાયકની રસસૂત્રની વ્યાખ્યા
૧૦. સાધારણીકરણનું સ્વરૂપ

૧૧. એની સામેના વાંધા
૧૨. અભિનવની રસસૂત્રની વ્યાખ્યા
૧૩. એમાં પૂર્વાચાર્યોના મતોના બાહ્ય અંશોનો સ્વીકાર
૧૪. રસપ્રતીતિનાં વિઘ્નો અને તેનો નિહ્રાસ
૧૫. "નાટ્યશાસ્ત્ર" અને "અભિનવભારતી"

વક્રોક્તિ

કાવ્યની વ્યાખ્યા
શબ્દાર્થનું સાહિત્ય
વક્રતા એટલે શું ?
વક્રતાના પ્રકારની ગણના
માર્ગો — ત્રણ
તેમનું સ્વરૂપ
માર્ગો વિશેના પૂર્વાચાર્યોના મતોની ચર્ચા
"વક્રોક્તિજીવિત"
રમણીયતા — જગન્નાથનો કાવ્યવિચાર
કાવ્યની વ્યાખ્યા
શબ્દ ઉપરનો ભાર
રમણીયતાની વિભાવના
"રસગંગાધર"

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., પાર્ટ ૧ના ગુજરાતી વિષયના પ્રશ્નપત્ર ૨ના અભ્યાસક્રમની સ્પષ્ટતા માટે ઉપરની વિગતો મંજૂર કરવી.

૪૩. **તબીબી વિદ્યાશાખાની તા. ૧૮/૧૯-૧-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ની સભાએ, દંતવિદ્યાની અલગ વિદ્યાશાખા ભારતની કઈ યુનિવર્સિટીમાં છે તેની માહિતી મંગાવી આ સભા સમક્ષ રજૂ કરવા ઠરાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:**

"આથી ઠરાવવામાં આવે છે કે ડેન્ટિસ્ટ્રીનો અભ્યાસક્રમ સ્વતંત્ર અને અલાયદી વિદ્યાશાખા માગી લે તેવા વિષયોનો હોવાથી ઍકૅડેમિક કાઉન્સિલને અને અન્ય સંબંધકર્તા મંડળોને ભલામણ કરવામાં આવે છે કે ડેન્ટિસ્ટ્રીની એક જુદી વિદ્યાશાખા સ્થાપવી."

[નોંધ.—(૧) દસ યુનિવર્સિટીઓ પૈકી સાત યુનિવર્સિટીઓના પ્રત્યુત્તર આવેલ છે, જેમાં મુંબઈ યુનિવર્સિટીમાં દંતવિદ્યાની અલગ વિદ્યાશાખા છે.
(૨) ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ, બી.ડી.એસ. ની પરીક્ષા લેતી પ્રત્યેક યુનિવર્સિટીએ દંતવિદ્યાની અલગ વિદ્યાશાખા રાખવા ઠરાવ્યું છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૪. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮/૧૯–૧–૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩/૨૪–૧–૧૯૬૮ની સભામાં ફાર્મસીની અલગ વિદ્યાશાખા ભારતની કઈ યુનિવર્સિટીમાં છે તેની માહિતી મંગાવી આ સભા સમક્ષ રજૂ કરવા ઠરાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

"ફૅકલ્ટી ઑફ મેડિસિન ઇન્કલ્યુડિંગ ફાર્મસીની આ સભા માને છે કે ફાર્મસીનો અભ્યાસક્રમ સ્વતંત્ર અને અલાયદી વિદ્યાશાખા માગી લે તેવા વિષય તરીકે વિકાસ પામ્યો છે અને તેથી એકૅડેમિક કાઉન્સિલ અને અન્ય સંબંધકર્તા મંડળોને ભલામણ કરે છે કે આ યુનિવર્સિટીમાં ફાર્મસીની જુદી વિદ્યાશાખા સ્થાપવામાં આવે."

(નોંધ.—કુલ ૧૬ યુનિવર્સિટીઓ તરફથી પ્રત્યુત્તર આવેલ છે. તેમાં કોઈ યુનિવર્સિટીમાં ફાર્મસીની અલગ વિદ્યાશાખા નથી.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એ.કા./૩૫૬૩૩/૧૯૬૮.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૯.
ઑગસ્ટ ૨૧, ૧૯૬૮.

કું. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૪(૧)

T.Y.B.A. PSYCHOLOGY SPECIAL

Optional Papers

PAPER X : ELEMENTARY ABNORMAL PSYCHOLOGY

1. Nature and scope of abnormal behaviour : The concept of abnormality, Normal and abnormal, Shifting borderline between health and disease, criteria of psychopathology. *History of the Problem of Abnormal Behaviour* : Primitive period, classical and medieval periods, Renaissance period, Eighteenth to twentieth centuries, Developments in psychiatric thought in modern era. *Approaches to personality* : Early conceptions of personality, Psychoanalytic approaches, Non-psychoanalytic approaches (W.J.C. : 1-47; P.J.S. : 1-21).

2. Psychodynamics of human behaviour : The Ego and the Self, motivation, levels of awareness, Frustration and conflict, the adjustment process (W.J.C. : 47-60).

Etiological factors : Biological factors, psychological factors, social and cultural factors, social status and mental disorder, Fashions of psychopathology, Emotional disease as social deviance, classification of mental disorders (W.J.C. : 60-86).

3. Transient situational personality disorders : (*a*) Gross stress reactions, (*b*) Adjustment reactions, (*c*) *Anxiety and neurotic constriction* : Nature of anxiety, somatic concepts of anxiety and panic, the world of the anxious person, Existential anxiety and mundane fears, Theories of anxiety, Freuds physicalistic model-anxiety about separation from the mother-Horney's basic anxiety, Neurotic anxiety and guilt, anxiety and neurosis, symptoms formation, asymptomatic neurosis, mechanisms and strategies of defence, Experimental investigation of repression, other defences, Over compensation and neurotic quest for power (W.J.C. 86-91; P.J.S., 21-52).

4. Psychosomatic disorders : General nature of ysychosamatic disorders, incidence (*a*) *Bodily reverberations of intense emotions.* Basic difference between psychosomatic and neurotic disorders, choice of the illness and choice of the organ, Essential hypertension. The existential analytic view of hypertension, (*b*) *Branchtal Asthma Laboratory Produces attacks of asthma* Psychoanalytic theories of Asthma, Clinical studies, a pluralistic concept of etiology, (*c*) The body mind problem in psychosomatic medicine, (*d*) Treatment (W.J.C. : 91–100; P.J.S. 107–133).

5. Psychoneurotic disorders : Incidence relation to psychosis, etiology, general characteristics, classification of neurotic disorders, multi-dimensional schemes of diagnosis (*a*) ***Traumatic neurosis*** : Illustrations of traumatic neurosis, The meaning of post-traumatic symptoms, the epidemiology of war neurosis, war stress and civilian populations, Noareotherapy and re-enactment of the trauna, (*b*) ***Anxiety states*** : Illustrations, (*c*) ***Phobias and their illustrations***, varieties of phobic fears, the latent meaning of phobic objects. The therapeutic task in Phobia, (*d*) ***Hysteria*** : Neurosis and neurological disease, subtypes of hysteria–conversion reactions and dissociated, states, the partial vanishing hysteria, ambiguities of medical progress, psychological meaning of hysteria. Illustrations, the problem of symptom choice, the hysterical personality simultation and "will to sickness", existential–analytic description of hysteria, treatment. (*e*) ***Obsessive compulsive neurosis*** : Obsessive thoughts and compulsive rituals, comparison with hysteria, the world of compulsive, obsessional defences, illustrations periodicity of obsessional symptoms, The temporal structure of the obsessional worlds, treatment. (W.J.C. : 100–120, P.J.S., 52–107).

6. The psychosis : Organic and functional psychoses, psychoses and neuroses, some myths about psychiatric illness (*a*) ***Schizophenic reactions*** : Incidence, characteristic symptoms, concretization of schizophremic thought, Diagnostic subgross, etiology, schizophrenogenic mothers and families, The truth content of psychotic delusions, the hereditary factor, the nature–nurture controversy, physiological correlates of schizophrenia, effects of hallucinogenic and tranqulizing drugs, the unbridged gap between organic and psychological concepts of schizophrenia, treatment somatic therapies-psychotherapeutic approaches, (*b*) ***Affective reactions*** (***Manic-depressive disorders***) : Incidence, Etiology "Flight into

reality" and Pathological Grief, the "Leaping style of Life" of the Maniac. Neurotic reactive depression, characteristic symptoms of depressive reaction, treatment. (*c*) *Other psychotic* reactions : Involution reactions, Paranoid reaction (W.J.C., 156-187; P.J.S., 159-194).

7. Personality disorders (character disorders) : The diagnostic uses of moral criteria, character neurosis and sociopathy (*a*) ***Personality pattern disturbances,*** (*b*) ***Personality trait disturbances,*** (*c*) ***Sociopathic personality disturbances,*** (*d*) ***Intermittant and defective super-ego,*** Illustrations of psychopathic disorder, the etiology of psychopathic behaviour, Treatment, (*e*) *Homosexuality* : The normality of homosexual behaviour, some myths about homosexuality, Biological and Psychological theories about homosexuality, Illustration of homosexuality, The essential meaning of norm-defying sexual acts, treatment (W.J.C., 120–143; P.J S., 133-157).

8. Special symptom reactions : (*a*) Learning disturbances, (*b*) Speech disturbances, (*c*) Neuresis and sleep disturbances, (*d*) Habit reactions, (*e*) Masturbation excess, (*f*) Lying, stealing and truancy (W.J.C. 143-156).

9. Organic Psychoses : (*a*) Semile psychoses, (*b*) Psychoses due to disturbances of circulation, (*c*) Psychoses due to trauma, (*d*) Psychoses associated with infection, (*e*) Psychoses due to intoxication, (*f*) Psychoses due to disturbance of metabolism, growth, nutrition and endocrime function, (*g*) Psychoses due to new growth, (*h*) Psychoses due to unknown or hereditary causes but associated with organic change (W.J.C., 187-202).

10. Epilepsy and related states (W.J.C., 202-208).

11. Mental deficiency : Criteria of deficiency, Incidence, Gradation of mental deficiency, clinical types of mental deficiency, treatment of mental deficiency and prevention (W.J.C. 208-220).

12. Symptomatology to mirtal disease : Meaning of symptoms, symptoms due to disordered cognition, symptoms due to disordered volition, symptoms of motor disorder, symptoms of disordered emotions and affection (W.J.C., 220-235).

13. Diagnostic process and therapy : Interdisciplinary approach, Diagnostic procedures and tools, goals of therapy, Somatotherapeutic techniques, Psychotherapeutic techniques, therapeutic adjustments, unresolved problems of therapy (W.J.C., 235–265; P.J.S, : 194–219).

14. Mental Hygiene : A sound programme of mental hygiene, Restoration of mental health, admission procedures, organised of mental health activities, mental health personnel (W.J.C., 264–275).

Books recommended

(a) Basic books :

(W.J.C.) 1. Walter J. Coville, Timothy W. Costello and Fabian L. Rouke : 'Abnormal Psychology', New York, Barnes Noble & Co., 1960 (College outline series).

(P.J.S.) 2. Paul J. Stern : 'The Abnormal Personal and His World', New York, D. Van Nostrand Co. Inc., 1964 (Also East-West Edition, New Delhi; Affiliated East-West Pvt. Ltd., 1966).

(b) For reference :

1. Max L. Hutt and Robert G. Gibby : 'Patterns of Abnormal Behaviour', Boston 11; Mass. : Allyn and Bacon, College Division, 150, Tremont St., Boston, 1958.

2. O'Kelly and Muckler : 'Introduction to Psychopathology', Englewood Cliffs, Prentice Hall, Inc., Second ed.

પરિશિષ્ટ "ખ"
ઠરાવઠરાવ ક્રમાંક ૭૫

O. Ext. Arts 1-A :

A candidate who has already passed the B.A. Examination under the Three-year Degree Course will be permitted to reappear at the B.A. Degree External Examination with a new set of subjects under the following conditions :

(*i*) A candidate who chooses as his Principal subject with which he has already passed the B.A. Degree Examination under the Three-year Degree Course of this University as a Subordinate subject will be required to register his name for the Third B.A. External Examination and also pass the fifth paper in that subject either previously or in the same examination season at the Second B.A. External Examination, for which purpose he shall be required to apply for the registration separately, provided that the result of the B.A. Degree Examination with a new Principal subject shall not be declared until he passes in the paper concerned at the Second B.A. External Examination, and provided further that the result of the B.A. Degree External Examination so held in abeyance shall be forfeited, if he fails to pass in the paper concerned at the S.Y.B.A. External Examination within two years of the declaration of the result so held in abeyance.

(*ii*) A candidate who chooses as his Principal and Subordinate subjects, a set of subjects entirely different from the subjects with which he has passed the B.A. Degree Examination in the Three-year Degree Course of this University previously will be required to register name as an external student and pass the Second B.A. External Examination, and having passed it or having failed in it, but allowed to keep terms for the T.Y.B.A. External Examination as also register name as an external student for the Third B.A.

External Examination under the existing rules and pass the examination as per provision under the relevant regulations, provided further that such a candidate shall be held eligible for a class at the examination at which he appears, but shall not be held eligible for a prize, scholarship or any other award at the examination and provided further that the marks equal to the percentage or marks obtained by him at the First B.A. Examination at which he has passed while passing the previous B A. Degree Examination shall be credited to him for the purpose of determining his class at the Second or subsequent Third B.A. External Examination at which he appears under the provisions of this Ordinance.

(*iii*) They will be allowed to claim exemption in compulsory subject or subjects in which they have already passed and which they repeat at the Second B.A. and/or at the Third B.A. External Examination, as the case may be, but if they claim exemptions they will not be entitled to a scholarship or prizes or award.

(*iv*) A candidate who has already passed B.A. Degree Examination under the old course can appear at the Second B.A. Examination under the Three-year Degree Course with a new set of subjects. He will not be required to pass Compulsory English paper and General Education at the Second B.A. External Examination and the Compulsory English paper at the Third B.A. External Examination.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

G.U.P. 888-875-10-11-88

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૬૮ના વર્ષની પાંચમી સભા, સોમવાર તા. ૨૬-૮-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને મંગળવાર, તા. ૨૭-૮-૧૯૬૮ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૬-૮-૧૯૬૮	તા. ૨૭-૮-૧૯૬૮
૧.	શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. ક. ચં. પરીખ, કુલસચિવ	હાજર	હાજર
૩.	પ્રિ. મ. પ્રા. શુકલ	હાજર	હાજર
૪.	પ્રિ. કે. એન. શાહ	હાજર	હાજર
૫.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર	હાજર
૬.	પ્રિ. ગિરીશભાઈ સી. પટેલ	હાજર	હાજર
૭.	ડૉ. ઈ. એમ. બેસ્ટ	હાજર	ગેરહાજર
૮.	પ્રિ. એન. બી. જોશી	હાજર	હાજર
૯.	શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર
૧૦.	શ્રી. એસ. કે. ઝવેરી	ગેરહાજર	ગેરહાજર
૧૧.	ડૉ. જે. જે. મિનોચ	હાજર	ગેરહાજર
૧૨.	પ્રિ. ડૉ. ધીરુભાઈ ઠાકર	હાજર	હાજર
૧૩.	પ્રિ. એચ. એમ. શુકલ	હાજર	ગેરહાજર
૧૪.	પ્રિ. એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૧૫.	પ્રિ. સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર
૧૬.	પ્રો. વી. એમ. શાહ	હાજર	હાજર
૧૭.	ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૬-૮-૧૯૬૮	તા. ૨૭-૮-૧૯૬૮
૧૮.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૧૯.	ડૉ. ડી. એચ. સુતરિયા	હાજર	ગેરહાજર
૨૦.	ડૉ. તારાબહેન પટેલ	ગેરહાજર	ગેરહાજર
૨૧.	પ્રિ. યુ. ડી. ભટ્ટ	હાજર	ગેરહાજર
૨૨.	શ્રી. એલ. આર. દેસાઈ	હાજર	હાજર
૨૩.	પ્રિ. ડૉ. કે. જી. દેસાઈ	હાજર	હાજર
૨૪.	ડૉ. લીલાબહેન શાહ	હાજર	હાજર
૨૫.	શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર
૨૬.	પ્રો. વી. જે. ત્રિવેદી	હાજર	હાજર
૨૭.	શ્રી. જશવંત ઠાકર	ગેરહાજર	હાજર
૨૮.	પ્રિ. એ. એચ. આઈ. વોરા	હાજર	ગેરહાજર
૨૯.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર	હાજર
૩૦.	પ્રિ. એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર
૩૧.	પ્રિ. એમ. સી. દેસાઈ	હાજર	હાજર
૩૨.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર	હાજર
૩૩.	પ્રો. એમ. પી. પંડ્યા	હાજર	હાજર
૩૪.	શ્રી. જી. એસ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૩૫.	ડૉ. ય. ગુ. નાયક	હાજર	હાજર
૩૬.	ડૉ. એલ. ડી. દવે	હાજર	હાજર
૩૭.	પ્રિ. સી. એમ. પટેલ	હાજર	હાજર
૩૮.	પ્રો. જી. ટી. પંડ્યા	હાજર	ગેરહાજર
૩૯.	પ્રિ. સી. સી. શાહ	હાજર	હાજર
૪૦.	પ્રિ. એસ. આર. મહેતા	હાજર	હાજર
૪૧.	પ્રિ. એમ. સી. શ હ	હાજર	હાજર
૪૨.	પ્રિ. કે. એમ. તલાટી	હાજર	હાજર
૪૩.	પ્રિ. એમ. એસ. પંડિત	હાજર	હાજર
૪૪.	પ્રિ. ડી. ડી. દેસાઈ	હાજર	હાજર
૪૫.	પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૪૬.	પ્રિ. ટી. એમ. પરીખ	હાજર	હાજર
૪૭.	પ્રો. એચ. એસ. જૈન	હાજર	ગેરહાજર
૪૮.	ડૉ. સી. એચ. નાયક	હાજર	હાજર
૪૯.	ડૉ. પી. એલ. શાહ	હાજર	હાજર
૫૦.	પ્રિ. સી. એસ. શાહ	હાજર	હાજર
૫૧.	ડૉ. એ. એમ. મલાવવાળા	હાજર	હાજર
૫૨.	ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૬-૮-૧૯૬૮	તા. ૨૭-૮-૧૯૬૮
૫૩.	શ્રી. આર. જી. ખારા	ગેરહાજર	ગેરહાજર
૫૪.	પ્રિ. પી. એચ. ભટ્ટ	હાજર	હાજર
૫૫.	પ્રિ. વી. એ. વ્યાસ	હાજર	હાજર
૫૬.	પ્રિ. જે. બી. સાણ્ડિલ્ય	હાજર	હાજર
૫૭.	શ્રી. આર. સી. પરીખ	હાજર	ગેરહાજર
૫૮.	ડૉ. એસ. સી. પંડ્યા	હાજર	હાજર
૫૯.	પ્રિ. એન. એમ. પરીખ	હાજર	હાજર
૬૦.	પ્રિ. એચ. એ. ડિસોઝા	હાજર	ગેરહાજર
૬૧.	પ્રો. પી. સી. વૈદ્ય	હાજર	હાજર.

૧. તા. ૭/૮-૮-૧૯૬૮ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૬૮ની ચોથી સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૭/૮-૮-૧૯૬૮ના રોજ મળેલી સને ૧૯૬૮ની એકૅડેમિક કાઉન્સિલની ચોથી સભાના કામકાજની નોંધને નીચેના ફેરફાર સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત ક્રમાંક ૪ માં કામદાની વિદ્યાશાખામાં "પ્રિ. એન. એસ. પંડ્યા"ની જગ્યાએ "પ્રિ. એમ. એસ. પંડિત" વાંચવું.

(૨) બાબત ક્રમાંક ૨૩(૨)માં બીજી લીટીમાં 'વ્યક્તિને' પછી 'અગર તો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન યોજિત ગ્રીષ્મવર્ગો ભરનાર વ્યક્તિને' એટલા શબ્દો ઉમેરવા.

(૩) બાબત ક્રમાંક ૨૫ નો ઠરાવ નીચે પ્રમાણે વાંચવો :

"આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે ટી.વાય.બી.એ.ના વર્ગમાં નિયંત્રિત પ્રશ્નપત્ર માટે એક તાસ રાખવામાં આવે."

૨. એમ.એ. પાર્ટ ૨ની પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીના ભૂગોળ અને સમાજ-શાસ્ત્રના વિષયોમાં ડિઝર્ટેશન માસ્ટર એસેમાં એક વખત મળેલા ગુણ ચાલુ ગણવા દેવાની જોગવાઈ કરવા માટે પાર્ટ ૨ ની પરીક્ષાનો રેગ્યુલેશન એમ.એ. ૯ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

R. M.A. 9:

To pass the M.A. Degree Examination, a candidate shall be required to obtain—

(*i*) at least 36% of the marks separately each in (*a*) each paper, and (*b*) Practicals, if any, and (*c*) Viva-voce Examination, if any, at the M.A. Part II Examination; and

(*ii*) at least 48% of the total marks obtainable both at M.A. Part I and M.A. Part II Examinations taken together.

Award of classes shall be as under :

(1) A successful candidate obtaining 70% or more marks of the total marks in Parts I and II Examinations taken together will be placed in First Class with Distinction;

(2) A successful candidate obtaining 60% or more marks but less than 70% of the total marks in Parts I and II Examinations taken together will be placed in First Class;

(3) A successful candidate obtaining less than 60% of the total marks in Parts I and II Examinations taken together will be placed in Second Class.

Provided that—

If a candidate passes in the paper of Master Essay in the subject or Entire Sociology or dissertation in Geography but fails in the whole examination, he will not be required to resubmit the Master Essay or dissertation, as the case may be, provided he has obtained at least 36% marks in Master Essay or dissertation. His marks therein will in that event be carried over to subsequent examination or examinations. A candidate passing the examination by compartment will be eligible for a class.

In the event of the failure at the examination, a candidate is entitled to resubmit or submit after revising it, the Master Essay or dissertation in consultation with his teacher.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવામાં આવે.

૩. હાલમાં પ્રવર્તમાન ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર ખંડ સમયના શિક્ષકોને ટ્યુટોરિયલ સહિત કુલ ૧૦ તાસનું શિક્ષણકાર્ય સોંપી શકાય, પરંતુ વ્યાખ્યાનના અને ટ્યુટોરિયલના કેટકેટલા તાસ સોંપવા તે જુદું દર્શાવ્યું નથી. આથી ખંડ સમયના શિક્ષકોને વ્યાખ્યાનના કેટલા તાસ સોંપી શકાય તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

(નોંધ.—ડીનશ્રીનું મંતવ્ય છે કે ખંડ સમયના શિક્ષકને વ્યાખ્યાનના ૭ કે ૮થી વધુ તાસ આપી શકાય નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે ખંડ સમયના શિક્ષકને વ્યાખ્યાન અને/અથવા ટ્યુટોરિયલના મળીને કુલ ૯ કરતાં વધુ તાસ આપી શકાશે નહિ.

૪. બી.એ.ની જૂના અભ્યાસક્રમની પરીક્ષાઓ માફક ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં સ્પેશિયલ વિષયની પદવી ઉપરાંત જનરલ વિષયની પદવી પરીક્ષા લેવાની જોગવાઈ કરવા અંગે ડૉ. સી. આર. નાયકના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર દૃષ્ટિએ વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી:

૧. શ્રી. એલ. આર. દેસાઈ
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ
૩. આચાર્ય જે. બી. સાવિડલ
૪. આચાર્ય ડી. એમ. શીખ
૫. શ્રી. એમ. પી. પંડ્યા
૬. આચાર્ય વાય. પી. શુકલ
૭. આચાર્ય કે. જી. દેસાઈ
૮. આચાર્ય વાય. જી. નાયક
૯. આચાર્ય એસ. આર. મહેતા
૧૦. આચાર્ય એમ. સી. દેસાઈ
૧૧. આચાર્ય હર્બર્ટ એ. ડિસોઝા
૧૨. આચાર્ય એમ. એસ. પંડિત
૧૩. ડૉ. સી. આર. નાયક, કન્વીનર.

૫. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યા તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત:

"બી.કૉમ. થયા પછી જો કોઈ વિદ્યાર્થીને બી.એ.માં પ્રવેશ મેળવવો હોય તો તેને દ્વિતીય વર્ષ બી.એ.માં પ્રવેશ આપવો અને અંગ્રેજી અને જનરલ એજ્યુકેશનની પરીક્ષાઓમાંથી મુક્તિ આપવી. પ્રથમ વર્ષ બી.એ.નાં પેપરો માટે બી.એ. પછી બી.કૉમ.ની જે જોગવાઈ છે તેની જોગવાઈ આ વિદ્યાર્થીઓને પણ લાગુ પાડવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની બી.કૉમ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને વિનયન વિદ્યાશાખામાં ભણવા ઇચ્છતા વિદ્યાર્થીઓને એસ.વાય.બી.એ.ના વર્ગમાં દાખલ કરી શકાય તે માટે જરૂરી ધારાધોરણો ઘડીને પોતાની ભલામણ રજૂ કરવા માટે વિનયન વિદ્યાશાખાને જણાવવું.

સભાગૃહની ઇચ્છાથી બાબત નં. ૬ અને ૭ની વિચારણા સાથે હાથ ધરવામાં આવી.

૬. નવી કૉલેજો માટેની જોડાણ-અરજીઓના સંદર્ભમાં જોડાણ માટેની આવશ્યક પૂર્વતૈયારીરૂપે જરૂરિયાતોના સર્વસામાન્ય ધોરણનું નિર્માણ કરવા માટે તે અંગેના આપણા પ્રશ્નો જોઈતપાસી અહેવાલ તૈયાર કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિની ભલામણો, જે સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

અને

૭. સેનેટે તેની તા. ૨૯/૩૦/૩૧-૩-૧૯૬૮ની સભામાં મંજૂર કરેલ નીચેના ઠરાવને સિન્ડિકેટની તા. ૬-૭-૧૯૬૮ની સભાએ એકેડેમિક કાઉન્સિલની જાણ તથા બહાલી કરવા

મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:

"ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ (સને ૧૯૬૬-૬૭)ના પ્રકરણ ૩, પાન ૭ પર આપેલી વિગતોમાંથી સૂચિત પ્રતિવર્ષે કૉલેજોની વધતી જતી સંખ્યા તેમ જ વિવિધ કૉલેજ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યાને લક્ષમાં રાખીને, સરવાળે વધુ કૉલેજોની ઘટતી જતી આવશ્યકતા, કૉલેજોની આર્થિક સમતુલા, જાહેર નાણાં તેમ જ દાનની રકમોનો સદ્ધનતાપૂર્વક વધુ અસરકારક ઉપયોગ કરવાની જરૂર, સંસ્થાઓની સક્ષમતા અને તદનુસાર વિદ્યાર્થીઓ અને કાર્યકરોની સગવડો અને સલામતી—આ બધાની દૃષ્ટિએ વિચારતાં જણાય છે કે નવી કૉલેજોને જોડાણ આપતી વખતે વધુ કડક, વધુ દૃઢ અને વધુ દૂરંદેશીપૂર્વકની નીતિ અપનાવવાની જરૂર છે. આથી સેનેટની આ સભા, જોડાણના નિયમોને વધુ કડક બનાવવા તથા નવાં જોડાણો આપવા બાબતના અંકુશો તેમ જ જોડાણની શરતોના પાલન પરત્વે વધુ ચીવટાઈપૂર્વકનો અમલ કરવા માટેની વ્યવસ્થા કરવા, લાગતાંવળગતાં મંડળોને, ઉચ્ચ શિક્ષણનું યોગ્ય ધોરણ ટકાવી રાખવાના હેતુથી આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

ચર્ચાવિચારણા દરમિયાન આચાર્ય એમ. સી. દેસાઈએ પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૩(૧)(*d*)માં "that the buildings in which the College is to be located are suitable" એ શબ્દો છે તે જોતાં કોઈ પણ કૉલેજને માટે પોતાની માલિકીનું જ મકાન રાખવાની ફરજ પાડી શકાય નહિ.

તે પરથી આચાર્ય એસ. આર. ભટ્ટે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે જોડાણ અંગે અત્યાર સુધી આ યુનિવર્સિટીમાં ચાલતી આવતી કાર્યવાહીમાં કૉલેજોને પોતાનું મકાન રાખવા માટેની શરત મૂકવામાં આવે છે તે અધિકૃત ગણાય કે નહીં?

કુલપતિશ્રીએ જણાવ્યું કે કોઈ કૉલેજના જોડાણની શરત તરીકે ચાલી આવતી પ્રથા પ્રમાણે યુનિવર્સિટીનાં સત્તામંડળો તે કૉલેજને પોતાનું મકાન રાખવા માટે જણાવે તો તેમ કરવામાં ગુજરાત યુનિવર્સિટી ધારામાં કશું આડે આવતું નથી.

(૧) તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે કૉલેજોના નિભાવ માટે અનામત (deposit) મૂકવા અંગે સદરહુ સમિતિની ભલામણ પણ વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

કૉલેજોની નિભાવ-અનામત અંગેનો સિદ્ધાંત સ્વીકારીને, તેને ભાવી જોડાણ માગતી કૉલેજોને તથા હાલની ચાલુ કૉલેજોને એમ તમામ કૉલેજોને લાગુ પાડવા તથા તેની વિગતો વિચારીને જરૂરી નિયમો ઘડવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) તે પછી કૉલેજોના મકાન માટે અનામત મૂકવા અંગેની સમિતિની ભલામણ પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે ૧૪ વિરુદ્ધ ૯ મતે સદરહુ સમિતિની નીચેની ભલામણ ભાવી જોડાણ માગતી કૉલેજોને સ્વીકારવા માટે ભલામણ કરવામાં આવી:

"મકાન-અનામત પ્રથમ જે વરસના જૂન માસમાં કૉલેજ શરૂ કરવાની હોય તે વરસની તા. ૩૧મી માર્ચ સુધીમાં રૂા. ૧,૦૦,૦૦૦ અને બીજે વરસે તા. ૩૧મી માર્ચ સુધીમાં રૂા. ૧,૦૦,૦૦૦

મળી રૂા. ૨,૦૦,૦૦૦ મકાન-ભંડોળ ખાતે અનામત મૂકવાના રહેશે. એમાંથી ઉપર સૂચવ્યા મુજબ જેમ જેમ મકાન બંધાતું જાય તેમ તેમ યુનિવર્સિટી થયેલા કામના પચાસ ટકા જેટલાં નાણાં છૂટાં કરશે.

મકાન અંગે યુનિવર્સિટીએ પોતાની નીતિ નક્કી કરવાની રહે છે. એક મકાનમાં કેટલી કૉલેજો કામ કરી શકે એ નક્કી કરવું પડે. એકીસાથે એક કૉલેજમાં બે વિદ્યાશાખા ચાલી શકે એવો આજે નિયમ રાખ્યો છે, તેમ જ એક જ મકાનમાં સવાર-બપોર મળી બે કૉલેજો અને બે, ત્રણ કે ચાર વિદ્યાશાખાઓ રાખી શકાય. પણ એ અંગે ચોક્કસ નીતિ નિશ્ચિત કરવાની જરૂર છે, કારણ એ નિયમ ઉપર મકાન-અનામત લેવાનો આધાર રહેશે."

તે પછી આચાર્ય દર્શનસિંગ શીખે ગુપ્ત મતદાન (poll)ની માગણી કરી.

તે પરથી કુલપતિશ્રીએ નીચેના સભ્યોને મકાસણીદારો (scrutineers) તરીકે નીમ્યા :

૧. આચાર્ય જે. બી. સાણ્ડેસરા
૨. આચાર્ય એન. એસ. પંડ્યા.

ગુપ્ત મતદાનના મતોની ગણતરી પરથી ૧૪ વિરુદ્ધ ૧૧ મત (૨ મત અમાન્ય)થી સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવાનો પ્રસ્તાવ પસાર થયેલો જાહેર કરવામાં આવ્યો.

(૩) તે પછી રમતગમતના મેદાન અને ખુલ્લી જગ્યા અંગે સદરહુ સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવામાં આવી :

"જોડાણ માટે અરજી કરનાર સંસ્થાઓએ કૉલેજ માટે ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો.વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવાની આવશ્યકતા રહેશે. એ પૈકી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા કૉલેજની નજદીક હોવી જોઈશે."

તે અંગે ચર્ચાવિચારણાને અંતે વધુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

પ્રત્યેક કૉલેજને માટે (હાલની ચાલુ કૉલેજો તેમ જ ભાવી જોડાણ માટે માગણી કરતી કૉલેજોને માટે) ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચો.વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવી આવશ્યક ગણવા તથા તે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો.વાર જેટલી ખુલ્લી જગ્યા રાખવી આવશ્યક ગણવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિના રિપોર્ટમાં જણાવેલી નીચેની ભલામણો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. જરૂરિયાત : જે સ્થળે જે વિદ્યાશાખાની કૉલેજ શરૂ કરવાની અરજી આવી હોય તે વિસ્તારની ચાલુ કૉલેજો, તેમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા અને એ વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓ તથા એવા વિસ્તારમાંથી એસ.એસ.સી.માં બેસતા વિદ્યાર્થીઓની સંખ્યા વગેરે વિચારી જરૂરિયાત અંગે સ્થાનિક તપાસસમિતિ નિર્ણય લે. એક લાખ કે તેથી વધુ વસતીવાળાં શહેરો સિવાયના વિસ્તારમાં સામાન્ય રીતે

પાંચ માઈલના વિસ્તારમાં આવેલી સંસ્થાઓ ધ્યાનમાં લેવી. શહેરો માટે સમગ્ર શહેર અને તેના પરાં-વિસ્તારો ધ્યાનમાં રાખવાં.

સામાન્ય રીતે શહેરી વિસ્તારમાં આવેલી ચાલુ કૉલેજોમાં એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં લગભગ ૪૦૦ અને બે વિદ્યાશાખાઓવાળી કૉલેજમાં લગભગ ૬૫૦ વિદ્યાર્થીઓ ન હોય ત્યાં નવી કૉલેજની આવશ્યકતા સ્વીકારવી નહીં. એ જ પ્રમાણે શહેર સિવાયના વિસ્તારમાં ચાલુ કૉલેજો પૈકી એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં લગભગ ૨૦૦ અને બે વિદ્યાશાખાઓવાળી કૉલેજમાં લગભગ ૪૫૦ વિદ્યાર્થીઓ ન હોય તો ત્યાં નવી કૉલેજની આવશ્યકતા સ્વીકારવી નહીં. જો ઉપર જણાવેલી સંખ્યાની બાબતમાં અપવાદ કરવાની જરૂર સમિતિને લાગે તો તેનાં કારણો વિગતે આપવાનાં રહેશે. વિશિષ્ટ શિક્ષણની સંસ્થાને ઉપરનો નિયમ લાગુ પડશે નહિ.

સમિતિએ નવી કૉલેજના સ્થળની યોગ્યતા અંગે પણ વિચાર કરવાનો રહેશે.

૨. (૧) અરજી કરનાર સંસ્થા માન્ય થયેલી એટલે કે રજિસ્ટર્ડ થયેલી સંસ્થા હોવી જોઈશે અને એનું બંધારણ તથા વહીવટી નિયમો વગેરે ચોક્કસ ઘડી કાઢેલ હોવાં જોઈશે. રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ અરજી સાથે રજૂ કરવાનું રહેશે.

(૨) એ માન્ય સંસ્થા પાસે પોતાનું ફંડ હોવું જરૂરી છે. એ માટે યુનિવર્સિટીમાં આપવાની અનામતના વીસ ટકા જેટલી રકમ અથવા તેટલી રકમની અસ્કામત જવાબદારીમુક્ત હોય એવું શ્રી ચેરિટી કમિશનરનું સર્ટિફિકેટ આવશ્યક રહેશે.

(૩) શરૂ થતી કૉલેજ માટે પુસ્તકાલય, સાધનસામગ્રી, ફર્નિચર વગેરે માટે જોઈતાં નાણાં મેળવવાની અને એ ઉપરાંત વિજ્ઞાન વિદ્યાશાખા માટે લેબોરેટરી અંગેની સાધનસામગ્રી માટે રૂા. ૧,૦૦,૦૦૦ મેળવવાની ક્ષમતા સંસ્થાએ બતાવવી જોઈશે. સમિતિએ એ અંગે વિગતે હેવાલ આપવાનો રહેશે.

(૪) જો કૉલેજનું પોતાનું મકાન ન હોય તો અરજી કરનાર સંસ્થાએ ત્રણ વર્ષમાં કૉલેજ માટે મકાન તૈયાર કરી આપવાની બાંયધરી આપવાની રહેશે.

૩. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ જરૂરી રહેશે:

(અ) વિદ્યાર્થી દીઠ ૮ ચો.ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો.

(બ) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના ખંડો ઉપરાંત નીચેની ગોઠવણ પ્રત્યેક કૉલેજે કરવાની રહેશે:

(ક) શિક્ષકો માટેનો ખંડ

(ખ) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)

(ગ) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સહિતનો)

(ઘ) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય અને અધ્યાપક માટેની જોગવાઈ

(૬) પીવાના પાણી માટેનો ખંડ

(ચ) યોગ્ય શૌચાલય વગેરેની વ્યવસ્થા.

૪. કૉલેજ ચલાવનાર સંસ્થાએ કૉલેજના મકાનની નજદીક આચાર્ય માટે ભાડામુક્ત નિવાસસ્થાનની તેમ જ છાત્રાલય પર દેખરેખ રાખનાર શિક્ષક માટે છાત્રાલયના વિસ્તારમાં શકય એટલા નજીક ભાડામુક્ત નિવાસસ્થાનની ઘટતી જોગવાઈ કરવાની આવશ્યક ગણાશે.

૫. સંસ્થાએ ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે એવા છાત્રાલયની જોગવાઈ કરવી પડશે. સામાન્ય રીતે એક છાત્રવાળી ઓરડીનું માપ ૮૫થી ૯૦ ચો. ફૂટ, બે છાત્રોવાળી ઓરડીનું માપ ઓછામાં ઓછું ૧૬૦ ચો. ફૂટ અને ત્રણ છાત્રોવાળી ઓરડીનું માપ ઓછામાં ઓછું ૨૧૦ ચો. ફૂટ જેટલા ક્ષેત્રફળવાળું આવશ્યક ગણાશે.

૬. કૉલેજમાં શીખવવામાં આવતા અભ્યાસક્રમની જાહેરાત મુજબ સુસજ્જ ગ્રંથાલય અને યુનિવર્સિટીએ નક્કી કરેલ ધોરણો મુજબની પ્રયોગશાળાઓ આવશ્યક ગણાશે.

૭. શિક્ષકોની નિમણૂક માટે યુનિવર્સિટીએ નક્કી કરેલો લાયકાતના ધોરણે શિક્ષકગણની નિમણૂક કરવામાં આવી છે કે કેમ તેમ જ શિક્ષકોનો કાર્યબોજ નિયમ પ્રમાણે છે કે કેમ તે અંગે ચકાસવાનું રહેશે.

૮. (૧) તા. ૩૧મી માર્ચ સુધીમાં સેનેટે મૂકેલી બધી શરતોનું સંતોષકારક પાલન કર્યાનો અહેવાલ સંસ્થાએ યુનિવર્સિટીના કુલસચિવને મોકલવાનો રહેશે. આ અહેવાલ મળ્યેથી શરતોનું યથાર્થ પાલન થયું છે કે કેમ તેની ખાતરી કરવા સિન્ડિકેટને જરૂર જણાય તો એક અથવા વધુ સભ્યોની ચકાસણીસમિતિ નીમી તેનો રિપોર્ટ મેળવી તા. ૩૦મી એપ્રિલ સુધીમાં ઘટતાં પગલાં લઈ બધી નવી કૉલેજોના જોડાણ અંગે રાજ્ય સરકારને સિન્ડિકેટ ભલામણ કરશે.

(૨) તા. ૩૧મી માર્ચ પહેલાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકગણની નિમણૂકો પૂરેપૂરી થયેલી હોય તે અનિવાર્ય લેખાશે. નીમવામાં આવેલ પ્રત્યેક નિમણૂકપત્ર અને સ્વીકૃતિ-પત્રની નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

૯. જોડાણ અંગે જે શરતો મુકાઈ હશે તેનું સંપૂર્ણ પરિપાલન તા. ૩૧મી માર્ચ પહેલાં કરવું આવશ્યક રહેશે.

૧૦. પ્રથમ વાર જોડાણ માગતી કૉલેજોને ફકત એક વર્ષના સમય માટે જોડાણ મળી શકશે.

૧૧. સ્થાનિક તપાસસમિતિએ ઉપરના તમામ મુદ્દાઓ અંગે ઊંડી તપાસ અને ઘટતી ખાતરી કરવી જોઈશે તથા તે અંગે પોતાનો વિગતવાર રિપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવો જોઈશે અને જોડાણ આપવા માટે કોઈ શરતો મૂકી હોય તો તે સ્પષ્ટપણે દર્શાવવી જોઈએ.

૧૨. ઉપરના નિયમો સ્થાનિક તપાસસમિતિની જાણકારી અને માર્ગદર્શન માટે છે. એ નિયમમાં અપવાદ કરવાની જરૂર જો સ્થાનિક તપાસસમિતિને એકંદરે પરિસ્થિતિ જોતાં લાગે તો તેમ કરવાનાં

વાજબી કારણો શાં છે તે પોતાના અહેવાલમાં સ્પષ્ટ જણાવીને તેવી ભલામણ કરી શકશે, અને તે મુજબ યુનિવર્સિટીનાં અધિકૃત મંડળો વિચાર કરીને પોતાનો નિર્ણય લેશે.

૧૩. ઉપરની જે ભલામણો ફક્ત નવી શરૂ થનાર કૉલેજોને લાગુ પાડવા માટે એકૅડેમિક કાઉન્સિલની સભાએ ભલામણ કરી છે તે જૂની કૉલેજો, તેમાં ઉપર પ્રમાણેનાં ધોરણો જળવાયાં ન હોય તેવી કૉલેજોને લાગુ પાડવાની બાબતમાં સિન્ડિકેટ વિચાર કરી યોગ્ય પગલાં લે અને તે માટે સમયમર્યાદા નક્કી કરવા તથા તે ઉપરાંત ચાલુ બે વિદ્યાશાખાઓવાળી કૉલેજોનું વિભાગીકરણ કરતી વખતે એ બન્ને કૉલેજોને નવી કૉલેજો તરીકે ગણવી કે શું કરવું તેનો નિર્ણય લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૪. નવી કૉલેજો માટે ઉપર જે જે શરતો મૂકી છે તે પૈકી કોઈ ચાલુ કૉલેજમાં એવી શરતો મુકાઈ ન હોય તો તેનાં જોડાણ ચાલુ રાખતી વખતે એ પૈકી કઈ કઈ શરતો મૂકવી તે બાબત તથા તેના પાલન માટેની સમયમર્યાદા શી રાખવી તે અંગે વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

તે પછી બાબત નં. ૭ અંગે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

સેનેટના સદરહુ ઠરાવના સંદર્ભમાં ઉપર બાબત નં. ૬માં જણાવેલા ઠરાવો (૧), (૨) અને (૩) તરફ સિન્ડિકેટનું ધ્યાન ખેંચવું અને જણાવવું કે સેનેટના જોડાણનાં ધોરણો અને દૂરંદેશીભરી નીતિ અંગે ઘટતાં પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી. વધુમાં કૉલેજોની સ્થાનિક તપાસની બાબતમાં સમિતિની રચનામાં યુનિવર્સિટીના અધિકારીઓને પણ સ્થાન આપવા અંગેનું એક સૂચન ચર્ચા-વિચારણા દરમ્યાન થયું હતું તે પરત્વે પણ ઘટતી વિચારણા કરવા માટે સિન્ડિકેટને જણાવવું.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહનું કામકાજ સોમવાર, તા. ૨૬-૮-૧૯૬૮ના રોજ બંધ કરવામાં આવ્યું અને સભા બીજે દિવસે મંગળવાર, તા. ૨૭-૮-૧૯૬૮ના રોજ ફરી મળતાં બાકીની બાબતો વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૮. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૮-૬-૧૯૬૮ની સભાનો નીચેનો ઠરાવ, જેની વિચારણા એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૬-૧૯૬૮ની સભાએ મોકૂફ રાખેલી તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓ એસ.એસ.સી. પરીક્ષા અંગ્રેજી લીધા વિના પાસ કરીને એસ.એન.ટી.ડી. વિમેન્સ યુનિવર્સિટીમાં દાખલ થયા હોય અને તે પછી તે યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી પરીક્ષા પસાર કરીને આ યુનિવર્સિટીમાં એફ.વાય.બી.એ.માં દાખલ થવા માટે આવે તેમને આ યુનિવર્સિટીમાં એફ.વાય.બી.એ.ના વર્ગમાં પ્રવેશ આપવો જોઈએ નહિ, એવા સિન્ડિકેટના ઉપરોક્ત સૂચન સાથે આ સમિતિ સંમત થાય છે અને તેને આનુષંગિક જે કોઈ સુધારાવધારા કરવાના થાય તે કરવા ભલામણ કરે છે."

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ૨૧ વિરુદ્ધ ૧૯ મતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા સૂચનને આધારે યુનિવર્સિટીમાં પત્રવ્યવહાર દ્વારા અભ્યાસક્રમ દાખલ કરવા અંગે વિચારણા કરી અહેવાલ આપવા સિન્ડિકેટે નીમેલી સમિતિનો અહેવાલ, સિન્ડિકેટની તા. ૧૭-૬-૧૯૬૮ની સભાએ, એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો (Correspondence Courses) દાખલ કરવાની તરફેણમાં એકેડેમિક કાઉન્સિલ નથી એમ સિન્ડિકેટને અભિપ્રાય જણાવવો.

૧૦. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮/૧૯-૧-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ની સભાએ, દંતવિદ્યાની અલગ વિદ્યાશાખા ભારતની કઈ યુનિવર્સિટીમાં છે તેની માહિતી મંગાવી આ સભા સમક્ષ રજૂ કરવા ઠરાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે ડેન્ટિસ્ટ્રીનો અભ્યાસક્રમ સ્વતંત્ર અને અલાયદી વિદ્યાશાખા માગી લે તેવા વિષયોનો હોવાથી એકેડેમિક કાઉન્સિલને અને અન્ય સંબંધકર્તા મંડળોને ભલામણ કરવામાં આવે છે કે ડેન્ટિસ્ટ્રીની એક જુદી વિદ્યાશાખા સ્થાપવી."

(નોંધ.—૧. દસ યુનિવર્સિટીઓ પૈકી સાત યુનિવર્સિટીઓના પ્રત્યુત્તર આવેલ છે, જેમાં મુંબઈ યુનિવર્સિટીમાં દંતવિદ્યાની અલગ વિદ્યાશાખા છે.

૨. ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ, બી.ડી.એસ.ની પરીક્ષા લેતી પ્રત્યેક યુનિવર્સિટીએ દંતવિદ્યાની અલગ વિદ્યાશાખા રાખવા ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં દંતવિદ્યાની વિદ્યાશાખા (Faculty of Dentistry) અલાયદી સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

૧૧. તબીબી વિદ્યાશાખાની તા. ૧૮/૧૯-૧-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૮ની સભાએ ફાર્મસીની અલગ વિદ્યાશાખા ભારતની કઈ યુનિવર્સિટીમાં છે તેની માહિતી મંગાવી આ સભા સમક્ષ રજૂ કરવા ઠરાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:

"મેડિકલ ફેકલ્ટી ઇન્કલ્યુડિંગ ફાર્મસીની આ સભા માને છે કે ફાર્મસીનો અભ્યાસક્રમ સ્વતંત્ર અને અલાયદી વિદ્યાશાખા માગી લે તેવા વિષય તરીકે વિકાસ પામ્યો છે અને તેથી એકેડેમિક કાઉન્સિલ અને અન્ય સંબંધકર્તા મંડળોને ભલામણ કરે છે કે આ યુનિવર્સિટીમાં ફાર્મસીની જુદી વિદ્યાશાખા સ્થાપવામાં આવે."

(નોંધ.— કુલ ૧૬ યુનિવર્સિટીઓ તરફથી પ્રત્યુત્તર આવેલ છે. તેમાં કોઈ યુનિવર્સિટીમાં ફાર્મસીની અલગ વિદ્યાશાખા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં ઔષધશાસ્ત્રની વિદ્યાશાખા (Faculty of Pharmacy) અલાયદી સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

૧૨. આચાર્ય રૉ. ય. ગુ. નાયક તરફથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

"૧. હાલમાં ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક માટે પગારનાં બે ધોરણ છે — એમ.એસસી. થયેલા માટે રૂ. ૧૮૦ અને બી.એસસી. માટે રૂ. ૧૩૦ શરૂઆતનો પગાર છે, તેને બદલે પગારનું ધોરણ એક જ રાખવું અને નીચેનો પગારનો સ્કેલ રાખવો :

રૂ. ૧૫૦-૧૦-૨૫૦-૧૫-૩૫૦.

૨. અનુસ્નાતક આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ પરીક્ષામાં જે વિદ્યાર્થીઓને ૩૬ ટકા માર્ક આવ્યેથી પાસ વર્ગમાં પસાર કરવાનો પ્રબંધ કરવો.

૩. અનુસ્નાતક આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ પરીક્ષાઓમાંથી એવું પરીક્ષણ બંધ કરવું.

૪. એફ.વાય.બી.એસસી. તથા એસ.વાય. બી.એસસી.માં જનરલ એજ્યુકેશનના પેપરના વિકલ્પે એક અંગ્રેજી ગ્રામરનું પેપર દાખલ કરવું.

૫. એસ.વાય.બી.એ., એસ.વાય.બી.કૉમ. અને એસ.વાય.બી.એસસી.ની પરીક્ષાઓ કૉલેજને સોંપીને તેનાં પરિણામો યુનિવર્સિટી ઉપર રેકર્ડ માટે મોકલી દેવાં અને આ વર્ગોની યુનિવર્સિટી પરીક્ષાઓ રદ કરવી.

આ પરીક્ષામાં પાસ થવાના તથા વર્ગો કે એ.ટી.કે.ટી. મેળવવાના નિયમો હાલમાં છે તે પ્રમાણે ચાલુ રાખવા."

૧ અને ૨. રૉ. ય. ગુ. નાયકે પોતાના પ્રસ્તાવ નં. ૧ અને ૨ સભાગૃહની સંમતિથી પાછા ખેંચી લીધા તેથી તે પરત્વે કશું વિચારવાપણું રહ્યું નહિ.

૩. આથી ઠરાવવામાં આવે છે કે રૉ. ય. ગુ. નાયકના ઉપરના પ્રસ્તાવ નં. ૩ અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) રૉ. ય. ગુ. નાયક
(૨) આચાર્ય ડી. એમ. શીખ
(૩) આચાર્ય જે. બી. સાણ્ડિલ
(૪) શ્રી. વી. જે. ત્રિવેદી
(૫) આચાર્ય કે. જી. દેસાઈ
(૬) આચાર્ય ગિરીશભાઈ સી. પટેલ
(૭) આચાર્ય વાય. પી. શુક્લ
(૮) આચાર્ય એમ. સી. દેસાઈ
(૯) આચાર્ય વી. એ. વ્યાસ.

૪ અને ૫. રૉ. ય. ગુ. નાયકના ઉપરના પ્રસ્તાવ નં. ૪ અને ૫ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૩. આ યુનિવર્સિટી તરફથી લેવાતી જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામ જાહેર કરવા અંગેનો ઑર્ડિ. ૧૩૬ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલ ઑર્ડિ. ૧૩૬ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા ઑર્ડિ. ૧૩૬નો પાઠ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૪. સિન્ડિકેટની તા. ૨૦/૨૧-૪-૧૯૬૮ની સભાએ બાબત નં. ૩૦થી ઠરાવ્યા પ્રમાણે ત્રિવર્ષીય અભ્યાસક્રમની છેલ્લા વર્ષની પદવી પરીક્ષામાં વર્ગ મેળવવા માટેના રેગ્યુ. આર્ટ્સ ૧૩, રેગ્યુ. સાયન્સ ૧૫-એ તથા રેગ્યુ. કૉમ. ૧૪ સુધારવામાં આવ્યા છે તે અનુસાર હવેથી થર્ડ બી.એ., થર્ડ બી.એસસી. અને થર્ડ બી.કૉમ.ની યુનિવર્સિટી પરીક્ષામાં પ્રથમ વર્ગ મેળવવા માટે ૬૦% તથા દ્વિતીય વર્ગ મેળવવા માટે ૪૮% ગુણ આવશ્યક ગણ્યા છે. આ સુધારેલા નિયમનો સિદ્ધાંત પદવી પરીક્ષાઓના પ્રથમ અને દ્વિતીય વર્ષ માટેની પરીક્ષાઓમાં વર્ગ મેળવવા માટે પણ લાગુ પાડવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સિદ્ધાંત આ યુનિવર્સિટીની વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પ્રી-યુનિવર્સિટી, ફર્સ્ટ યર અને સેકન્ડ યરની પરીક્ષાઓને પણ લાગુ પાડવા તથા તે મુજબ સુધારેલા નીચેના રેગ્યુલેશનો મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૩, રેગ્યુ. આર્ટ્સ ૩, રેગ્યુ. આર્ટ્સ ૮, રેગ્યુ. પ્રી-સાયન્સ ૩, રેગ્યુ. સાયન્સ ૪, રેગ્યુ. સાયન્સ ૯, રેગ્યુ. પ્રી-કૉમર્સ ૪, રેગ્યુ. કૉમર્સ ૪ અને રેગ્યુ. કૉમર્સ ૯.

(સદરહુ સુધારેલા રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

એ.કા./૫૭૦૨૧/૧૯૬૮.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
નવેંબર ૧૮, ૧૯૬૮.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૬

સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિની ભલામણો

નવી કૉલેજો માટેની જોડાણઅરજીઓના સંદર્ભમાં જોડાણ માટેની આવશ્યક પૂર્વતૈયારીરૂપે જરૂરિયાતોના સર્વસામાન્ય ધોરણનું નિર્માણ કરવા માટે તે અંગેના આપણા પ્રશ્નો જોઈન્તપાસી રિપોર્ટ તૈયાર કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિની પ્રથમ સભા તા. ૨૫-૭-૧૯૬૮ના રોજ ત્રણ વાગ્યે, બીજી સભા તા. ૨૭-૭-૧૯૬૮ના રોજ ૧-૦૦ વાગ્યે, તથા ત્રીજી સભા તા. ૧-૮-૧૯૬૮ના રોજ ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે જણાવ્યા મુજબ હતી :

	તા. ૨૫-૭-૧૯૬૮	તા. ૨૭-૭-૧૯૬૮	તા. ૧-૮-૧૯૬૮
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, પ્રમુખ	હાજર	હાજર	હાજર
૨. પ્રિ. જે. બી. સાણ્ડેસરા	હાજર	હાજર	હાજર
૩. શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૪. પ્રો. મણિશંકર પી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૫. પ્રિ. વાય. પી. શુકલ	હાજર	હાજર	હાજર
૬. પ્રિ. એસ. આર. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૭. પ્રિ. બી. એમ. પીરઝાદા	હાજર	હાજર	ગેરહાજર.

ત્રણે દિવસોએ સભાનું પ્રમુખસ્થાન શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ સંભાળ્યું હતું.

સદરહુ ત્રણ સભાઓમાં ચર્ચા-વિચારણાને અંતે સમગ્ર રીતે નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવી તેમ ઠરાવવામાં આવ્યું :

અત્યારે જે સૂચનાઓ સ્થાનિક તપાસસમિતિને આપવામાં આવે છે એમાં થોડા સુધારાવધારા કરી તે સૂચનાઓનું યોગ્ય પાલન કરવા માટે યુનિવર્સિટીએ સક્રિય થવું જોઈશે.

પૂરી તૈયારી વિના નવી કૉલેજો શરૂ ન થાય અને તેની આર્થિક સ્થિતિ સંતોષકારક રીતે સધ્ધર રહે તે માટે પહેલાં જે અનામત મુકાવવાની શરત હતી તે ફરીથી ચાલુ કરવી. એ અનામત બે પ્રકારની હોય : (૧) નિભાવ-અનામત, અને (૨) મકાન-અનામત. એ પૈકી નિભાવ-અનામતનાં નાણાં યુનિવર્સિટી

પાસે કૉલેજને કાયમી જોડાણ મળે ત્યાં સુધી રહે, જ્યારે મકાન-અનામતનાં નાણાં મકાન બાંધવાની શરૂઆત થાય ત્યાર બાદ જેમ જેમ મકાન બંધાતું જાય તેમ તેમ ખર્ચેલાં નાણાંના ૫૦ ટકા જેટલાં નાણાં અનામતમાંથી સંસ્થાને મળે અને મકાન પૂરું થયે બાકી રહેલી અનામત પરત થાય. આ સમય દરમિયાન અનામત ઉપર મળેલું વ્યાજ સંસ્થાને મળે એવીગોઠવણ હોવી જોઈએ. એ જ પ્રમાણે નિભાવ-અનામત ઉપર મળતું વ્યાજ પણ સંસ્થાને આપી દેવું જોઈએ. મકાન ત્રણ વરસમાં પૂરું થઈ જવું જોઈએ. જે સંસ્થા શરૂઆતથી જ, નીચે કૉલમ ૪માં દર્શાવ્યા મુજબ પોતાની માલિકીના મકાનમાં શરૂ થતી હોય તેને મકાન-અનામત આપવાની રહેતી નથી.

ચાલુ કૉલેજો(અસ્તિત્વમાં આવેલી કૉલેજો અને જેને જોડાણ મળેલું નથી)ને પણ અનામતની બાબતમાં ત્રણ વરસમાં સરખે હપતે એવી અનામતો યુનિવર્સિટીમાં જમા કરાવવાનો પ્રબંધ કરાવવો યોગ્ય લાગે છે. જે સંસ્થાઓ પાસે પોતાનાં મકાન હોય તેમણે નિભાવ, અને બાકીની પાસે બંને પ્રકારની અનામત લેવા પ્રબંધ થવો ઘટે.

નીચે મુજબની અનામતો સૂચવીએ છીએ :

૧. નિભાવ-અનામત

એક વિદ્યાશાખાવાળી કૉલેજ	...	પ્રથમ વર્ષે	રૂા. ૨૦,૦૦૦
	...	બીજે વર્ષે	રૂા. ૨૦,૦૦૦
બે વિદ્યાશાખાવાળી કૉલેજ	...	પ્રથમ વર્ષે	રૂા. ૩૫,૦૦૦
	...	બીજે વર્ષે	રૂા. ૩૫,૦૦૦

ઉપરની અનામત પૈકી અરજી સાથે રૂા. ૧૦,૦૦૦ મોકલવાના રહેશે, અને બાકીનાં નાણાં યુનિવર્સિટી, સરકારને એ કૉલેજનું જોડાણ આપવાની ભલામણ કરે ત્યાર બાદ એટલે કે તા. ૩૧મી માર્ચ સુધીમાં ભરી દેવાનાં રહેશે. જો કોઈ સંસ્થા તે વરસે કૉલેજ શરૂ કરવાનો વિચાર માંડી વાળે તો ભરેલી રૂા. ૧૦,૦૦૦ની અનામતમાંથી રૂા. ૧,૦૦૦ કાપી લઈ બાકીના રૂા. ૯,૦૦૦ સંસ્થાને પાછા મળશે.

૨. મકાન-અનામત

પ્રથમ જે વરસના જૂન માસમાં કૉલેજ શરૂ કરવાની હોય તે વરસના તા. ૩૧મી માર્ચ સુધીમાં રૂા. ૧,૦૦,૦૦૦ અને બીજે વરસે તા. ૩૧મી માર્ચ સુધીમાં રૂા. ૧,૦૦,૦૦૦ મળી રૂા. ૨,૦૦,૦૦૦ મકાન-ભંડોળ ખાતે અનામત મૂકવાના રહેશે. એમાંથી ઉપર સૂચવ્યા મુજબ જેમ જેમ મકાન બંધાતું જાય તેમ તેમ યુનિવર્સિટી થયેલા કામના પચાસ ટકા જેટલાં નાણાં છૂટાં કરશે.

મકાન અંગે યુનિવર્સિટીએ પોતાની નીતિ નક્કી કરવાની રહે છે. એક મકાનમાં કેટલી કૉલેજો કામ કરી શકે એ નક્કી કરવું પડે. એકસાથે એક કૉલેજમાં બે વિદ્યાશાખા હોઈ શકે એવો આજે નિયમ રાખ્યો છે તેમ જ એક જ મકાનમાં સવાર-બપોર મળી બે કૉલેજો અને બે, ત્રણ કે ચાર વિદ્યા-શાખાઓ રાખી શકાય. પણ એ અંગે ચોક્કસ નીતિ નક્કી કરવાની જરૂર છે, કારણ એ નિયમ ઉપર મકાન-અનામત લેવાનો આધાર રહેશે.

ગુજરાત યુનિવર્સિટીના કાયદામાં કરેલી જોગવાઈ મુજબ સ્થાનિક તપાસસમિતિએ નીચેની બાબતો ધ્યાનમાં રાખી પોતાનો હેવાલ મોકલવાનો રહેશે :

૧. જરૂરિયાત : જે સ્થળે જે વિદ્યાશાખાની કૉલેજ શરૂ કરવાની અરજી આવી હોય તે વિસ્તારની ચાલુ કૉલેજો, તેમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા અને એ વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓ તથા એવા વિસ્તારમાંથી એસ.એસ.સી.માં બેસતા વિદ્યાર્થીઓની સંખ્યા વગેરે વિચારી જરૂરિયાત અંગે સ્થાનિક તપાસસમિતિ નિર્ણય લે. એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં શહેર સિવાયના વિસ્તારમાં સામાન્ય રીતે પાંચ માઈલના વિસ્તારમાં આવેલી સંસ્થાઓ ધ્યાનમાં લેવી. શહેરો માટે સમગ્ર શહેર અને તેના પરાંવિસ્તારો ધ્યાનમાં રાખવાં.

સામાન્ય રીતે, શહેરી વિસ્તારમાં આવેલી ચાલુ કૉલેજોમાં એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં લગભગ ૪૦૦ અને બે વિદ્યાશાખાઓવાળી કૉલેજમાં લગભગ ૬૫૦ વિદ્યાર્થીઓ ન હોય ત્યાં નવી કૉલેજની આવશ્યકતા સ્વીકારવી નહિ. એ જ પ્રમાણે શહેર સિવાયના વિસ્તારમાં ચાલુ કૉલેજો પૈકી એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં લગભગ ૨૦૦ અને બે વિદ્યાશાખાઓવાળી કૉલેજમાં લગભગ ૩૫૦ વિદ્યાર્થીઓ ન હોય ત્યાં નવી કૉલેજની આવશ્યકતા સ્વીકારવી નહિ. જો ઉપર જણાવેલી સંખ્યાની બાબતમાં અપવાદ કરવાની જરૂર સમિતિને લાગે તો તેનાં કારણો વિગતે આપવાનાં રહેશે. વિશિષ્ટ શિક્ષણની સંસ્થાને ઉપરનો નિયમ લાગુ પડશે નહિ.

સમિતિએ નવી કૉલેજના સ્થળની યોગ્યતા અંગે પણ વિચાર કરવાનો રહેશે.

૨. (૧) અરજી કરનાર સંસ્થા માન્ય થયેલી એટલે કે રજિસ્ટર્ડ થયેલી સંસ્થા હોવી જોઈશે અને એનું બંધારણ તથા વહીવટી નિયમો વગેરે ચોક્કસ ઘડી કાઢેલ હોવાં જોઈશે. રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ અરજી સાથે રજૂ કરવાનું રહેશે.

(૨) એ માન્ય સંસ્થા પાસે પોતાનું ફંડ હોવું જરૂરી છે. એ માટે યુનિવર્સિટીમાં આપવાની અનામતના વીસ ટકા જેટલી રકમ અથવા તેટલી રકમની અરકામત જવાબદારીમુક્ત હોય એવું શ્રી ચેરિટી કમિશનરનું સર્ટિફિકેટ આવશ્યક રહેશે.

(૩) શરૂ થતી કૉલેજ માટે પુસ્તકાલય, સાધનસામગ્રી, ફર્નિચર વગેરે માટે જોઈતાં નાણાં મેળવવાની અને એ ઉપરાંત વિજ્ઞાન વિદ્યાશાખા માટે લેબોરેટરી અંગેની સાધનસામગ્રી માટે રૂા. ૧,૦૦,૦૦૦ મેળવવાની ક્ષમતા સંસ્થાએ ધરાવવી જોઈશે. સમિતિએ એ અંગે વિગતે અહેવાલ આપવાનો રહેશે.

(૪) જો કૉલેજનું પોતાનું મકાન ન હોય તો અરજી કરનાર સંસ્થાએ ત્રણ વર્ષમાં કૉલેજ માટે મકાન તૈયાર કરી આપવાની બાંયધરી આપવાની રહેશે.

૩. જોડાણ માટે અરજી કરનાર સંસ્થાઓએ કૉલેજ માટે ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળવાળા રમતગમતના મેદાનની જોગવાઈ કરવાની આવશ્યકતા રહેશે. એ પૈકી ૧,૦૦૦ ચો.વાર જેટલી ખુલ્લી જગ્યા કૉલેજની નજદીક હોવી જોઈશે.

૪. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ જરૂરી રહેશે:

(અ) વિદ્યાર્થી દીઠ ૮ ચો.ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો.

(બ) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના ખંડો ઉપરાંત નીચેની ગોઠવણ પ્રત્યેક કૉલેજે કરવાની રહેશે:

(ક) શિક્ષકો માટેનો ખંડ

(ખ) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)

(ગ) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સહિતનો)

(ઘ) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય અને અધ્યાપક માટેની જોગવાઈ

(ઙ) પીવાના પાણી માટેનો ખંડ

(ચ) યોગ્ય શૌચાલય વગેરેની વ્યવસ્થા.

૫. કૉલેજ ચલાવનાર સંસ્થાએ કૉલેજના મકાનની નજદીક આચાર્ય માટે ભાડામુક્ત નિવાસસ્થાનની તેમ જ છાત્રાલય પર દેખરેખ રાખનાર શિક્ષક માટે છાત્રાલયના વિસ્તારમાં શક્ય એટલા નજીક ભાડામુક્ત નિવાસસ્થાનની ધટતી જોગવાઈ કરવાની આવશ્યક ગણાશે.

૬. સંસ્થાએ ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે એવા છાત્રાલયની જોગવાઈ કરવી પડશે. સામાન્ય રીતે એક છાત્રવાળી ઓરડીનું માપ ૮૫થી ૯૦ ચો.ફૂટ, બે છાત્રોવાળી ઓરડીનું માપ ઓછામાં ઓછું ૧૬૦ ચો.ફૂટ અને ત્રણ છાત્રોવાળી ઓરડીનું માપ ઓછામાં ઓછું ૨૧૦ ચો.ફૂટ જેટલા ક્ષેત્રફળવાળું આવશ્યક ગણાશે.

૭. કૉલેજમાં શીખવવામાં આવતા અભ્યાસક્રમની જાહેરાત મુજબ સુસજ્જ ગ્રંથાલય અને યુનિવર્સિટીએ નક્કી કરેલ ધોરણો મુજબની પ્રયોગશાળાઓ આવશ્યક ગણાશે.

૮. શિક્ષકોની નિમણૂક માટે યુનિવર્સિટીએ નક્કી કરેલી લાયકાતના ધોરણે શિક્ષકગણની નિમણૂક કરવામાં આવી છે કે કેમ તેમ જ શિક્ષકોનો કાર્યબોજ નિયમ પ્રમાણે છે કે કેમ તે અંગે ચકાસવાનું રહેશે.

૯. (૧) તા. ૩૧મી માર્ચ સુધીમાં સેનેટે મૂકેલી બધી શરતોનું સંતોષકારક પાલન કર્યાનો અહેવાલ સંસ્થાએ યુનિવર્સિટીના કુલસચિવને મોકલવાનો રહેશે. એ અહેવાલ મળ્યેથી શરતોનું યથાર્થ પાલન થયું છે કે કેમ તેની ખાતરી કરવા સિન્ડિકેટને જરૂર જણાય તો એક અથવા વધુ સભ્યોની ચકાસણી સમિતિ નીમી તેનો રિપોર્ટ મેળવી તા. ૩૦મી એપ્રિલ સુધીમાં ઘટતાં પગલાં લઈ બધી નવી કૉલેજોના જોડાણ અંગે રાજ્ય સરકારને સિન્ડિકેટ ભલામણ કરશે.

(૨) ૩૧મી માર્ચ પહેલાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકગણની નિમણૂકો પૂરેપૂરી થયેલી હોય તે અનિવાર્ય લેખાશે. નીમવામાં આવેલ પ્રત્યેક નિમણૂકપત્ર અને સ્વીકૃતિપત્રની નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

૧૦. જોડાણ અંગે જે શરતો મુકાઈ હશે તેનું સંપૂર્ણ પરિપાલન તા. ૩૧મી માર્ચ પહેલાં કરવું આવશ્યક રહેશે.

૧૧. પ્રથમ વાર જોડાણ માગતી કૉલેજોને ફક્ત એક વર્ષના સમય માટે જોડાણ મળી શકશે.

૧૨. સ્થાનિક તપાસસમિતિએ ઉપરના તમામ મુદ્દાઓ અંગે ઊંડી તપાસ અને ઘટતી ખાતરી કરવી જોઈશે તથા તે અંગે પોતાનો વિગતવાર રિપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવો જોઈશે અને જોડાણ આપવા માટે કોઈ શરતો મૂકી હોય તો તે સ્પષ્ટપણે દર્શાવવી જોઈએ.

૧૩. ઉપરના નિયમો સ્થાનિક તપાસસમિતિની જાણકારી અને માર્ગદર્શન માટે છે. એ નિયમમાં અપવાદ કરવાની જરૂર જો સ્થાનિક તપાસસમિતિને એકંદરે પરિસ્થિતિ જોતાં લાગે તો તેમ કરવાનાં વાજબી કારણો શાં છે તે પોતાના અહેવાલમાં સ્પષ્ટ જણાવીને તેવી ભલામણ કરી શકશે અને તે મુજબ યુનિવર્સિટીનાં અધિકૃત મંડળો વિચાર કરી પોતાનો નિર્ણય લેશે.

ઉપરના અમારા હેવાલમાં અમે ફક્ત નવી શરૂ થનાર કૉલેજો અંગે જ વિચાર કર્યો છે. જૂની કૉલેજો, જેમાં ઉપર પ્રમાણેનાં ધોરણો જળવાયાં ન હોય તેવી કૉલેજો માટે સિન્ડિકેટ વિચાર કરી યોગ્ય પગલાં લે અને તે માટે સમય-મર્યાદા નક્કી કરે. એ ઉપરાંત ચાલુ બે વિદ્યાશાખાઓવાળી કૉલેજનું વિભાગીકરણ કરતી વખતે એ બંને કૉલેજોને નવી કૉલેજો તરીકે ગણવી કે શું કરવું તેનો નિર્ણય પણ સિન્ડિકેટે કરવાનો રહેશે.

૬. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂા. દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અરકામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૧૮. શ્રી. ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા તરફથી જૂન ૧૯૬૯થી ઊંઝા ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજમાં પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા તરફથી શરૂ કરાનાર કાયદાની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) ખંડ સમયના કાયદાના બે વ્યાખ્યાતા
   (૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)
   (૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
   (૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડ-વાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
   (૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ
   (૮) પીવાના પાણી માટેનો ખંડ
   (૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે ૧૯૭૨ સુધીમાં પૂરતી સગવડવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

[નોંધ.—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાતો પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજોને એક મકાનમાં બેસી શકશે નહિ.

(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માંગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ જે સિન્ડિકેટ ઠરાવશે તે કૉલેજના સંચાલકમંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની ભેગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૬. ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની ભેગવાઈ કરવામાં આવે જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. રૂા. દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણ-મુક્ત અરકામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

૧૯. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી મહેસાણા ખાતે શરૂ કરાનાર કાયદા અને શિક્ષણની કૉલેજમાં સેકન્ડ એલએલ.બી. તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી મહેસાણા ખાતે શરૂ કરાનાર કાયદાની અને શિક્ષણની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને એલએલ.બી. તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) કાયદાની વિદ્યાશાખા માટે પૂર્ણ સમયના એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા
(૩) કાયદાની વિદ્યાશાખા માટે ખંડ સમયના કાયદાના બે વ્યાખ્યાતા

(૪) બે પ્રાધ્યાપક (જે પૈકી એક, જો આચાર્ય કાયદાની વિદ્યાશાખાના હોય તો, શિક્ષણુશાસ્ત્રની શાખાના ચાર્જમાં હોય)
(૫) શિક્ષણુની શાખા માટે ચાર વ્યાખ્યાતાઓ
(૬) શિક્ષણુની શાખામાં "કન્ટેન્ટ કોર્સ" માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતા
(૭) ગ્રંથપાલ;
(**નોંધ.**—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે:
(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૬૫ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૬૫ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. મે ૧૯૭૨ સુધીમાં પૂરતી સગવડવાળું કૉલેજ માટેનું અલાયદું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;
[**નોંધ.**—(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાતો પૂરી પાડી શકે અને શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કૉલેજ કે કૉલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.
(૨) જો કોઈ નવી કૉલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માંગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધ-કામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ જે સિન્ડિકેટ ઠરાવશે તે કૉલેજના સંચાલકમંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કૉલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.]
૪. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;
૫. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી ખરીદવા માટે રૂ. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગ્રંથાલય માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૮. ઓછામાં ઓછી ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૧૦. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૧. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૨. કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૩. રૂા. દસ હજારની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે, તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂા. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વધુમાં વધુ ૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૨૦. પારેખ બ્રધર્સ સાયન્સ ઍન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ તરફથી સદરહુ કૉલેજનું જૂન ૧૯૬૯થી (૧) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ તથા (૨) શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ—એમ વિભાગીકરણ કરી તથા અલગ થયેલ આર્ટ્સ કૉલેજ સાથે હાલની વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજને સંયોજિત કરી સ્વતંત્ર કૉલેજ તરીકે (૧) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિત-શાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા તથા (૨) શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ કપડવંજને બી.એ.(પ્રિન્સિ.)-માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી તથા બી.એ.(સબ્સે.)માં સંસ્કૃત, અર્ધમાગધી, ફારસી, અંગ્રેજી, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો માટે મળેલ તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું જોડાણ ચાલુ રાખવા તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોના ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈનું જૂન ૧૯૬૯થી (૧) સાયન્સ કૉલેજ, ડભોઈ અને (૨) આર્ટ્સ કૉલેજ, ડભોઈ એમ વિભાગીકરણ કરી આર્ટ્સ સાથે હાલની કૉમર્સ કૉલેજને સંયોજિત કરી (૧) સાયન્સ કૉલેજ, ડભોઈને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિ-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા તથા (૨) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડભોઈને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, માનસશાસ્ત્ર અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું મળેલ જોડાણ ચાલુ રાખવા તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૨. સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા સંચાલિત એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસાનું જૂન ૧૯૬૯થી (૧) લલ્લુભાઈ હકમચંદ સાયન્સ કૉલેજ, માણસા તથા (૨) એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા—એમ વિભાગીકરણ કરી અલગ થયેલ આર્ટ્સ કૉલેજ સાથે હાલની સર્વોદય કૉમર્સ કૉલેજનું નામ શાહ બી. આર. કૉમર્સ કૉલેજ કરી સંયોજિત કરવા તથા (૧) લલ્લુભાઈ હકમચંદ સાયન્સ કૉલેજ, માણસાને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિ-વિજ્ઞાનના ચાલુ જોડાણ તથા (૨) સાંકળચંદ દામોદરદાસ આર્ટ્સ એન્ડ શાહ બાલચંદ રામચંદ કૉમર્સ કૉલેજ, માણસાને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર અને બી.એ. (સબો.)માં અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ, મનોવિજ્ઞાન માટે કાયમી તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર અને હિંદીના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.એ.માં સમાજ-શાસ્ત્ર તથા બી.એ. (પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી, મનોવિજ્ઞાન, ઇતિહાસ તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત અને હિંદી તથા ડિપ્લોમા ઇન ડ્રામા અને ડિપ્લોમા ઇન જર્નાલિઝમના વધારાના જોડાણ તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના વધારાના જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. સી. યુ. શાહ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૯થી (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ અને (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા તથા (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન માટે જૂન ૧૯૭૦ સુધી મળેલ જોડાણ ચાલુ રાખવા તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનનું વધારાનું જોડાણ તથા (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

(નોંધ.—કાયદાની વિદ્યાશાખા ચાલુ કરવા માગતા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૫. ગાંધીધામ મૈત્રી મંડળ, આદિપુર તરફથી સદરહુ મંડળ દ્વારા સંચાલિત તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ સાથે જૂન ૧૯૬૯થી વિજ્ઞાનની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ, આદિપુર શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને વિજ્ઞાનની વિદ્યાશાખા સંયોજિત કરી તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરને બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:
   (૧) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૨) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૩) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૪) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૫) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—એ પ્રત્યેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર
   (૬) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેક માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. વિજ્ઞાનની વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે વિજ્ઞાન વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો નીચે જણાવ્યા પ્રમાણેનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૫. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પ્રતિવર્ષ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૬. બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા સંચાલિત યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા સાથે જૂન ૧૯૬૯થી વધારાની વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરી યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢ-બારિયાને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટે મળેલ જોડાણ ચાલુ રાખવા તથા ફર્સ્ટ યર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું વધારાનું જોડાણ મેળવવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૭. મહુધા કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ કૉલેજ, મહુધા સાથે જૂન ૧૯૬૯થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહુધા તરીકે ફર્સ્ટ યર બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ. (સબો.)માં માનસ-શાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ તથા પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી સદરહુ કૉલેજ સાથે જૂન ૧૯૬૯થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ તથા બી.એ.-(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટે મળેલ જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ વર્ષ

બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૯. **નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી હાલની લૉ કૉલેજ સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે એલએલ.બી. પદવી સુધીના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૦. **સી. બી. પટેલ આર્ટ્સ ઍન્ડ્રિટ્યૂટ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, હિન્દી, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. **ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.-(સવૈ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.**

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (સવૈ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. સમાજશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
૨. ગ્રંથાલય માટે સમાજશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. સમાજશાસ્ત્રનાં એક-બે સામયિકો (journals) મંગાવવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૨. **સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.**

આથી ઠરાવવામાં આવે છે કે સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા

સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) સમાજશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે સમાજશાસ્ત્રના વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. સમાજશાસ્ત્રનાં સામયિકો (journals) મંગાવવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૩. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.-(સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અંગ્રેજી વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૪. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ, સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯ થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ઇતિહાસના એક પ્રાધ્યાપક
   (૨) ઇતિહાસના એક વ્યાખ્યાતા
   (૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે વધારાના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા વધારાના પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૫. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ. (સમો.)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર, હિંદી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સમો.)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર તથા હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે, ઉપરાંત માનસશાસ્ત્ર, જનરલ એજ્યુકેશન અને અન્ય વિષયોનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ ૧૯૬૯થી ૧૯૭૦ના વર્ષ દરમ્યાન કરવામાં આવે;

૨. કૉલેજનું સ્વતંત્ર મકાન તા. ૧૪મી જૂન, ૧૯૬૯ સુધીમાં પૂરું કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૬. મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં ગૃહવિજ્ઞાન અને સંસ્કૃત તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને બી.એ.(સમો.)માં અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકમણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર; બી.એ.(સમો.)માં અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ

તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. સંસ્કૃતના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. ગ્રંથાલય માટે સંસ્કૃત વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૮. એમ. એન. કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. આર. આર. લાલન કૉલેજ, ભૂજ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ગણિત; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજ, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી કાયમી જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગણિતશાસ્ત્રનાં આધુનિક પાઠ્યપુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
પુસ્તકો તથા સામયિકો માટે વિજ્ઞાનશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૪૦. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એસસી. (રૂપે.)માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનની અલગ અલગ પ્રયોગશાળાઓ જૂન ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવામાં આવે;

૨. પ્રયોગશાળામાં પ્રાણીવિજ્ઞાનને લગતાં રૂા. ૨,૫૦૦ની કિંમતનાં સાધનો વસાવવામાં આવે;

૩. વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૫૦૦નાં પુસ્તકો (તૃતીય વર્ષ બી.એસસી.ને લગતાં) માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૪૧. યુ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબ્બો.)માં અંગ્રેજી, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, અંગ્રેજી તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ કાયમી કરવા માટે તથા બી.એ. (સબ્બો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેના ચાલુ જોડાણ માટે અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૩. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સબ્બો.)માં હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, મનોવિજ્ઞાન, પરિષદન, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એસસી.-(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ઇતિહાસ તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ. (સબ્બો.)માં હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ, ફારસી તથા બી.એસસી.-(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ.-

(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ઇતિહાસ અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
   (૨) ઇતિહાસના એક પ્રાધ્યાપક
   (૩) ફારસીના એક ટ્યૂટર
   (૪) ગણિતશાસ્ત્રના પૂર્ણ સમયના ટ્યૂટર
   (૫) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૬) વનસ્પતિવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન—એ પ્રત્યેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર;

૨. વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦નાં સાધનો વગેરે માટે ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અંગ્રેજી અને ઇતિહાસના પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦ તથા વનસ્પતિવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો તથા સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, મકાનભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૪૪. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ.-(સબો.)માં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન તથા ફર્સ્ટ યર બી.એસસી.માં જીવ-શાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિ-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિ-શાસ્ત્ર, સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, મનોવિજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯ થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા

સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૨) રાજ્યશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૩) તત્ત્વજ્ઞાનના બે વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના બે વ્યાખ્યાતા
(૫) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૬) હિન્દીના બે વ્યાખ્યાતા
(૭) અંગ્રેજીના બે વ્યાખ્યાતા
(૮) મનોવિજ્ઞાનના બે વ્યાખ્યાતા
(૯) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૧૦) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૧) રસાયણવિજ્ઞાનના એક ટ્યૂટર (ફિઝિકલ કેમિસ્ટ્રી)
(૧૨) રસાયણવિજ્ઞાનના પાંચ ડેમોન્સ્ટ્રેટર (જે પૈકી એક અનુસ્નાતક પદવી ધરાવનાર હોય)
(૧૩) ભૌતિકવિજ્ઞાનના બે વ્યાખ્યાતા
(૧૪) ભૌતિકવિજ્ઞાનના ત્રણ ડેમોન્સ્ટ્રેટર
(૧૫) જીવવિજ્ઞાનના બે વ્યાખ્યાતા (એક પ્રાણીવિજ્ઞાનના તથા એક વનસ્પતિવિજ્ઞાનના)
(૧૬) ગણિતશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૧૭) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—એ પ્રત્યેક માટે બબ્બે લેબોરેટરી આસિસ્ટંટ;

૨. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :
(૧) રૂા. ૪૦,૦૦૦નો ખર્ચ (રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા માટે)
(૨) રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ (ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે)
(૩) રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ (વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા માટે);

૩. વનસ્પતિવિજ્ઞાન માટે યોગ્ય બાગ ઇત્યાદિ તૈયાર કરવામાં આવે;

૪. વિનયન વિદ્યાશાખામાં પુસ્તકોની ખરીદી પેટે પાછળની ગ્રાન્ટ ડૂર કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રસાયણવિજ્ઞાન માટે રૂા. ૨,૦૦૦નો તથા ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાન—એ પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો તથા સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૪૫. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધી ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. હાલના ખંડ સમયના ગુજરાતીના વ્યાખ્યાતાને બદલે અન્યની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે ગુજરાતી વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ પુસ્તકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૪૬. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(સબો.)માં સંસ્કૃત; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (સબો.)માં સંસ્કૃત; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગણિતશાસ્ત્રમાં ચાલુ શિક્ષકો ઉપરાંત એક પ્રાધ્યાપક તથા એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ઓછામાં ઓછા ગણિતશાસ્ત્રમાં બે અને સંસ્કૃતમાં એક સામયિક મંગાવવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૪૭. શ્રી. લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં હિંદી, મનોવિજ્ઞાન, ઇતિહાસ, અંગ્રેજી, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો

શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત અને પ્રથમ વર્ષ બી.એ.માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા તરફથી જૂન ૧૯૬૯થી ફર્સ્ટ યર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૨) એકાઉન્ટિંગના એક ખંડ સમયના વ્યાખ્યાતા
(૩) અર્થશાસ્ત્રના એક પૂર્ણ સમયના અને એક ખંડ સમયના વ્યાખ્યાતા
(૪) અંગ્રેજીના એક ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે ઇતિહાસ વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૪૯. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી ફર્સ્ટ યર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ

જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૯થી તા. ૧૪–૬–૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૨) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
   (૫) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર;

૨. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩,૫૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે વધારાના મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૦. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા, તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫–૫–૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૯થી તા. ૧૪–૬–૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. હિન્દી વિષય માટે રૂા. ૧,૦૦૦નાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૧. સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી, તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫–૫–૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને

બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સબૅ.)માં મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે ;

૨. ગ્રંથાલયમાં પુસ્તકો ખરીદવા માટે રૂા. ૮,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે અને ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૨. શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (સબૅ.)માં આંકડાશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (સબૅ.)માં આંકડાશાસ્ત્ર અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
   (૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. વધારાના જોડાણના પ્રત્યેક વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૩. ફેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબૅ.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૪. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સબૅ.)માં માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં

એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; બી.એ. (સબો.)માં માનસશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
   (૧) અર્થશાસ્ત્રના ખંડ સમયના પ્રાધ્યાપકને બદલે પૂર્ણ સમયના પ્રાધ્યાપક
   (૨) પૂર્ણ સમયના વ્યાયામશિક્ષક;

૨. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૫. નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.-(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
   (૨) અંગ્રેજીના બે વ્યાખ્યાતા;

૨. અંગ્રેજીનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૬. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન તથા રાજ્યશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો

માટે ચાલુ તથા પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. પી. પ્રજાભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.-(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન તથા રાજ્યશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના મુલાકાતીને બદલે પૂરા સમયના પ્રાધ્યાપક
(૨) એકાઉન્ટન્સીના મુલાકાતી પ્રાધ્યાપકને બદલે પૂરા સમયના પ્રાધ્યાપક
(૩) ગુજરાતીના વ્યાખ્યાતા
(૪) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના વ્યાખ્યાતા;

૨. અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા સંસ્કૃત—એ પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૫૭. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, સંસ્કૃત, ફારસી, હિંદી અને ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવાનું ચાલુ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, હિંદી, ઇતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ શ્રી. એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; અને બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, સંસ્કૃત, ફારસી, હિંદી અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા

બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
   (૨) હિંદીના એક પ્રાધ્યાપક
   (૩) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૪) ઇતિહાસના એક પ્રાધ્યાપક
   (૫) બૅન્કિંગના એક પ્રાધ્યાપક
   (૬) એકાઉન્ટન્સીના એક ખંડ સમયના પ્રાધ્યાપક;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૫. કૉલેજના સંચાલનમાં જે ખામી જણાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૫૮. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ) તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત અને મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોના ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૯. શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, મનોવિજ્ઞાન અને બી.એ.(સબો.)માં ગુજરાતી, હિંદી, ઇતિહાસ, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.-(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકમણ્ડળની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, માનસશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ગુજરાતી, હિન્દી, ઇતિહાસ, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર; તથા

બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં રાજ્યનીતિ-શાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:

(૧) બૅન્કિંગના એક પ્રાધ્યાપક
(૨) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) ગણિતશાસ્ત્રના એક વધુ વ્યાખ્યાતા;

૨. પુસ્તકો માટે પાછલી રકમ પેટે રૂા. ૧૭,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. વધારાના જોડાણના પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૦૦૦ નો આવર્તક ખર્ચ પુસ્તકો માટે કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૦. શ્રી. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ શ્રી. ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિંદી, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ શ્રી. ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, મનો-વિજ્ઞાન, ઇતિહાસ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) ગુજરાતીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૨) ઇતિહાસના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૩) અંગ્રેજીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૫) વાણિજ્યના પૂર્ણ સમયના પ્રાધ્યાપક;

૨. જૂન ૧૯૬૯ સુધીમાં બધી જરૂરિયાતવાળું કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. સંસ્કૃતનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૬૧. સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ તથા પ્રથમ વર્ષ બી કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.એ.માં સંસ્કૃત અને આંકડાશાસ્ત્ર તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ. (સબૅ.)માં માનસશાસ્ત્ર, ઇતિહાસ, હિન્દી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. જમાલપુર-રાયખડ સેવાસંઘ સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં ઇતિહાસ, અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૩. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૪. વિદ્યોત્તેજક મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, સંસ્કૃત, હિન્દી, આંકડાશાસ્ત્ર; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડા-

શાસ્ત્ર અને બૅન્કિંગ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યોત્તેજક મંડળ, અમદાવાદ સંચાલિત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, મનોવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, સંસ્કૃત, હિન્દી, આંકડાશાસ્ત્ર; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૫) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૬) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૯) હિન્દીના એક વ્યાખ્યાતા
(૧૦) વાણિજ્યના એક પ્રાધ્યાપક
(૧૧) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક;

૨. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૩. વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૧૨. સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા સંચાલિત એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસાનું જૂન ૧૯૬૯થી (૧) લલ્લુભાઈ હકમચંદ સાયન્સ કૉલેજ, માણસા, તથા (૨) એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા—એમ વિભાગીકરણ કરી અલગ થયેલ આર્ટ્સ કૉલેજ સાથે હાલની સર્વોદય કૉમર્સ કૉલેજનું નામ શાહ બી. આર. કૉમર્સ કૉલેજ કરી સંયોજિત કરવા, તથા (૧) લલ્લુભાઈ હકમચંદ સાયન્સ કૉલેજ, માણસાને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિ-વિજ્ઞાનના ચાલુ જોડાણ, તથા (૨) સાંકળચંદ દામોદરદાસ આર્ટ્સ એન્ડ શાહ બાલચંદ રામચંદ કૉમર્સ કૉલેજ, માણસાને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર તથા બી.એ. (સબૅ.)માં અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ અને મનોવિજ્ઞાન માટે કાયમી જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા, શિક્ષકગણ અંગેની નિમણૂકો સહિતની નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને જૂન ૧૯૬૯થી (૧) લલ્લુભાઈ હકમચંદ સાયન્સ કૉલેજ, માણસા તથા (૨) એસ. ડી. આર્ટ્સ કૉલેજ માણસા—એમ વિભાગીકરણ કરવા તથા શ્રી. એસ. ડી. આર્ટ્સ કૉલેજ સાથે હાલની સર્વોદય કૉમર્સ કૉલેજનું નામ શાહ બી. આર. કૉમર્સ કૉલેજ કરી તેને સંયોજિત કરી (૧) લલ્લુભાઈ હકમચંદ સાયન્સ કૉલેજ, માણસાને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિત-શાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા (૨) સાંકળચંદ દામોદરદાસ આર્ટ્સ એન્ડ શાહ બાલચંદ રામચંદ કૉમર્સ કૉલેજ, માણસાને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અતે ગણિતશાસ્ત્ર અને બી.એ. (સબૅ.)માં અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ, મનોવિજ્ઞાન તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

લલ્લુભાઈ હકમચંદ સાયન્સ કૉલેજ, માણસા

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૩) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૪) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૫) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૬) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૭) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૯) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક ટ્યૂટર
(૧૧) ગણિતશાસ્ત્રના એક ટ્યૂટર
(૧૨) રસાયણવિજ્ઞાનના એક ટ્યૂટર
(૧૩) વનસ્પતિવિજ્ઞાનના એક ટ્યૂટર
(૧૪) ભૌતિકવિજ્ઞાનના ત્રણ ડેમોન્સ્ટ્રેટર
(૧૫) રસાયણવિજ્ઞાનના ત્રણ ડેમોન્સ્ટ્રેટર
(૧૬) વનસ્પતિવિજ્ઞાનના ત્રણ ડેમોન્સ્ટ્રેટર
(૧૭) વ્યાયામ શિક્ષક
(૧૮) ગ્રંથપાલ;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. આચાર્ય માટે અલગ ખંડ તૈયાર કરવામાં આવે;

૩. દ્વિતીય અને તૃતીય વર્ષ બી.એસસી.ના વર્ગો માટે ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા યોગ્ય રીતે તૈયાર કરવામાં આવે;

૪. સ્થાનિક તપાસસમિતિએ નિર્દેશિત કર્યા પ્રમાણે રૂા. ૨૪,૦૦૦ની અગાઉની ઊણપ પેટે વિજ્ઞાનની કૉલેજના ગ્રંથાલય માટે રૂા. ૧૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે.

સાંકળચંદ દામોદરદાસ આર્ટ્સ એન્ડ શાહ બાલચંદ રામચંદ કૉમર્સ કૉલેજ, માણસા

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૫) અર્થશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૬) ગુજરાતીના બે વ્યાખ્યાતા
(૭) ગણિતશાસ્ત્રના બે વ્યાખ્યાતા
(૮) નામાપદ્ધતિના એક વ્યાખ્યાતા

(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૦) અંગ્રેજીના બે વ્યાખ્યાતા
(૧૧) હિંદીના એક વ્યાખ્યાતા
(૧૨) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૧૩) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૧૫) અંગ્રેજીના એક ટ્યૂટર
(૧૬) વ્યાયામ શિક્ષક
(૧૭) ગ્રંથપાલ.

(**નોંધ.**—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.)

૨. આચાર્ય માટે અલગ ખંડ તૈયાર કરવામાં આવે;

૩. સ્થાનિક તપાસસમિતિએ નિર્દેશિત કર્યા પ્રમાણે અગાઉની ઊણપ પેટે વિનયન અને વાણિજ્યની કૉલેજમાં ગ્રંથાલય માટે રૂા. ૧૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૩. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ તરફથી જન ૧૯૬૯થી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ, તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર અને હિંદીના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં સમાજશાસ્ત્ર તથા બી.એ. (પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી, મનોવિજ્ઞાન, ઇતિહાસ; તથા બી.એ. (સબ્સે.)માં સંસ્કૃત અને હિંદી; તથા ડિપ્લોમા ઇન ડ્રામા અને ડિપ્લોમા ઇન જર્નાલિઝમના વધારાના જોડાણ; તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના વધારાના જોડાણ તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના વધારાના જોડાણ માટેની અરજી.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ, શિક્ષકગણ અંગેની શરત સહિતની નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ; તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા તથા (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમોનું ચાલુ તથા પ્રથમ વર્ષ બી.એ.માં સમાજશાસ્ત્ર, બી.એ. (પ્રિન્સિ.)માં

રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી, મનોવિજ્ઞાન, ઇતિહાસ; તથા બી.એ. (સંયો.)માં સંસ્કૃત અને હિન્દી તથા ડિપ્લોમા-ઇન-ડ્રામા અને ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા; તથા (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ તથા પ્રથમ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રનું તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ તથા ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી જોડાણ વધારી આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ માટે

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) રાજ્યશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૫) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૬) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૭) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૮) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૯) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૧૦) હિંદીના એક વ્યાખ્યાતા
(૧૧) ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમ માટે એક પ્રાધ્યાપક તથા એક વ્યાખ્યાતા
(૧૨) ડિપ્લોમા-ઇન-ડ્રામા માટે એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર
(૧૩) સહાયક ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા
(૧૦) ૪૦' × ૩૦'નું સ્ટેજ — બે ગ્રીન રૂમ જરૂરી સગવડ સાથે
(૧૧) વર્કશૉપ—જેમાં બે વર્કિંગ ટેબલો (કાર્પેન્ટરી સાધનો સહિત)ની સગવડ;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો તથા ડિપ્લોમા-ઇન-ડ્રામા માટે રૂા. ૨,૦૦૦નો તથા ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમ માટે રૂા. ૧,૫૦૦નાં સામયિકો અને નકશા સહિત પુસ્તકો માટે રૂા. ૩,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. મનોવિજ્ઞાનની જરૂરી પ્રયોગશાળા સુસજ્જ કરવા રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૭. ડિપ્લોમા-ઇન-ડ્રામા અંગે રંગભૂમિનાં સાધનો વગેરે માટે રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૮. રમતગમતના મેદાનનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે.

૨. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ માટે

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) વાણિજ્યના પ્રાધ્યાપક
(૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
(૪) વ્યાપારી કાયદાના વ્યાખ્યાતા
(૫) આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક
(૬) વ્યાયામ શિક્ષક
(૭) સહાયક ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારા-ધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો).

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો, સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય.

(૭) આચાર્ય માટેનો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્ર—પ્રત્યેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતના મેદાનનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૪. સી. યુ. શાહ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૯થી (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ, અને (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા તથા (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન માટે જૂન ૧૯૭૦ સુધી મળેલ જોડાણ ચાલુ રાખવા; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનનું વધારાનું જોડાણ તથા (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેનું (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ, અને (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા; તથા (૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરીકે બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર, તથા બી.એસસી.-

(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું મળેલું જોડાણ ચાલુ રાખવા, તથા બી.એસસી. (સપે.)માં ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં પ્રાણી-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા; તથા (૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૨) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૩) અકાર્બનિક રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર
   (૪) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૫) ભૌતિક-રસાયણવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. સાયન્સ કૉલેજ માટે મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ. (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
   (૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
   (૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
   (૭) કાર્યાલય માટેનો ખંડ
   (૮) આચાર્યનો અલાયદો ખંડ
   (૯) પીવાના પાણી માટેનો ખંડ
   (૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિને માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦નો તથા પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતનાં મેદાન માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

(૨) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૩) કૉમર્સના એક પ્રાધ્યાપક
(૪) વેપારી કાયદાના એક પ્રાધ્યાપક
(૫) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૬) ગ્રંથપાલ
(૭) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૮) કૉમર્સના ત્રણ વ્યાખ્યાતા
(૯) કૉમર્સના એક ટ્યૂટર
(૧૦) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૧૧) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૧૨) અંગ્રેજીના એક ટ્યૂટર
(૧૩) વ્યાયામ શિક્ષક;

(નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના જુદા પ્રાધ્યાપક નીમવાની જરૂર નથી.)

૨. કૉમર્સ કૉલેજ માટે મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દશ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય

(૭) કાર્યાલય માટેનો ખંડ
(૮) આચાર્ય માટેનો અલાયદો ખંડ
(૯) પીવાના પાણી માટેનો ખંડ
(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્ર—પ્રત્યેક વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતના મેદાનનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૫. બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા સંચાલિત યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા સાથે જૂન ૧૯૬૯થી વધારાની વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરી યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢ-બારિયાને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટે મળેલ જોડાણ ચાલુ રાખવા તથા ફર્સ્ટ યર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેનું વધારાનું જોડાણ મેળવવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા સંચાલિત યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેની સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરવા તથા તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:

(૧) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૨) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. ગ્રંથાલય માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૬. મહુધા કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ કૉલેજ, મહુધા સાથે જૂન ૧૯૬૯થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહુધા તરીકે ફર્સ્ટ ડયર બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રનું ચાલુ જોડાણ, તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ તથા પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મહુધા કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ કૉલેજ, મહુધા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સંયો.)માં માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા, તથા સદરહુ કૉલેજને વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરી તેમાં પ્રી-યુનિ. કૉમર્સનું તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ગુજરાતીના પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૩) હિંદીના એક વ્યાખ્યાતા
(૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૫) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા
(૬) મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૭) ગણિતના એક વ્યાખ્યાતા
(૮) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૯) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૦) જરૂરી લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની વધુ જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી પાંચ ખંડો
(૨) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.);

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે વાણિજ્ય વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;

૬. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૭. ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી સદરહુ કૉલેજ સાથે જૂન ૧૯૬૯થી વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી ભવન્સ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ તથા બી.એ.-(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટે મળેલ જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર. એ. કૉલેજ, ઑફ આર્ટ્સ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેની સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરવા તથા તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૦ સુધીની મુદત માટેનું મળેલું જોડાણ ચાલુ રાખવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા

માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) અંગ્રેજીના એક ટ્યૂટર
(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૬) બૅંકિંગના એક વ્યાખ્યાતા
(૭) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) વાણિજ્યના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૯) ગુજરાતીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(૧૦) રાજ્યનીતિશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા;

૨. વાણિજ્યની વિદ્યાશાખા માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૮. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, હિન્દી, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, હિંદી, સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૧૯. નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી હાલની લૉ કૉલેજ સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે એલએલ.બી. પદવી સુધીના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ

બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરવા દેવા તથા તેમ થતાં નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે તેને એલએલ.બી. પદવી સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૩) હિંદીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
   (૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા
   (૬) આંકડાશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા
   (૭) બૅંકિંગના એક વ્યાખ્યાતા
   (૮) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
   (૯) વ્યાયામ શિક્ષક;
૨. વાણિજ્યના વર્ગો બેસાડવા માટે વધારાના ખંડોની જોગવાઈ કરવામાં આવે;
૩. વાણિજ્યની વિદ્યાશાખાના ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે;
૪. ગ્રંથાલયમાં વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :
   (૧) પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
   (૨) સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
   (૩) સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. રમતગમતનાં મેદાનોનો પ્રબંધ કરવામાં આવે;
૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૦. **મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં ગૃહવિજ્ઞાન અને સંસ્કૃત, તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.**

આથી ઠરાવવામાં આવે છે કે મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં ગૃહવિજ્ઞાન અને સંસ્કૃત; તથા બી.એ. (પ્રિન્સિ)માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૩) ગૃહવિજ્ઞાન માટે એક વ્યાખ્યાતા
   (૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
   (૫) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૬) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૭) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
   (૫) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
   (૬) કાર્યાલય માટેનો ખંડ
   (૭) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ગ્રંથાલયમાં અર્થશાસ્ત્રના વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા ગૃહવિજ્ઞાન અને સંસ્કૃત માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. રમતગમતના મેદાનનો પ્રબંધ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૧. એમ. એન. કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન; તથા બી.એ.(સબ્સે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગર, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન; તથા બી.એ.(સબ્સે.)માં આંકડાપદ્ધતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૨. યુ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને અર્થશાસ્ત્ર, તથા બી.એ.(સબ્સે.)માં અંગ્રેજી, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે યુ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ, શિક્ષકમણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબ્સે.)માં અંગ્રેજી, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર; અને બી.એ.(સબ્સે.)માં અંગ્રેજી, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
(૨) ગણિતશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા અથવા એક ટ્યૂટર;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગણિતના વિષયને લગતાં ત્રણેક સામયિકો મગાવવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૩. શ્રીમતી હુર્યાબહેન છગનભાઈ પટેલ (કંઠારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી તથા બી.એ.-

(સબો.)માં સંસ્કૃત અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે જૂન ૧૯૬૯થી ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, અંગ્રેજી, તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ કાયમી કરવા માટે; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેના ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને તથા સેનેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી અને અંગ્રેજી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે વિશાળ ખંડ ફાજલ પાડવામાં આવે તથા કૉલેજની સ્થાપનાથી માંડી આજ સુધીમાં જોડાણની શરતરૂપે જે કુલ આવર્તક અને અનાવર્તક રકમ ગ્રંથાલય પાછળ ખર્ચવી જોઈએ તેના કરતાં રૂા. ૨૫,૦૦૦ ઓછી ખર્ચવામાં આવી હોઈ, તે રકમ તાત્કાલિક ખર્ચવામાં આવે;

૩. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૫. શ્રી લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા તરફથી જૂન ૧૯૬૯થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, તથા બી.એ.(સબો.)માં હિંદી, મનોવિજ્ઞાન, ઇતિહાસ, અંગ્રેજી, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર, તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને પ્રથમ વર્ષ બી.એ.માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.-

(સબો.)માં હિન્દી, મનોવિજ્ઞાન, ઇતિહાસ, અંગ્રેજી, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(રચે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને બી.એ.(સબો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
(૨) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા (ઑર્ગેનિકના)
(૪) રસાયણવિજ્ઞાન માટે અનુસ્નાતક પદવી ધરાવતા એક ડેમોન્સ્ટ્રેટર
(૫) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. કૉલેજના બધા જ ખંડોમાં છાપરાની નીચે છતની વ્યવસ્થા કરવામાં આવે, મકાનની સુયોગ્ય મરામત કરવામાં આવે અને આચાર્યખંડ, અધ્યાપકખંડ, વિદ્યાર્થિનીખંડ — આ સૌ સ્થળે જાજરૂ-મુતરડીની સંતોષકારક વ્યવસ્થા કરવામાં આવે;

૩. કૉલેજનું નવું મકાન નિદાન ૧૯૬૯-૭૦ના વર્ષમાં શરૂ કરવામાં આવશે તેવી બાંયધરી આપવામાં આવે;

૪. રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા માટે રૂા. ૧૭,૦૦૦ની રકમનાં ખૂટતાં સાધનો વસાવી લેવામાં આવે;

૫. સંસ્કૃતના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો તથા સમાજશાસ્ત્રના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૮. ૧૯૬૯-૭૦ના વર્ષમાં તૃતીય વર્ષ બી.એસસી.નો વર્ગ શરૂ કરવામાં આવે.

૨૬. દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ તરફથી જૂન ૧૯૬૯થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (રચે.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ

ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૨) વાણિજ્યના એક વ્યાખ્યાતા
   (૩) આંકડાશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા
   (૪) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
   (૫) ગ્રંથપાલ;

૨. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિની નિમણૂક કરવામાં આવે તથા તેમને માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૭. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ) તરફથી જૂન ૧૯૬૬થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોના ચાલુ જોડાણ, તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ), શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૬-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં રાજ્યશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત અને મનોવિજ્ઞાન; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬-થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૨) મનોવિજ્ઞાનના એક ટ્યૂટર
   (૩) વાણિજ્યના મુલાકાતી પ્રાધ્યાપકને બદલે પૂર્ણ સમયના પ્રાધ્યાપક
   (૪) વાણિજ્યના વેપારી કાયદાના વિષય માટે એક ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. માનસશાસ્ત્રના મુખ્ય વિષય માટે જરૂરી પ્રયોગશાળાનો અલગ ખંડ રાખવામાં આવે તથા પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂપિયા ૬,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો માટે પાછલી રકમ પેટે રૂા. ૨૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. માનસશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૮. સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં સંસ્કૃત અને આંકડાશાસ્ત્ર; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સાયં.)માં માનસશાસ્ત્ર, ઇતિહાસ, હિન્દી; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં સંસ્કૃત અને આંકડાશાસ્ત્ર; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ.(સાયં.)માં માનસશાસ્ત્ર, ઇતિહાસ, હિન્દી તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
   (૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
   (૪) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૫) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૬) ઇતિહાસના એક વ્યાખ્યાતા
   (૭) હિન્દીના એક વ્યાખ્યાતા
   (૮) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૯) વાણિજ્યના એક પ્રાધ્યાપક
   (૧૦) ઍકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક;

૨. ૬૨ ત્રણ વિદ્યાર્થીઓ દીઠ એક ડુપ્લિકેટિંગ મશીન વસાવવામાં આવે;

૩. બી.એ.(સાયં.)માં પ્રત્યેક વધારાના વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો તથા બી.એ.(પ્રિન્સિ.)માં પ્રત્યેક વધારાના વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો ખર્ચ પુસ્તકો તથા સામયિકો માટે કરવામાં આવે;

૪. વાણિજ્યની વિદ્યાશાખામાં એકાઉન્ટન્સીના વિષય માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો તથા સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૨૯. જમાલપુર-રાયખડ સેવાસંઘ સંચાલિત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં ઇતિહાસ, અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૦. વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમોનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્ય સહિત શિક્ષકોને પગાર ચુકવણી, પુસ્તક ખરીદી અને શિક્ષણ માટેના ખંડોની વ્યવસ્થાની બાબતમાં પૂરતી ખાતરી કરવાની જરૂર છે એમ સિન્ડિકેટને જણાવવું. દરમિયાન સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. સાયન્સ કૉલેજ, કડી તરફથી જૂન ૧૯૬૯થી બી.એસસી. (રૂપે.)માં રસાયણ-વિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રનું ચાલુ જોડાણ કાયમી કરવા; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ કૉલેજ, કડી શિક્ષકગણની નિમણૂકો અંગેથી શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૯ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૯થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને

ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) હિન્દીના એક ખંડ સમયના વ્યાખ્યાતા
(૨) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક (ઑર્ગેનિક કેમિસ્ટ્રીના)
(૪) કાર્યભાર અને વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર જુદા જુદા વિષયોના ડેમોન્સ્ટ્રેટર
(૫) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના પ્રત્યેક વિષય માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. કૉલેજના કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો, સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય;

૩. ફર્નિચર ફિટિંગ્સ સહિતની ૩૦ વિદ્યાર્થીઓને સમાવી શકે તેવી સુસજ્જ પ્રયોગશાળા તૈયાર કરવામાં આવે;

૪. ગણિતશાસ્ત્રના વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

૩૨. ધર્મસિંહજી દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.ઈ. (કેમિ.)ના અભ્યાસક્રમો માટેનું ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ બી.ઈ. (કેમિ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૭ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૩૪. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૯થી પ્રથમ વર્ષ બી.એસસી. (નર્સિંગ)ના ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ બી.એસસી. (નર્સિંગ)ના વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૫. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦/૨૧-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" આથી એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના અભ્યાસક્રમમાં આધુનિક ભારતીય ભાષાઓમાં ગદ્યપદ્યનો અભ્યાસક્રમ રાખવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦/૨૧-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એમ.એ. અંગ્રેજીના અભ્યાસક્રમમાં કૉમર્શિયલ અંગ્રેજીને ઝોક મળે તેવા એક પ્રશ્નપત્રનો મરજિયાત અભ્યાસક્રમ ઘડવા ઘટતું કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે હાલ વાણિજ્યનો અભ્યાસક્રમ શીખવતી તમામ કૉલેજોમાં કૉમર્શિયલ કૉરસ્પોન્ડન્સનો અભ્યાસક્રમ શીખવતા અંગ્રેજીના શિક્ષકો માટે રિફ્રેશર કોર્સ દાખલ કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦/૨૧-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે નવા અભ્યાસક્રમની એમ.કૉમ. પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓ બીજા કોઈ ગ્રુપના વિષયો સાથે પરીક્ષા આપવા ઇચ્છતા હોય તો તેમને માટે નીચે પ્રમાણે વ્યવસ્થા કરવા તથા તે માટે જરૂરી ઑર્ડિ. ઉમેરવા જોગવાઈ કરવા ભલામણ કરવી. આવા વિદ્યાર્થીઓને આ ઑર્ડિ. હેઠળ જુદું ડિપ્લોમા પ્રમાણપત્ર આપવાનું રહેશે.

Any student who has passed his M.Com. Examination with one group of optional subjects, be permitted to appear with other group of optional subjects, provided he has kept two terms at M.Com., Part II in the subjects in which he wanted to appear at a recognised post-graduate centre. He will be declared to have passed the M.Com. Examination, if he passes in those subjects both at Part I and Part II getting at least 36 per cent marks in each paper and 48 per cent of marks in the aggregate of 4 papers in which he appears. Such a candidate will not be eligible for class or prizes or any other award. No student shall be allowed to appear in more than one additional subject or group of subjects under this ordinance. He will be awarded as degree certificate under this ordinance."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૮. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦/૨૧-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"બી.કૉમ.ના જૂના અભ્યાસક્રમની પરીક્ષામાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીએ ત્રણ વર્ષની વાણિજ્યની પહેલી પરીક્ષાના બીજા અને ત્રીજા વર્ષની પરીક્ષામાં એકીસાથે કે પાર્ટમાં

સત્રો ભર્યા સિવાય સીધા બેસી શકે તેમ જોગવાઈ કરવા તથા જૂના અભ્યાસક્રમની પરીક્ષાના વિષયોમાં મુક્તિ (exemption) મેળવવી હોય તો નીચે પ્રમાણે સમકક્ષ ગણી નવા અભ્યાસક્રમના પ્રશ્નપત્રોમાં મુક્તિ (exemption) આપવા ભલામણ કરવામાં આવે છે :

2. A candidate who has failed at the B.Com. (Old Course) Examination will be permitted to appear at S.Y. B.Com. and T.Y. B.Com. Examinations of the New Course simultaneously or in part, without keeping terms. He shall be declared to have passed the examination, if he secures 36 % or more of the marks in every paper, such a candidate will not be eligible for class if he has kept exemptions. Such a candidate will not be eligible for a prize or any other award. The following subjects will be deemed equivalent for exemption purpose :

B.Com. (Old Course)	*B.Com. (New Course) (T.Y. B.Com.)*
English	English
M.E.D.	Problems of Economic Development
Mercantile Law	Mercantile Law
Adv. Accounting & Auditing	Adv. Accounting & Auditing
Statistics	Statistics
Banking	Banking
Economics of Cotton	Economics of Cotton
Economics of Transport	Economics of Transport
Public Finance	Public Finance
English	English
Economics	Principles of Economics
Adv. Accounting & Auditing	Adv. Accounting & Auditing
Statistics	Statistics
Banking	Banking
Economics of Cotton	Economics of Cotton
Economics of Transport	Economics of Transport
Public Finance	Public Finance

Note.—A candidate who have appeared under B.Com. (Old Course) with an optional subject other than Advanced Accounting and Auditing will be eligible for exemption in the Paper of Accountancy–II at S.Y. B.Com. under New Course.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાએ બી.કૉમ.ના જૂના અભ્યાસક્રમની પરીક્ષામાં નાપાસ થયેલા હોય તેવા વિદ્યાર્થીઓ ત્રણ વર્ષની વાણિજ્યની પદવી પરીક્ષાના બીજા અને ત્રીજા વર્ષની પરીક્ષામાં એકસાથે કે જુદે જુદે વખતે સત્રો ભર્યા સિવાય બેસી શકે તેમ જોગવાઈ કરવા માટે જે ભલામણ કરી છે તેની વિચારણા મોકૂફ રાખવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે બી.કૉમ.ના જૂના અભ્યાસક્રમની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ મુક્તિ (exemption) મેળવી હોય તે વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમમાં વિષયોની સમકક્ષતા નીચે મુજબ ગણીને નવા અભ્યાસક્રમના જે તે વિષયોમાં/પ્રશ્નપત્રોમાં મુક્તિ (exemption) આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

B.Com. (Old Course)	*B.Com. (New Course) (T.Y.B.Com.)*
English	English
M.E.D.	Problems of Economic Development
Mercantile Law	Mercantile Law
Advanced Accounting & Auditing	Advanced Accounting & Auditing
Statistics	Statistics
Banking	Banking
Economics of Cotton	Economics of Cotton
Economics of Transport	Economics of Transport
Public Finance	Public Finance
English	English
Economics	Principles of Economics
Adv. Accounting & Auditing	Adv. Accounting & Auditing
Statistics	Statistics
Banking	Banking
Economics of Cotton	Economics of Cotton
Economics of Transport	Economics of Transport
Public Finance	Public Finance

[*Note.*—A candidate who has appeared under B.Com. (Old Course) with an optional subject other than Advanced Accounting and Auditing will be eligible for exemption in the Paper of Accountancy-II at S.Y.B.Com. under New Course.]

૩૯. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦/૨૧-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એક વખત બી.કૉમ.ની પરીક્ષા પાસ થયેલ વિદ્યાર્થી બીજી વખત બી.કૉમ.ની પરીક્ષા આપવા ઇચ્છે તો તેમને માટે હાલનો ઑર્ડિ. ૭ નીચે મુજબ

સુધારવો તથા આ અંગેનો બીજો ઑર્ડિ. ૧–એ ૨૬ કરવા ભલામણ છે :

O. 7 :

A candidate who has passed the B.Com. Examination of this University will be permitted to appear in any of the additional optional subjects and will on passing in such an additional subject be awarded a degree to that effect. A candidate will have to appear simultaneously or in part in the additional optional subject at F.Y.B.Com., S.Y.B.Com. and T.Y.B.Com. and shall be declared to have passed if he secures 36% or more marks at every paper. Such a candidate who secures at the First trial 60% of the total marks will be placed in First Class if he has got First Class at the B.Com. level and such a candidate who secures at the First trial 48% of the total marks will be placed in Second Class, if he has got Second Class at the B.Com. level. Such a candidate will not be eligible for any prize or any other award.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૪–૯–૧૯૬૮ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. આર્ટ્સ ૧૨ મુજબ તૃતીય વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્રના વિષયના પ્રશ્નપત્ર ૧૦માં ઓપ્શનલ પેપર તરીકે 'ઇકોનોમિક્સ ઑફ ગુજરાત'નું પ્રશ્નપત્ર રાખવું અને તેને જૂન ૧૯૬૯ની સાલથી અમલી બનાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૧૭–૯–૧૯૬૮ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે લલિતકળાનો વિભાગ યુનિવર્સિટી કક્ષાએ શરૂ કરવા અંગે એકેડેમિક કાઉન્સિલને પુનર્વિચારણા માટે ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. ઇતિહાસ વગેરેની અભ્યાસસમિતિની તા. ૧૬/૧૭–૯–૧૯૬૮ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે મિસિસ ઇલા વિજયકર તરફથી આવેલ 'મિસર અને પશ્ચિમ એશિયાની પ્રાચીન સંસ્કૃતિઓ'ના પુસ્તકને રેગ્યુ. પ્રી-યુનિ. આર્ટ્સ–૨ના પ્રી-યુનિ. આર્ટ્સનાં 'વર્લ્ડ હિસ્ટરી' અભ્યાસક્રમ અંગેનાં ભલામણ કરેલાં પુસ્તકોમાં ઉમેરવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૩. સહકારની અભ્યાસસમિતિની તા. ૨૫-૯-૧૯૬૮ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

" આ સભા ભલામણ કરે છે કે કો-ઑપરેશન વિષયમાં એમ.એ. કક્ષાએ ઑપ્શનલ વિષય તરીકેનાં બે પેપરો રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૮ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

" આ સભા ભલામણ કરે છે કે વારાણસીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના દ્વિતીય વર્ષના આચાર્યને એમ.એ. સમકક્ષ ગણવા (શિક્ષક તરીકે)."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૫. ભારતીય સંસ્કૃતિની અભ્યાસસમિતિની તા. ૧૯-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" આથી ભલામણ કરવામાં આવે છે કે ઇન્ડિયન કલ્ચરના એમ.એ., ભાગ ૧ના પ્રશ્નપત્ર ૨ના અભ્યાસક્રમ માટે સૂચિત પુસ્તકોની યાદીમાં નીચેનું પુસ્તક ઉમેરવું :

'મિસર અને પશ્ચિમ એશિયાની પ્રાચીન સંસ્કૃતિઓ' : લે. ઇલા વિજયકર ખીજવા પંડ્યા (ભારત પ્રકાશન, અમદાવાદ).

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે સેકન્ડ બી.એ.ના ઇન્ડિયન કલ્ચરના પ્રશ્નપત્રના અભ્યાસ-ક્રમ માટે સૂચિત પુસ્તકોની યાદીમાં નીચેનું પુસ્તક ઉમેરવું :

'મધ્યયુગીન ભારત', ખંડ ૧, પ્રકરણ ૯ : લે. ડૉ. છોટુભાઈ ૨. નાયક, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશિત."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૬. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૪-૯-૧૯૬૮ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

" આ સભા ભલામણ કરે છે કે તૃતીય વર્ષ બી.એસસી.ની કક્ષાના પ્રૅક્ટિકલ વર્ગો માટે દરેક બૅચમાં એમ.એસસી. થયેલા ડેમોન્સ્ટ્રેટરો હોવા જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૪-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" અભ્યાસસમિતિએ નીમેલી સમિતિની તા. ૨૧-૮-૧૯૬૮ની સભાની ભલામણો ઉપર વિચારણા કરી ભલામણ કરવામાં આવે છે કે પ્રી-યુનિ. વિજ્ઞાન, પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી.ના કેમિસ્ટ્રી વિષયના અભ્યાસક્રમ અંગેના રેગ્યુલેશનો પ્રી-યુનિ. સાયન્સ-૨, રેગ્યુલેશન સાયન્સ ૨, ૮ અને ૧૫ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા.

1. Samuelson P. A. : 'Foundations of Economic Analysis'
2. Morgenstern : 'Accuracy of Economic Observations'
3. Goldsmith R. : 'National Wealth and National Budgets'
4. Davis H. T. : 'Analysis of Economic Time Series'
5. Tinbergen J. : 'Mathematical Models of Economic Growth.'

Paper VIII

(Industrial Statistics and Operations Research)

1. Statistical Quality Control

Quality Management :

Use of statistical methods in industry, organisation of quality control department in industry. Quality costs.

Process control :

Standard control charts. Cumulative sum control charts. Costs associated with control charts and their uses.

Product Control :

General notions of acceptance of sampling plans. Sampling inspection plans for attributes when two points are fixed on O. C. curve. Properties and derivation of single, double and sequential sampling plans for attributes.

Sampling inspection by variables single and double sampling plans with known and unknown process standard deviation when the lot quality is described by the (a) process mean, and (b) fraction defective (specifications being given).

2. Operations Research :

Definition and scope of O. R. Different types of models, their constructions and general methods of solutions, Monte Carlo Methods.

Elementary inventory models with and without restrictions deterministic and probabilitistic, elementary deterministic models with price breaks, Replacement models.

Linear programming, graphical methods, simplex techniques, Duality theorem, Transportation problem, Assignment problems, Maximum flow net work, mini-cut theorem, Labeling method, Matrix solutions. Introduction to the theory of games for zero sum two person game and its transformation to linear programming problem. Elements of non-linear and dynamic programming.

Queueing theory; its introduction, stationary states of $M^1M^1$1 queues, M^1M^1S queues with applications. Sequencing theory.

3. Writing of computer language for simple statistical and numerical problems.

Books recommended

1. Churchman, Ackoff, Arnoff : 'Introduction to Operations Research'
2. Saseini, Yaspan, Fridman : 'Operations Research Methods and Problems'
3. Hadley, Whitin : 'Analysis of Inventory System'
4. Hadley : 'Linear Programming'
5. Gass S. I. : 'Linear Programming'
6. Loomba : 'Introduction to Linear Programming'
7. Dantzig : 'Introduction to Linear Programming'
8. Cox, Smith : 'Queues'
9. Morse P. M. ; 'Queues, inventories and Maintenance'
10. Daniel D. McCracken and William S. Dorn. : 'Numerical Methods and Fortran Programming'
11. Robert A. : 'Information Theory'
12. E. L. Grant : 'Statistical Quality Control'
13. Duncan and Smith : 'Quality Control & Industrial Statistics'
14. D. J. Cowden : 'Statistical Methods in Quality Control'

15. Bowker A. H. and Goode R. P. : 'Sampling Inspection by Variables'

16. Eisenhart C. Hastay M. W. and Wallis W.A. : 'Techniques of Statistical Quality Control'.

Optional Paper III

(Demography and Large-scale sample surveys)

Demography : History of growth of demography. Census and vital statistics data—birth, death statistics–Errors in them and their adjustments. Measures of mortality rates and indices, Life tables and methods of their construction. Fertility and reproduction rates and their comparison. Stable population theory, population estimation and projection. Measurement of growth of populations.

Large-scale sample surveys : Data collection : Planning : object of a statistical project information required, population to be studied, basic definitions and concepts, decision on the method of enquiry (mail, interrogation with independent verification and direct observation), Nature of survey (single or repetitive). Setting up of organisations for statistical and field work (finance, personnel, machines):

Preparatory : Building up of statistical and field organisations, choice and construction of sampling frame, Pilot survey for the construction of cost and variance function and examination of a method of enquiry.

Sampling design : Optimum design for maximising precision, interpenetrating, concurrent and supplementary samples to measure completences of coverage, errors due to non-response, difference between investigators, difference in procedures of collections, Schedules and instruction. Field scrutiny, Recording : Receipt of schedules, checking, stock taking, sorting of records.

Report and publications : Checking of final tables, critical examination, interpretation of tables, Report-writing.

Annual surveys of industries, Family living surveys, National sample surveys, demographic surveys.

Course is roughly indicated by the following books :

1. Cox D. R. : 'Demography'
2. Wolfenden : 'Population Statistics and Their Compilation'
3. Spiegleman : 'Introduction to Demography'
4. Sidwick and Jackson : 'Measurement of Population Growth'
5. Barclay : 'Techniques of Population Analysis'
6. Kuczynski : 'Fertility and Reproduction'
7. Yates : 'Sampling Methods for Censuses and Surveys'
8. Deming W. E. : 'Some theory of sampling'
9. Hansen Hurwitz and Madow : 'Sample Survey Methods and Theory'
10. Sukhatme P. V. : 'Sampling Theory of Surveys with Applications'
11. Cochran W. G. : 'Sampling Techniques'
12. Murthy M. N. : 'Sampling Theory and Methods'

Additional books for reference

1. Jafee : 'Statistical Handbook for Demographies'
2. Bailey : 'Elements of Stochastic Process with Applications to Natural Sciences'
3. Bartlett : 'Stochastic Population Models'
4. Hendricks W. : 'Mathematical Theory of Sampling'
5. Mahalanobis P. C. : 'Experiments in Statistical Sampling'

(The courses for the special papers 4 to 13 will be framed when required.).

(*b*) Practical Paper IV : Based on Paper V
Practical Paper V : Based on Paper VI
Practical Paper VI : Based on the optional papers selected by the candidates.

(*c*) Viva-voce will be based on papers from V to VIII.

Note.—A candidate will be permitted to offer dissertation with the consultation of his guide in lieu of one special paper and Practical Paper VI.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯.

ગુ. યુ. પ્રેસ ૬૫૩-૪૫૦-૯-૬૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૬૯ના વર્ષની તૃતીય સભા બુધવાર, તા. ૩૦-૭-૧૯૬૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને ગુરુવાર, તા. ૩૧-૭-૧૯૬૯ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૭-'૬૯	તા. ૩૧-૭-'૬૯
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. કે. સં. પરીખ, કુલસચિવ	હાજર	હાજર
૩.	આચાર્ય ડી. પી. ઠાકર	હાજર	હાજર
૪.	આચાર્ય આર. એચ. શાહ	હાજર	હાજર
૫.	પ્રો. કે. જે. ભટ્ટ	હાજર	હાજર
૬.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૭.	ડૉ. એસ. સી. પંડ્યા	હાજર	હાજર
૮.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર
૯.	શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર
૧૦.	ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર
૧૧.	આચાર્ય એચ. એમ. શુકલ	હાજર	હાજર
૧૨.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૧૩.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર
૧૪.	પ્રો. વી. એમ. શાહ	હાજર	હાજર
૧૫.	આચાર્ય ય. પ્રા. શુકલ	હાજર	હાજર
૧૬.	આચાર્ય કે. એન. શાહ	હાજર	હાજર
૧૭.	ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૭'-૬૯	તા. ૩૧-૭'-૬૯
૧૮.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૧૯.	ડૉ. ડી. એચ. સુતરિયા	હાજર	હાજર
૨૦.	ડૉ. તારાબહેન પટેલ	હાજર	હાજર
૨૧.	આચાર્ય યુ. ડી. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૨૨.	આચાર્ય એચ. એ. ડિસોઝા	ગેરહાજર	ગેરહાજર
૨૩.	શ્રી. એલ. આર. દેસાઈ	હાજર	હાજર
૨૪.	આચાર્ય કે. જી. દેસાઈ	હાજર	હાજર
૨૫.	ડૉ. લીલાબહેન સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૨૬.	શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર
૨૭.	શ્રી. વી. જે. ત્રિવેદી	હાજર	હાજર
૨૮.	શ્રી. જશવંત ઠાકર	હાજર	ગેરહાજર
૨૯.	આચાર્ય એ. એચ. આઈ. વોરા	હાજર	હાજર
૩૦.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૩૧.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર
૩૨.	આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર	ગેરહાજર
૩૩.	પ્રો. એમ. પી. પંડ્યા	હાજર	હાજર
૩૪.	શ્રી. જી. એસ. દેસાઈ	ગેરહાજર	હાજર
૩૫.	આચાર્ય ય. ગુ. નાયક	હાજર	હાજર
૩૬.	આચાર્ય એલ. ડી. દવે	હાજર	હાજર
૩૭.	આચાર્ય સી. એમ. પટેલ	હાજર	હાજર
૩૮.	પ્રો. જી. ટી. પંડ્યા	હાજર	હાજર
૩૯.	આચાર્ય સી. સી. શાહ	હાજર	હાજર
૪૦.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર	હાજર
૪૧.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર
૪૨.	આચાર્ય કે. એમ. તલાટી	હાજર	હાજર
૪૩.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર	હાજર
૪૪.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૪૫.	આચાર્ય ટી. એમ. પરીખ	હાજર	હાજર
૪૬.	પ્રો. એચ. એસ. જૈન	હાજર	હાજર
૪૭.	ડૉ. કે. આર. શ્રોફ	હાજર	હાજર
૪૮.	ડૉ. પી. એલ. શાહ	હાજર	હાજર
૪૯.	આચાર્ય સી. એસ. શાહ	હાજર	હાજર
૫૦.	ડૉ. એ. એમ. મલાવવાળા	હાજર	હાજર
૫૧.	ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૫૨.	શ્રી. આર. જે. ખારા	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૭'-૬૯	તા. ૩૧-૭'-૬૯
૫૩.	આચાર્ય પી. એચ. ભટ્ટ	હાજર	હાજર
૫૪.	આચાર્ય જે. બી. સાણ્ડિલ	હાજર	હાજર
૫૫.	શ્રી. પી. સી. વૈદ્ય	ગેરહાજર	ગેરહાજર
૫૬.	આચાર્ય કે. એમ. આચાર્ય	હાજર	હાજર
૫૭.	આચાર્ય ડી. એસ. જોશી	હાજર	હાજર.

૧. તા. ૧૮/૧૯-૨-૧૯૬૯ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૬૯ની દ્વિતીય સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૮/૧૯-૨-૧૯૬૯ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૬૯ની દ્વિતીય સભાના કામકાજની નોંધ, નીચેના સુધારા સાથે, મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

એકેડેમિક કાઉન્સિલની સદરહુ સભાની નોંધમાં બાબત નં. ૬(૨) પરનો ઠરાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઈતિહાસની અભ્યાસસમિતિની પુનર્વિચારણા માટે મોકલવી."

૨. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિએ તેની તારીખ ૧૦-૯-૧૯૬૮ની સભામાં ૧૯૬૮ના વર્ષમાં લેવાયેલી પરીક્ષાના આ અભ્યાસસમિતિને લગતા પરીક્ષકોના અહેવાલ અંગે કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"ફર્સ્ટ બી.કૉમ.ના વૈકલ્પિક સ્ટેટિસ્ટિક્સ (૧૬) તથા સેકન્ડ બી.કૉમ.ના સ્ટેટિસ્ટિક્સના પરીક્ષકના રિપોર્ટના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે તે વિષય માટે અઠવાડિયાના ચાર તાસ (periods) લેવાય તેવો પ્રબંધ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વાણિજ્યની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૩. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની જે તે વિદ્યાશાખામાં ટી.વાય. કક્ષાએ વિષયને ઉપકારક નીવડે તેવા ઓછામાં ઓછા ૮ થી ૧૫ ગુણના અંગ્રેજી ફકરાની સમજૂતી(appreciation)ના પ્રશ્નની જોગવાઈ કરવાના એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાના ઠરાવ અંગે વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓના નીચેના અભિપ્રાયો ઉપર વિચારણા કરવા બાબત :

૧. વિનયન વિદ્યાશાખાની તા. ૪-૯-૧૯૬૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના ૧૦મા ઠરાવના સૂચનમાં 'એપ્રિસિયેશન' ને બદલે 'કોમ્પ્રેહેન્શન'ના પ્રશ્નની જોગવાઈ કરવી તેમ આ વિદ્યાશાખાનો મત છે."

૨. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩/૪-૨-૧૯૬૯ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં એપ્રિસિયેશનને બદલે કોમ્પ્રેહેન્શનના પ્રશ્નની જોગવાઈ કરવી તેમ આ વિદ્યાશાખાનો મત છે."

૩. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૪-૯-૧૯૬૮ની સભાની ભલામણ

"The faculty is not in the favour of the proposal made by Academic Council. However it has considered proposal Nos. 3 & 4 of Dr. Y. G. Naik and recommends

to Academic Council that —

(1) There shall be a paper in English at every year including Pre-Uni. Science as follows :

Sec. I : Study of the passages in English from standard Text-Books pertaining to the subjects and of the corresponding level .. 50 marks

Sec. II : Grammar, Translation and Comprehension .. 50 marks

(2) The faculty is of the further opinion that in awarding classes at T.Y.B.Sc. marks obtained in English at T.Y.B.Sc. shall also be considered alongwith the marks of Principal subjects."

આથી ઠરાવવામાં આવે છે કે ટી.વાય.બી.એ., ટી.વાય.બી.એસ.સી. અને ટી.વાય.બી.કોમ.ના વર્ષમાં જે તે વિષયમાં અંગ્રેજી ભાષામાં પુસ્તકો, સામયિકો વગેરે વિદ્યાર્થીઓ વાંચીને સમજી શકે તે હેતુથી વાચનસામગ્રી તેમને સુલભ થાય તે દૃષ્ટિ ધ્યાનમાં રાખીને તે વિષયમાં, તે આંશત પરીક્ષાના ભાગ રૂપ અને તે રીતે સમગ્ર ભાવે વિચારણા કરીને પોતાનો અભિપ્રાય રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય જે. બી. સાણ્ડેસરા
(૨) આચાર્ય એમ. સી. દેસાઈ
(૩) આચાર્ય ચ. પ્રા. શુકલ
(૪) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૫) આચાર્ય એચ. કે. ત્રિવેદી
(૬) આચાર્ય કે. એન. શાહ
(૭) ડૉ. તારાબહેન પટેલ
(૮) આચાર્ય ચીનુભાઈ ઠાકર
(૯) આચાર્ય સી. એમ. પટેલ.

૪. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭-૬-૧૯૬૮ની સભામાં અનુસ્નાતક કક્ષાએ અભ્યાસક્રમમાં શકય તેટલું સંયોજન થઈ શકે તે વિચારણા માટે ભાષાઓની અભ્યાસસમિતિઓના અધ્યક્ષોની સમિતિના તા. ૨૨-૮-૧૯૬૮ના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** — ઉપરની સમિતિના અહેવાલના સંદર્ભમાં હિંદીની અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૮ની સભાનો ઠરાવ નીચે પ્રસ્તુત છે :

"એમ.એ.ના અભ્યાસક્રમમાં શકય તેટલું સંયોજન કરવા માટે એકેડેમિક કાઉન્સિલે નીમેલ સમિતિની ભલામણ પર વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે એમ.એ. કક્ષાએ આ ફેરફારો કરવા માટે સળંગ અભ્યાસ-ક્રમમાં પણ ફેરફારો કરવા પડે તેમ છે. તે ઉપરાંત કયાંક કયાંક આવું સંયોજન પૂરું શકય નથી તેમ પણ જણાયું છે. આ ઉપરાંત આ અભ્યાસસમિતિએ સળંગ આઠ પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ કરવા માટેની દરખાસ્ત પણ મૂકેલી છે તે મંજૂર થયેથી આ અંગે વિચારણા કરવી સરળ થઈ પડશે.

આ સભા માને છે કે એમ.એ.માં મુખ્ય અને ગૌણ માટે જે પ્રશ્નપત્રો રખાય તેમાં પ્રશ્નપત્ર ૧માં 'આધુનિક ગદ્ય' અને પ્રશ્નપત્ર ૪માં 'આધુનિક પદ્ય' રાખવું હિતાવહ છે. હાલની ભલામણમાં પ્રશ્નપત્ર ૧માં 'સાહિત્યસ્વરૂપ' અને પ્રશ્નપત્ર ૪માં 'બે ગ્રંથકારોનો અભ્યાસ' તે મુખ્યના પ્રશ્નપત્રો માટે વધારે યોગ્ય છે, તેમ છતાં આવા સંયોજન માટે આધુનિક ભારતીય ભાષાઓની અભ્યાસસમિતિઓના અધ્યક્ષોની એક બેઠક ફરીથી મળે અને વિચારણા કરે તે ખૂબ જરૂરી છે.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને ભાષાઓના અભ્યાસક્રમનું હાલનું માળખું છે તેમ ચાલુ રાખવું.

૫. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના પ્રી.યુનિ.ના વર્ગમાં એક વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીને એ.ટી.કે.ટી. આપવી કે કેમ તે અંગે એકૅડેમિક કાઉન્સિલની તા. ૭-૮-૧૯૬૮ની સભાએ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓના અભિપ્રાય માગ્યા હોઈ સદરહુ વિદ્યાશાખાઓના અભિપ્રાયો ઉપર વિચારણા કરવા બાબત.

૧. વિનયન વિદ્યાશાખાની તા. ૪-૯-૧૯૬૮ની સભાનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટીના વર્ગમાં નાપાસ થનાર વિદ્યાર્થીને એ.ટી.કે.ટી. આપવાની જોગવાઈ કરવાની તરફેણમાં આ વિદ્યાશાખા નથી તેમ અભિપ્રાય આપવો."

૨. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૪-૯-૧૯૬૮ની સભાનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટીના વર્ગમાં નાપાસ થનાર વિદ્યાર્થીને એ.ટી.કે.ટી. આપવી નહીં."

૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦-૯-૧૯૬૮ની સભાનો અભિપ્રાય

"વાણિજ્ય વિદ્યાશાખાની આ સભા ચર્ચાવિચારણાને અંતે એ નિર્ણય પર આવે છે કે એ.ટી.કે.ટી.ની પ્રથા અનુસ્નાતક તેમ જ ડિગ્રી કક્ષાએ બધા તબક્કાઓમાંથી દૂર થવી જોઈએ; પરંતુ લાગતાંવળગતાં સત્તામંડળો જો પ્રથમ દૂર ન કરે તો પ્રી-યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને એ.ટી.કે.ટી. આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની પ્રી-યુનિવર્સિટી પરીક્ષામાં એ.ટી.કે.ટી.ની પદ્ધતિ દાખલ કરવી કે કેમ તે બાબત અંગે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સદરહુ બાબત તે વિદ્યાશાખાઓની પુનર્વિચારણા માટે પાછી મોકલવી :

(૧) બીજી યુનિવર્સિટીઓમાં પ્રી-યુનિવર્સિટી કક્ષાએ એ.ટી.કે.ટી.ની જોગવાઈ કરવામાં આવેલી છે કે કેમ ? અને

(૨) નજીકના ભવિષ્યમાં ગુજરાત રાજ્યમાં હાયર સેકન્ડરી પરીક્ષા દાખલ થવાનો સંભવ જણાતો નથી તે બાબત લક્ષમાં લેવી.

૬. બિઝનેસ મૅનેજમેન્ટ ડિપ્લોમાના પૂર્ણ સમયના અભ્યાસક્રમને સિન્ડિકેટે ચાલુ વર્ષથી શરૂ કરવા ઠરાવેલું હોઈ તેના સંદર્ભમાં બિઝનેસ મૅનેજમેન્ટના ત્રણ વર્ષના ખંડ સમયના જે અભ્યાસક્રમો મંજૂર થયેલા છે તેમાં જરૂરી સુધારાવધારા કરીને પૂરા સમયના બે વર્ષના પદવીના અભ્યાસક્રમો ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે —

(૧) આ યુનિવર્સિટીમાં બિઝનેસ મૅનેજમેન્ટના ડિપ્લોમાનો ખંડ સમયનો ત્રણ વર્ષનો જે અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો છે તેની સમયમર્યાદામાં કશો ફેરફાર કરવો નહિ, પરંતુ તે અભ્યાસક્રમો જોઈતપાસીને તે

સુધારવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) પ્રો. ડી. એન. પાઠક
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) પ્રો. ડી. ડી. ત્રિવેદી
(૪) આચાર્ય એમ. સી. દેસાઈ
(૫) આચાર્ય એચ. કે. ત્રિવેદી.

(૨) બિઝનેસ મૅનેજમેન્ટનો બે વર્ષનો પૂર્ણ સમયનો અભ્યાસક્રમ, ઉપર નં. (૧) માં જણાવેલા બંડ સમયના અભ્યાસક્રમ ઉપરાંતમાં દાખલ કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

(૩) બિઝનેસ મૅનેજમેન્ટનો વિષય સોશિયલ સાયન્સીસના શીર્ષક હેઠળ દાખલ કરવા તથા તે વિષય માટે વિનયન, વાણિજ્ય અને ઇજનેરીની સંયુક્ત વિદ્યાશાખાઓ હેઠળ અભ્યાસસમિતિ રચાય તેવી જોગવાઈ કરવા માટે ઘટતાં પગલાં લેવાનું રાખવું.

તે પછી બુધવાર, તા. ૩૦-૭-૧૯૬૯ના રોજ સમય પૂરો થતાં સભાગૃહનું કામકાજ બંધ રાખવામાં આવ્યું અને ગુરુવાર, તા. ૩૧-૭-૧૯૬૯ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે સભા ફરીથી મળતાં બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

ઉપર બાબત નં. ૬ના સંદર્ભમાં બાબત નં. ૮૪ અને તે પછી બાબત નં. ૧૦૬ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૮૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૨૦-૧-૧૯૬૮ના રોજ મળેલી સભામાં "ડિપ્લોમા ઇન બિઝનેસ મૅનેજમેન્ટ"ના અભ્યાસક્રમો શીખવવા માટે માન્ય અનુસ્નાતક શિક્ષક અને મદદનીશ શિક્ષકની માન્યતા માટે નિયમો ઘડવા માટે જે સમિતિ નીમેલી તે સમિતિનો હેવાલ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-'૬૯ના રોજ મળેલી સભા સમક્ષ રજૂ થતાં તે એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવાનું ઠરાવેલું હોઈ સદરહુ સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.— (૧) સદરહુ સમિતિએ 'બિઝનેસ મૅનેજમેન્ટ'ના અભ્યાસક્રમો યુનિવર્સિટી પોતે પોતાના ભવન દ્વારા ચલાવે એમ અભિપ્રાય દર્શાવી તેને માટે જરૂરી શિક્ષકોની લાયકાતનાં ધોરણો સૂચવ્યાં છે.

(૨) સિન્ડિકેટે તેની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભામાં જૂન ૧૯૭૦થી 'બિઝનેસ મૅનેજમેન્ટ'નો બે વર્ષનો પૂર્ણ સમયનો અભ્યાસક્રમ દાખલ કરવાનું ઠરાવેલું હોઈ તેના સંદર્ભમાં પણ સમિતિએ સૂચવેલાં શિક્ષકોની લાયકાતનાં ધોરણોની વિચારણા કરવાનું પ્રસ્તુત બને છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવનમાં બિઝનેસ મૅનેજમેન્ટના શિક્ષકોની નિમણૂકો માટે લાયકાતનું ઓછામાં ઓછું ધોરણ નીચે જણાવેલ નિયમો મુજબ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

The following shall be the minimum qualifications for appointment to the various categories of teachers :

1. Professor :

(*a*) A post-graduate degree or Diploma at least in Second Class in Business Administration or any other discipline related to Management Education such as Economics, Sociology, Psychology, Commerce, Accounting,

History. Labour Welfare, Industrial Relations, Social Psychology, Engineering, Mathematics, Statistics. etc., and seven years' combined exepcrience of post-graduate teaching, research (in addition to the research work for the doctoral degree) and / or practical experience.

and

(*b*) A doctoral degree on the basis of research in problems of Organisation Management or Marketing in Industry and Trade.

2. Reader :

(*a*) A post-graduate degree or diploma at least in Second Class in Business Administration or any other discipline related to Management Education such as Economics, Sociology, Psychology, Commerce, Accounting, History, Labour Welfare, Industrial Relations, Social Psychology, Engineering, Mathematics, Statistics, etc., and five years' combined exeprience of teaching and / or practical exeperience and doctoral degree in any of the concerned fields.

3. Lecturer :

(*a*) A post-graduate degree at least in Second Class in Business Administration or any other discipline related to Management Education such as Economics, Sociology, Psychology, Commerce, Accounting, History, Labour Welfare, Industrial Relations, Social Psychology, Engineering, Mathematics, Statistics, etc., and three years' combined exeperience of teaching and / or practical experience.

or

(*b*) A doctoral degree on the basis of research in problems of Organisation Management or Marketing in Industry and Trade.

4. Demonstrator / Instructor :

A post-graduate degree in Business Administration or a Second Class Master's degree in any discipline related to Management Education such as Economics, Sociology, Psychology, Commerce, Accounting, History, Labour Welfare, Industrial Relations, Social Psychology, Engineering, Mathematics, Statistics. etc., with some practical experience in organising field work.

Notwithstanding anything contained above it will be competent for the Selection Committee to make its recommendations in view of the qualitative work put in by a candidate.

૧૦૬. સિન્ડિકેટે બિઝનેસ મૅનેજમેન્ટનો અભ્યાસક્રમ દાખલ કરવા અંગે નીમેલ સમિતિની નીચેની ભલામણો તેની તા. 30/31-૭-૧૯૬૯ની સભામાં સ્વીકારી લેઈ તે ભલામણોમાં નિર્દેશ કરેલ જગ્યાઓ ઊભી કરવાનું વિચારવા બાબત.

"(૮) અભ્યાસક્રમના પહેલા વર્ષ માટે ઑક્ટોબર, ૧૯૬૯ સુધીમાં વ્યાખ્યાતા સિવાયની પ્રોફેસર કે રીડરની કક્ષાની છ નિમણૂકો થઈ જવી જોઈએ અને તેમાં (૧) Economics (૨) Operation Research અને (૩) Business Managementનો સમાવેશ કરવામાં આવે.

(૯) યથાસમયે નીચેના દરેક વિષય માટે પ્રોફેસર અને તે ના મળે તો રીડરની નિમણૂક કરવામાં આવે અને તેને માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે :

1. Operation Research
2. Business Policy Organisation
3. Organisation Behaviour
4. Marketing
5. Finance and Accounting
6. Economics
7. Personnel and Industrial Relations

(૧૦) વહીવટી તંત્રમાં પ્રોફેસર કે રીડરની કક્ષાના એક અધિકારીની નિમણૂક કરવામાં આવે, જે પ્રવેશ આપવાનું, શિક્ષણનાં સાધનોનું વર્ગીકરણ કરવાનું વગેરે કામ જુએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ સ્થાપવા માટે લાલ સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી નહિ.

ને પછી બાબત નં. ૭ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૭. લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૧૭-૯-૧૯૬૮ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે લલિતકળાનો વિભાગ યુનિવર્સિટી કક્ષાએ શરૂ કરવા અંગે એકેડેમિક કાઉન્સિલને પુનર્વિચારણા માટે ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે પાંચમી પંચવર્ષીય યોજનામાં આ યુનિવર્સિટીના વિકાસ-કાર્યક્રમોમાં લલિત-કળાઓનો વિભાગ, નાટ્યવિદ્યાના શિક્ષણ પર વિશેષ ભાર સાથે, શરૂ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦/૨૧-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વાણિજ્ય વિદ્યાશાખાના પ્રી-યુનિવર્સિટીથી પદવી અભ્યાસક્રમો શીખવવા માટે શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અંગે ચર્ચાવિચારણા કરી ભલામણ કરવામાં આવે છે કે શૈક્ષણિક લાયકાત આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વાણિજ્યની વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

ઉપર બાબત નં. ૮ના સંદર્ભમાં બાબત નં. ૩૧ (૨) વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩૧. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩/૪-૨-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(૨) કૉમર્સ કૉલેજમાં જે અધ્યાપક એકાઉન્ટન્સી વિષય શિખવાડવાની લાયકાત ધરાવતા હોય તે કૉમર્સ વિષયના પિરિયડ્સ અને ટ્યુટોરિયલ્સ લઈ શકશે, અને જે કૉમર્સ વિષયના અધ્યાપક હોય તે જો એકાઉન્ટન્સી વિષય ઐચ્છિક વિષય સાથે પાસ થયેલ હોય તો તે એકાઉન્ટન્સી વિષયના પિરિયડ્સ અને ટ્યુટોરિયલ્સ

લઈ શકશે, પરંતુ એકાઉન્ટન્સીનો અધ્યાપક બૅંકિંગનો વિષય ના શીખવી શકે અને બૅંકિંગનો અધ્યાપક એકાઉન્ટન્સી વિષય ના શીખવી શકે. આમ કૉમર્સ કૉલેજમાં એક ઐચ્છિક વિષય ભણાવનાર અધ્યાપક બીજો ઐચ્છિક વિષય શીખવી શકશે નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૧૮-૯-૧૯૬૮ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે વારાણસીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના દ્વિતીય વર્ષના આચાર્યને એમ.એ. સમકક્ષ ગણવા (શિક્ષક તરીકે)."

આથી ઠરાવવામાં આવે છે કે વારાણસીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયની બીજા વર્ગની આચાર્યની પદવી ધરાવનાર વ્યક્તિને આ યુનિવર્સિટીના સંસ્કૃતના વ્યાખ્યાતાની નિમણૂક માટે પાત્ર ગણવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. પ્રી-યુનિવર્સિટી કૉમર્સના ગણિતના અભ્યાસક્રમના મુદ્દાઓને નજર સમક્ષ રાખી ૧૯૬૮ના વર્ષના પરીક્ષકોના રિપોર્ટને અનુલક્ષીને પ્રી-યુનિવર્સિટી કૉમર્સના ગણિતના અભ્યાસક્રમ શીખવવા માટે અઠવાડિયાના ચાર પિરિયડ આપવા જરૂરી છે, તેવી ગણિતની અભ્યાસસમિતિની ભલામણ ઉપર એકેડેમિક કાઉન્સિલની તા. ૪-૧૨-૧૯૬૮ના ઠરાવ અનુસાર વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩/૪-૨-૧૯૬૯ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે આ સૂચન સાથે આ વિદ્યાશાખા સંમત નથી અને વાણિજ્ય વિદ્યાશાખાને આ વિષય માટે અઠવાડિયાના ચાર પિરિયડ જરૂરી લાગતા નથી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સાથે આ સભાગૃહ સંમત છે એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

૧૧. ગુજરાત એસ.એસ.સી. બોર્ડની પુનર્રચના કરવાની હોવાથી મજકૂર બોર્ડ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે એકેડેમિક કાઉન્સિલમાંથી એક સભ્યની નિમણૂક કરવા અંગે શિક્ષણ અને મજૂર વિભાગના સચિવશ્રી તરફથી આવેલ તા. ૧૯-૪-૧૯૬૯ના પત્રાંક એસ.એસ.સી. ૧૦૬૮-૨૧૮૪૯ (ગ) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એમ. સી. શાહની નિમણૂક કરવી.

૧૨. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૩૦-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ફાર્મસીની જુદી જુદી પરીક્ષાના પરીક્ષકો-પ્રાધ્યિનકો માટે લાયકાતનાં ધોરણો અંગે વિચારણા કરી તે આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીની જુદી જુદી પરીક્ષાઓના પરીક્ષકો-પ્રાધ્યિનકોની નિમણૂકો માટે ઓછામાં ઓછાં લાયકાતનાં ધોરણો અંગેના નિયમો સભાગૃહમાં સૂચવવામાં આવેલા સુધારા સાથે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સદરહુ સુધારેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૩. ગયા મે માસમાં કોલ્હાપુરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા શિવાજી યુનિવર્સિટી તરફથી યોજાયેલા પરિસંવાદમાં પ્રાકૃત ભાષાના અભ્યાસને ઉત્તેજન આપવા અંગે થયેલાં સૂચનોના સંદર્ભમાં પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિએ તેની તા. ૨૩-૯-૧૯૬૮ની સભાએ કરેલા નીચેના ઠરાવો અંગે વિચારણા કરવા બાબત:

"(૧) પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષાઓમાં પ્રાકૃતના વિષયને સ્થાન આપવા માટે એકેડેમિક કાઉન્સિલને તથા સિન્ડિકેટને ભલામણ કરે તેવી વિનંતી કરવી.

(૨) આપણી યુનિવર્સિટીમાં પીએચ.ડી. તથા એમ.એ.માં પ્રાકૃતને મુખ્ય વિષય તરીકે લેનારા વિદ્યાર્થીઓ હોય છે તેમને ઉત્તેજન આપવા માટે બાસ સ્કોલરશિપ કે ફ્રીશિપની વ્યવસ્થા કરવા માટે સિન્ડિકેટને વિનંતી કરવી.

(૩) બીજા વિષયોમાં રિચર્સ ફેલોશિપ આપવામાં આવે છે તેમ પ્રાકૃત માટે રિસર્ચ ફેલોશિપ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને તથા સિન્ડિકેટને વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણોની નોંધ લેવી.

ઉપર બાબત નં. ૧૩ (૩)ના સંદર્ભમાં બાબત નં. ૮૦ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૮૦. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં અર્ધમાગધી મુખ્ય વિષય લઈને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુણવત્તા શિષ્યવૃત્તિ આપવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૭-૬-૧૯૬૯ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં અર્ધમાગધીના વિષય માટે માસિક રૂ. ૨૦ની એક એવી બે ગુણવત્તા શિષ્યવૃત્તિઓ સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૧૪. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૪-૯-૧૯૬૮ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

આ સભા ભલામણ કરે છે કે--

"તૃતીય વર્ષ બી.એસસી.ની કક્ષાના પ્રેક્ટિકલ વર્ગો માટે દરેક બૅચમાં એમ.એસસી. થયેલા ડેમોન્સ્ટ્રેટરો હોવા જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. સંસ્કૃત અને પ્રાકૃત-પાલિની તા. ૪-૧૨-૧૯૬૭ની સંયુકત સભાના નીચેના ઠરાવ, એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાએ વિનયન વિદ્યાશાખાને વિચારણા માટે મોકલેલ, તે અંગે વિનયન વિદ્યાશાખાની તા. ૪-૯-૧૯૬૮ની સભાના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

સંસ્કૃત અને પ્રાકૃત-પાલિની સંયુકત સભાનો ઠરાવ

"સંસ્કૃત અને પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિઓની આ સંયુકત સભા ઠરાવે છે કે અન્ય યુનિવર્સિટીઓની જેમ ગુજરાત યુનિવર્સિટીમાં (૧) સંસ્કૃત, (૨) પ્રાકૃત અને જૈન અધ્યયન, (૩) પાલિ અને બૌદ્ધ અધ્યયન—એ ત્રણ માટે સ્વતંત્ર વિભાગો હોવા જરૂરી છે."

વિનયન વિદ્યાશાખાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે હાલ જે પ્રથા છે તેમાં કોઈ જ ફેરફાર કરવાની આવશ્યકતા નથી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં આ સભાગૃહ વિનયન વિદ્યાશાખાના ઉપરના અભિપ્રાય સાથે સંમત છે એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

૧૬. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૪-૯-૧૯૬૮ની સભાએ કરેલી નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે પ્રથમ વર્ષ બી.એસસી.થી તૃતીય વર્ષ બી.એસસી.ના અભ્યાસક્રમ માટે દરેક પેપર (એક્સ્ટર્નલ) ૮૦નો કાઢીને ૪૦, ૬૦ ને ૩૦નો કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાના અભ્યાસક્રમોમાં ગુણાંકનના હાલના વિભાજનમાં કશો ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

૧૭. વિનયન વિદ્યાશાખાની તા. ૪-૯-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર સોશિયલ વર્કની પદવી દાખલ કરી તેનો અભ્યાસક્રમ શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિનયન વિદ્યાશાખાએ નીમેલી સમિતિનો હેવાલ આવ્યેથી આ બાબત અંગે વિચારણા કરવાનું રાખવું.

૧૮. શ્રી. વી. જે. ત્રિવેદી અને પ્રિ. એચ. કે. ત્રિવેદી તરફથી તા. ૧૪-૨-૧૯૬૯ના પત્રથી આવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"This meeting of the Academic Council recommends that the system of taking presence be abolished and that a system of written assignment in every subject for every student be established and that this written work be certified by the Professor concerned in the way it is done for Science students. It further recommends that the Principal should make that available to the University for inspection if necessary."

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રહી હતી.

૧૯. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૪/૫-૧૨-૧૯૬૮ની સભામાં જનરલ એજ્યુકેશનના અભ્યાસક્રમને વધુ કાર્યક્ષમ અને અસરકારક બનાવી શકાય તે દૃષ્ટિએ વિચાર કરીને તેમાં શા સુધારાવધારા કરવાની જરૂર છે તે અંગે આપણી કૉલેજમાં અમલી બનાવી શકાય તેવાં વ્યવહારુ સૂચનો સાથે રિપોર્ટ કરવા સારુ નીમેલી સમિતિની તા. ૧૧-૨-૧૯૬૯ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રહી હતી.

૨૦. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨/૧૩-૧-૧૯૬૯ની સભામાં શિક્ષણપંચની ભલામણોને આધારે શિક્ષણનું માળખું એકસરખું રહે તે માટે સમગ્ર દૃષ્ટિએ ચર્ચાવિચારણા કરીને અહેવાલ રજૂ કરવા માટે નીમેલી સમિતિની તા. ૧૧-૨-૧૯૬૯ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રહી હતી.

૨૧. ડૉ. છોટુભાઈ ર. નાયક તથા ડૉ. હરિપ્રસાદ જી. શાસ્ત્રી તરફથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

"(૧) પાછલાં વરસોની પરીક્ષાઓના છપાયેલા અને/અથવા સાઇક્લોસ્ટાઈલ કરેલા પ્રશ્નપત્રોની પ્રતો સંસ્થાઓ, શિક્ષકો તથા વિદ્યાર્થીઓને અધ્યયન તથા અધ્યાપન માટે યુનિવર્સિટી કાર્યાલયમાંથી વેચાતી મળે તેવો પ્રબંધ કરવો.

(૨) પાછલાં વરસની પરીક્ષાઓના તમામ પ્રશ્નપત્રોની પ્રતો પછીના વરસના બીજા સત્રના આરંભ સુધીમાં સમયસર મળે તેવો પ્રબંધ કરવો.

(૩) પ્રાશ્નિકોને પાછલી ત્રણ પરીક્ષાઓના પ્રશ્નપત્રોની નકલો અન્ય જરૂરી સાહિત્ય સાથે અચૂક મોકલવા પ્રબંધ કરવો."

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રહી હતી.

૨૨. પરીક્ષકોની પેનલો બનાવવા માટે ચોક્કસ ધારાધોરણો ઘડાય અને તેનું પાલન થાય તે અંગેના સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજનાં આચાર્યાના તા. ૪-૧-૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રહી હતી.

૨૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦/૨૧-૯-૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર બી.કૉમ.ના જૂના અભ્યાસક્રમની પરીક્ષામાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ ત્રણ વર્ષની વાણિજ્યની પદવી પરીક્ષાના બીજા અને ત્રીજા વર્ષની પરીક્ષામાં એકીસાથે કે પાર્ટમાં સત્રો ભર્યા સિવાય સીધા બેસી શકે તેમ જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત :

"A candidate who has failed at the B.Com. (Old Course) Examination will be permitted to appear at S.Y.B.Com. and T.Y.B.Com. Examinations of the new course simultaneously or in part without keeping terms. He shall be declared to have passed the examination if he secures 36 % or more of the marks in every paper, such a candidate will not be eligible for class if he has kept exemption. Such a candidate will not be eligible for a prize or any other award."

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રહી હતી.

૨૪. 'ક્રિમિનોલોજી એન્ડ ફોરેન્સિક સાયન્સ'નો અભ્યાસક્રમ શરૂ કરવાના શિક્ષણનિયામક, અમદાવાદ તરફથી આવેલા સૂચન પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રહી હતી.

૨૫. ડૉ. ય. ગુ. નાયક તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

" એસ.વાય.બી.એ., એસ.વાય.બી.કૉમ. અને એસ.વાય.બી.એસસી.ની પરીક્ષાઓ કૉલેજને સોંપીને તેનાં પરિણામો યુનિવર્સિટી ઉપર રેકર્ડ માટે મોકલી દેવાં અને આ વર્ગોની યુનિવર્સિટી પરીક્ષાઓ રદ કરવી."

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રહી હતી.

૨૬. સેનેટની તા. ૧૮/૧૯-૧-૧૯૬૯ની સભામાં થયેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી એકસ્ટર્નલ પરીક્ષા આપવાની જે જોગવાઈ છે તે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સતત બે વર્ષથી શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધારવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રહી હતી.

૨૭. સ્ટે. ૯૩-એ નીચે પ્રમાણે વંચાય તે રીતે ઘડવા માટે આચાર્ય ડી. એમ. શીખના પ્રસ્તાવ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૧/૨-૨-૧૯૬૮ની સભાએ સિન્ડિકેટે નિયુક્ત કરેલ ધારાસુધારણા સમિતિને મોકલેલ હોઈ, તે પરના ધારાસુધારણા સમિતિના નીચેના અભિપ્રાયોને અનુલક્ષીને વિચારણા કરવા બાબત :

"એકેડેમિક કાઉન્સિલની આ સભા સ્ટે. ૯૩-એ નીચે પ્રમાણે ઉમેરવા સેનેટને ભલામણ કરે છે :

St. 93--A :

The Vice-Chancellor may, whenever he thinks fit, and shall upon a requisition in writing signed by not less than fifteen members of the Academic Council convene a special meeting of the Academic Council."

ધારાસમિતિનો અભિપ્રાય

"સદરહુ સૂચનની તરફેણમાં આ સમિતિ નથી."

સદરહુ બાબત અંગેની વિચારણા મોકૂફ રહી હતી.

૨૮. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦/૨૧-૯-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ નીચેની અભ્યાસ-સમિતિઓ વધારામાં સ્થાપવા ઘટતું કરવું :

૧. ઑડિટિંગ

૨. ટ્રાન્સપોર્ટ એન્ડ ઇકોનોમિક્સ ઑફ કોટન

૩. બિઝનેસ મૅનેજમેન્ટ તથા અન્ય મરજિયાત વિષયોની.

વધુમાં એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિનયન તથા વાણિજ્ય વિદ્યાશાખાઓ હેઠળ નીચેની સંયુક્ત અભ્યાસસમિતિઓ સ્થાપવા ઘટતું કરવું :

(૧) અંગ્રેજી, (૨) ગુજરાતી, (૩) હિંદી, (૪) મરાઠી, (૫) સિંધી, (૬) પોલિટિક્સ, (૭) સ્ટેટિસ્ટિક્સ, (૮) ભૂગોળ, (૯) મૅથેમેટિક્સ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૯. સ્ટે. ૯૯માં નીચે પ્રમાણે સુધારો કરવાના ડૉ. એચ. જી. શાસ્ત્રીના સૂચન પર વિચારણા કરવા બાબત :

"St. 99 :

Delete 'Faculty of Ayurvedic Medicine'.

Delete 'Faculty of Agriculture'."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૩૦. આચાર્ય એમ. સી. દેસાઈના નીચેના પ્રસ્તાવ પરત્વે વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાંથી પી.ટી.ને નાબૂદ કરવી અને તેને બદલે દરેક વિદ્યાર્થી રમતોમાં તથા બીજી ઇતર પ્રવૃત્તિઓમાં ભાગ લે તેના માટેનો પ્રબંધ કરવો."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૩૧. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩/૪-૨-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) હાલમાં અનુસ્નાતક પદવી પરીક્ષાઓમાં પરીક્ષક થવા માટે ૭ વર્ષનો અનુસ્નાતક શૈક્ષણિક અનુભવ જરૂરી ગણાય છે તેને બદલે આ અનુભવ ૪ વર્ષનો રાખવો અને મદદનીશ અનુસ્નાતક શિક્ષકનો અનુભવ આ ૪ વર્ષમાં ગણવો."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૩૧. (૨) સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૮ પછી કરવામાં આવેલી લોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૨. ઉપસચિવ, પંચાયત અને આરોગ્ય વિભાગ, અમદાવાદ તરફથી આવેલા પ્રી-મેડિકલ કોલેજ કોર્સ શરૂ કરવાના સૂચન પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૩૩. પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ તથા એમ.ઈ.ની પરીક્ષાઓ માટે નિમાતા પ્રાધ્યિનક-પરીક્ષકોની લઘુતમ લાયકાત અંગે જે તે વિદ્યાશાખાના અધ્યક્ષ તરફથી આવેલ સૂચનો મંજૂર રાખવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૩૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ની સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ અગર માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવાના હાલના ઑર્ડિ. ૬૧-એમ (૧)માં નીચે મુજબની જોગવાઈ ઉમેરવા અને તદનુસાર મજકૂર ઑર્ડિનન્સને સુધારવા એકેડેમિક કાઉન્સિલને અને સિન્ડિકેટને ભલામણ કરવી :

Bachelors Degree	*Master's degree in the subject*	*Doctorate Degree*	*Teaching experience as a Lecturer in the subject*
II	I	Ph.D.	2 years
I	II	Ph.D.	2 years

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૩૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. પદવીના મહાનિબંધ તપાસવા માટે નિમાયેલ રેફરીઓના અભિપ્રાયમાં મડાગાંઠ (tie) પડે તો આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૩૨૧-એ માં જણાવ્યા પ્રમાણે જે પ્રશ્ન હાલ

અપનાવવામાં આવે છે તે પ્રથા ચાલુ રાખવી અને તે ઑર્ડિનન્સમાં કાઈ ફેરફાર કરવો નહીં તેમ એકેડેમિક કાઉન્સિલને અને સિન્ડિકેટને ભલામણ કરવી."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૩૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૮ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. પદવી માટે રજૂ થતા મહાનિબંધ તપાસવા માટે પરદેશના પરીક્ષકની નિમણૂક ન કરતાં ભારતમાંથી જે તે વિષયના નિષ્ણાતની પરીક્ષક તરીકે નિમણૂક કરવાનું ડૉ. કે. આર. રામનાથનનું સૂચન સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલને અને સિન્ડિકેટને ભલામણ કરવી."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૩૭. ઑ. ૬૫-કે(બી) (૬)માં (એ), (બી) પછી નીચે મુજબ "સી" ઉમેરવાના ડૉ. પી. એલ. શાહના તા. ૧-૨-૧૯૬૯ના પત્રથી આવેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"A teacher with a post-graduate qualification of M.D. or D.P.M. or its equivalent will be recognised as a post-graduate teacher, if he has at least 5 years' teaching experience in the subject concerned at the under-graduate level."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-કે(બી) (૬)માં (એ), (બી) પછી ઉપરનો પેટાકલમ (સી) ઉમેરીને સદરહુ ઑર્ડિનન્સ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૪-૧૯૬૮ની સભાના ઠરાવ અનુસાર પીએચ.ડી. પદવીના મહાનિબંધ તપાસવા નિમાયેલ રેફરીઓના અભિપ્રાયમાં મડાગાંઠ (tie) પડે તો શું કરવું તે અંગે મુંબઈ, દિલ્હી, મદ્રાસ તથા કલકત્તા યુનિવર્સિટીઓમાંથી આવેલ માહિતી પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૩૯. પ્રો મણિશંકર પંડ્યા તરફથી આવેલ નીચેનો પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભાએ જુદી જુદી વિદ્યાશાખાઓને અભિપ્રાયો માટે મોકલ્યો હતો, તે પરના જુદી જુદી વિદ્યાશાખાઓના અભિપ્રાય પર વિચારણા કરવા બાબત :

પ્રોફેસર મણિશંકર પંડ્યાનો પ્રસ્તાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિ. આર્ટ્સમાં અંગ્રેજી વગર એસ.એસ.સી. પાસ થયેલાઓને પણ દાખલ કરવા માટે જોગવાઈ કરવી."

૧. વિનયન વિદ્યાશાખાની તા. ૪-૯-૧૯૬૮ની સભાનો અભિપ્રાય

"૬૨ વિ. વિ. મત ઠરાવવામાં આવ્યું કે પ્રી યુનિ. આર્ટ્સમાં અંગ્રેજી વગર એસ.એસ.સી. પાસ થયેલાઓને પણ દાખલ કરવા માટેની જોગવાઈ કરવાની તરફેણમાં આ વિદ્યાશાખા છે તેમ એકેડેમિક કાઉન્સિલને અભિપ્રાય આપવો."

૨. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૪-૯-૧૯૬૮ની સભાનો અભિપ્રાય

"આ સભા ભલામણ કરે છે કે હાલનો સ્ટે. ૧૭૩ જે ચાલુ છે તે જ રાખવો અને તેમાં કાંઈ ફેરફાર કરવો નહીં."

૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦-૯-૧૯૬૮ની સભાનો અભિપ્રાય

"આથી અભિપ્રાય આપવામાં આવે છે કે ઉપરના પ્રસ્તાવ સાથે ૬ વિરુદ્ધ ૨ મતે આ વિદ્યાશાખા સહમત છે."

૪. મેડિકલ ફેકલ્ટીની તા. ૬-૯-૧૯૬૮ની સભાનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના પ્રસ્તાવ સાથે આ વિદ્યાશાખા સંમત નથી તેમ અભિપ્રાય આપવો."

૫. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૯-૧-૧૯૬૯ની સભાનો અભિપ્રાય

"આ સભા ઠરાવે છે કે શ્રી. એમ. પી. પંડ્યાનો પ્રસ્તાવ આ વિદ્યાશાખાને લાગુ પડતો નથી, છતાં સભ્યોનો સામાન્ય મત એવો છે કે અંગ્રેજી વગર એસ.એસ.સી. પાસ થયેલાને યુનિવર્સિટીના કોઈ વર્ગમાં પ્રવેશ આપવો નહીં."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૪૦. ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨૯-૩-૧૯૬૯ની સભાએ કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.ડી.એસ., ભાગ ૧ની પરીક્ષાના પાસ થવા અંગે રેગ્યુ. ૨૬૦-એફ નીચે મુજબ ઉમેરવા તથા આ રેગ્યુલેશનનો અમલ માર્ચ-એપ્રિલ ૧૯૬૯ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓને પણ લાગુ પાડવા ભલામણ કરવી :

Standard of passing for M.D.S., Part I Examination

O. 260 F :

1. If a candidate gets at least 50 % of marks in a paper, he will be considered to have passed in that paper.

2. The candidate thus passing in all the six papers of the examination will be declared as pass.

3. If a candidate fails to pass the whole examination he may at his option be exempted from reappearing in the paper in which he has passed."

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. ૨૬૦-એફ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૧. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભામાં ભાષાવિજ્ઞાનના શૈક્ષણિક પ્રશ્નો અંગે વિચારણા કરી ભલામણો રજૂ કરવા ડૉ. એચ. સી. ભાયાણી અને ડૉ. પ્રબોધ પંડિત એમ બે સભ્યોની બનેલી સમિતિ નીમી

હતી, તે બેકી ડૉ. પ્રબોધ પંડિતે આ સમિતિ પર કામ કરવા અંગે અશક્તિ દર્શાવી હોઈ, તેમના સ્થાને અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. પ્રબોધ પંડિતની જગ્યાએ ડૉ. એ. આર. કેલકરની નિમણૂક કરવી.

૪૨. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૭-૩-૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા નીચે જણાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવા બાબત :

Name of the candidate	Subject *Psychology*	*Referees* *Internal Referees*
Shri M. B. Pathak	Trained and Untrained personnel on job success	Dr. C. T. Bhopatkar *Suggested Referees* 1. Dr. Thomas M. Risk. Prof. of Education, University of South, Dakota, Vermillion, 2. Dr. R. H. Dave (Also for viva-voce), Head of Dept. of Curriculum and Evaluation, NCERT. New Delhi. 3. Hermo J. Peters, Ohio State University, U.S.A.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ઉપર જણાવેલા રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૩. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૭-૩-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિ. કક્ષાએ એલિમેન્ટરી સાયકોલોજીના વિષય બીજા ગ્રુપ-- દુનિયાના ધર્મો વગેરેમાં ઐચ્છિક વિષય તરીકે દાખલ કરવો. જો આ ભલામણ સ્વીકારાય તો એ અભ્યાસક્રમમાં જીવનના વ્યવહારોમાં મનોવિજ્ઞાનના સિદ્ધાંતોની ઉપયોગિતા વિષેનો ખ્યાલ આપવાની જોગવાઈ કરવામાં આવશે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૪૪. ઑ. ૧૨૭ અન્વયે નીચલી પરીક્ષાના બાકી રહેલા વિષય કે વિષયો ઉપલી પરીક્ષામાં પાસ થવા માટે જરૂરી ગુણ જે વર્ષમાં વિદ્યાર્થી મેળવે ત્યારથી બે વર્ષમાં પાસ ન કરે તો ઉપલી પરીક્ષાનું પરિણામ રદ કરવાની

જે શરત છે તે રદ કરવા અંગેના શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, પોળકાના આચાર્યના તા. ૧૫-૩-૧૯૬૯ના પત્ર દ્વારા આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૪૫. ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨૮-૩-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"એમ.ડી.એસ., ભાગ ૧ અને ભાગ ૨ની પરીક્ષા માટે પરીક્ષકોની નિમણૂક અંગે તથા પરીક્ષાનું પરિણામ આપવા અંગેના નિયમો વગેરે નીચે મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે :

M.D.S. Parts I & II Examinations

(1) There shall be two Examiners in each paper of M.D.S. Part I Examination.

(2) There shall be four Examiners for each branch of M.D.S. Part II Examination.

(3) All the four question-papers in each branch shall be set jointly by all the Examiners.

(4) Each Examiner shall examine all the answers of the four question-papers in a particular branch.

(5) The result shall be given as "Pass" or "Fail" jointly by all the Examiners.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ડી.એસ., ભાગ ૧ અને ભાગ ૨ની પરીક્ષા માટે પરીક્ષકોની નિમણૂક અંગે ઉપરના નિયમો નં. ૧થી ૪ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.ડી.એસ., ભાગ ૧ અને ભાગ ૨ની પરીક્ષાનાં પરિણામ અંગે નીચે જણાવેલ ઑર્ડિ. ૩૭૦-એએ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 370-AA :

In the case of M.D.S. Examinations the results of candidates shall be declared in terms of passing or failure and no class shall be assigned to them. Furthermore, no marks shall be allotted to any individual question or questions and answers thereto.

૪૬. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) એમ.એ, પાર્ટ ૧ પરીક્ષા, ૧૯૬૯ :

Paper III (Tragedy)માંથી T. S. Eliot : 'The Confidential Clerk' રદ કર્યાના;

(૨) એમ.એ. પાર્ટ ૧ પરીક્ષા, ૧૯૭૦ :

Paper Imાં Hamletને બદલે King Lear નિયત કર્યાના;

(૩) પ્રી-યુનિવર્સિટી વિનયનની ૧૯૭૦ની પરીક્ષા માટે નિયત કરેલ પાઠ્યપુસ્તક 'કલાપીનો કાવ્યકલાપ' : કલાપી(સંપાદક અનંતરાય રાવળ)માંથી નીચેનાં કાવ્યો અભ્યાસક્રમમાં રાખ્યાના :

ક્રમાંક : ૨, ૫, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૭, ૨૮, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૧, ૪૫, ૫૧, ૫૬, ૫૭, ૫૮, ૬૦, ૬૧, ૬૩, ૬૪, ૬૬, ૬૮, ૬૯, ૭૦ અને ૭૧

(૪) જૂન ૧૯૬૮થી શરૂ થતા તૃતીય વર્ષ બી.એ.ના મનોવિજ્ઞાનના અભ્યાસક્રમમાંથી એડવાન્સ્ડ જનરલ સાયકોલોજીનું ફરજિયાત પ્રશ્નપત્ર ૮ રદ કરવામાં આવ્યું હતું અને તેના સ્થાને વૈકલ્પિક પ્રશ્નપત્ર ૧૦માં જે એક પ્રશ્નપત્ર લેવાની જોગવાઈ છે તેને બદલે બે વૈકલ્પિક પ્રશ્નપત્રો—એક પ્રશ્નપત્ર ૮ના બદલામાં અને બીજું પ્રશ્નપત્ર ૧૦ મુજબ લેવાની વ્યવસ્થા જે એક વર્ષ પૂરતી હતી તે વ્યવસ્થા બીજો અભ્યાસક્રમ અમલમાં ન આવે ત્યાં સુધી ચાલુ રાખ્યાના;

(૫) એમ.એ., ભાગ ૨ની સંસ્કૃત વિષયની ૧૯૭૧ના વર્ષમાં લેવાનારી પરીક્ષાના પ્રશ્નપત્ર ૬ : વાયુપુરાણ વિષે એક અંગ્રેજી પુસ્તકની ભલામણ કરવામાં આવી છે તેમાં તે પુસ્તકના શીર્ષક તથા લેખકની ખૂટતી વિગત નીચે મુજબ રાખ્યાના;

વાયુપુરાણ : 'Cultural History from the Vayu Purana' by Devendrakumar Rajaram Patil (Poona–1946)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

બાબત નં. ૪૭, ૭૦ અને ૧૧૨ની વિચારણા સાથે કરવામાં આવી.

૪૭. આ યુનિવર્સિટીની એમ.એ., એમ.એસસી અને એમ.કૉમ., ભાગ ૧ની પરીક્ષા અંગે કાર્યાલયની નોંધ પર વિચારણા કરવા બાબત.

૭૦. એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ પૈકી જેઓ ચાર પ્રશ્નપત્રોના ગુણ કેરી ફોરવર્ડ કરાવી બેઠા હોય તેમને નવા અભ્યાસક્રમની પાર્ટ ૧ અને ૨ની પરીક્ષામાં સદરહુ કેરી ફોરવર્ડ કરવાનો લાભ ચાલુ રાખવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

૧૧૨. એમ.એ., એમ.કૉમ. અને એમ.એસસી.ના જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષાઓમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની તા. ૨૪-૬-૧૯૬૯ની અરજી સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૯ની સભામાં એકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

તે પછી ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની જૂના અભ્યાસક્રમ મુજબની હવે વધુ કોઈ પરીક્ષા લેવી નહીં એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ના જૂના અભ્યાસક્રમ હેઠળ જે વિદ્યાર્થીઓનાં ચારે સત્રો મંજૂર થયાં છે તે વિદ્યાર્થીઓને માટે નવેસરથી સત્રો ભરવાનું આવશ્યક ગણવું નહીં, પરંતુ હાલનાં ધારાધોરણો હેઠળ તેઓ એમ.એ., એમ.એસસી. કે એમ.કૉમ.ની ભાગ ૧ની પરીક્ષામાં

ઉત્તીર્ણ થાય તે પછી ભાગ ૨ ના અભ્યાસક્રમમાં પ્રવેશ પામી શકશે તે પરિસ્થિતિ યથાવત્ ચાલુ રાખવી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૮. બેચડા પરીક્ષણની પદ્ધતિ અંગે પુનર્વિચારણા કરવા બાબત એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૮-૧૯૬૮ની સભામાં નીમેલ સમિતિની તા. ૨૯-૧૧-૧૯૬૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૪૯. શિક્ષણની કૉલેજોનું પ્રથમ સત્ર ૧લી જૂનને બદલે ૧૬મી જૂનથી રાખવાના શિક્ષણની કૉલેજોના આચાર્યો તરફથી આવેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૦. રે. સાયન્સ (જનરલ)-૧, ફકરા ૪ (૪) "Notwithstanding.....will be as per the duration fixed by the University for its examination" પછી નીચે જણાવેલ ફકરાનો ઉમેરો કરવા બાબત :

"Instead of holding one practical examination every term, a college, if it so desires, shall have the option to assess continuously throughout the year the students in the practical work done by them in their regular periods, in which case the average marks of this assessment per term shall be accepted as the internal evaluation marking for the term."

(નોંધ.- આ બાબત તા. ૨૮-૬-૧૯૬૮ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલે ક્રમાંક ૧૫૫થી મંજૂર કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. સાયન્સ (જનરલ)-૧માં પેટાકલમ (૪) પછી નીચેની પેટાકલમ (૫) ઉમેરીને સદરહુ સુધારેલો રેગ્યુલેશન મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(5) Instead of holding one practical examination every term, a college, if it so desires, shall have the option to assess continuously throughout the year the students in the practical work done by them in their regular periods, in which case the average marks of this assessment per term shall be accepted as the internal evaluation marking for the concerned practical work for the term.

૫૧. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા અને સિલોનના મંત્રી તરફથી આવેલ નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮-૮-૧૯૬૮ની સભામાં વિનયન વિદ્યાશાખાના અભિપ્રાય માટે મોકલેલ હોઈ તે પર વિનયન વિદ્યાશાખાના નીચેના અભિપ્રાય પર વિચારણા કરવા બાબત :

ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની ભલામણ

"Institution of an Intermediate Degree between M.A. and Ph.D. for subjects in Social Sciences and Humanities in order to up grade and maintain the standard of the Ph.D. or D.Phil. Degree."

શિક્ષણ સમિતિની વિનયન વિદ્યાશાખાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઈન્ડિયા અને સિલોનના મંત્રીશ્રીના ઉપરના સૂચન અંગે હાલ કંઈ કરવાની જરૂર જણાતી નથી."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૫૨. પર્શિયન, અરેબિક અને ઉર્દૂ વિષયો શીખવવા ખંડ સમયના શિક્ષકોની જોગવાઈ કરવા અને તે પ્રમાણે ઑર્ડિ. ૧૨૦-એ સુધારવા માટેના ડૉ. સી. આર. નાયકના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫૩. એજ્યુકેશન રેગ્યુ. ૧૦ મુજબ બે વર્ષનો એમ.એડ. પાર્ટ-ટાઈમ ડિગ્રી અભ્યાસક્રમ કરવાની જોગવાઈ છે તે અન્વયે બે વર્ષનો પાર્ટ-ટાઈમ વૅકેશન કોર્સ મનોવિજ્ઞાન ભવનમાં શરૂ કરવાની કાર્યકારી અધ્યક્ષ ડૉ. સી. ટી. ભોપટકર તરફથી આવેલ યોજના સિન્ડિકેટે તેની તા. ૧૨-૪-૧૯૬૯ની સભામાં એકૅડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૫૪. લેક્ચરર-ઈન-એજ્યુકેશનની જગ્યા માટે હાલના લાયકાતના ધોરણમાં સુધારો કરવા અંગે મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષશ્રીના તા. ૩૧-૧-૧૯૬૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવનમાં લેક્ચરર-ઈન-એજ્યુકેશનની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગેના નિયમો નીચે મુજબ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

1. (*a*) A First or Second Class, both in Bachelor's degree and Master's degree in the subject;

and

(*b*) At least five years' experience of teaching the subject to post-intermediate classes, or three years' experience of teaching the subject to the post-Intermediate classes plus at least two years' experience as Research Assistant in a recognised institution or as a Demonstrator in the post-graduate classes.

or

2. A Ph.D. Degree.

૫૫. ભારત સરકારની યોજના હેઠળ નેશનલ કૅડેટ કોર, નેશનલ સર્વિસીઝ કોર અને નેશનલ સ્પોર્ટ્સ—એમ ત્રણ પ્રકારની પ્રવૃત્તિઓ યુનિવર્સિટીઓ અને કૉલેજોના વિદ્યાર્થીઓ માટે આવશ્યક ગણવામાં આવી રહી છે, તેના સંદર્ભમાં પ્રત્યેક કૉલેજના વ્યાયામશિક્ષક અને/અથવા રાષ્ટ્રીય સેવાઓની અનેકવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરી શકે તેવી વ્યક્તિની નિમણૂક કરવાની જરૂરિયાતના સંદર્ભમાં એકૅડેમિક કાઉન્સિલનો અભિપ્રાય મેળવવા સિન્ડિકેટની તા. ૧૧-૫-૧૯૬૯ની સભાએ ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૫૬. ઑર્ડિ. ૧૨૦-એમાં નિયત થયેલા પૂરા સમયના શિક્ષકના કાર્યભારના સંદર્ભમાં ખંડ સમયના શિક્ષકને પ્રત્યેક કૉલેજમાં વધુમાં વધુ કેટલાં વ્યાખ્યાન અને કેટલા ટ્યુટોરિયલ્સ આપી શકાય તે પર સિન્ડિકેટની તા. ૧૧-૫-૧૯૬૯ની સભાએ એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય મેળવવા ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૫૭. સંલગ્ન કૉલેજોના અધ્યાપકોને ઓછામાં ઓછાં અઢાર વ્યાખ્યાનો તથા છ ટ્યુટોરિયલ્સ આપવા અંગે ગ્રામ્ય વિસ્તારની કૉલેજોના વ્યવસ્થાપક મંડળે કરેલ સૂચન સિન્ડિકેટે તેની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણાર્થે મોકલવાનું ઠરાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૧૨. એજ્યુકેશન રેગ્યુ. ૧૦ મુજબ બે વર્ષનો એમ.એડ. પાર્ટ-ટાઈમ ડિગ્રી અભ્યાસક્રમ કરવાની જોગવાઈ છે તે અન્વયે બે વર્ષનો પાર્ટ-ટાઇમ વૅકેશન કોર્સ મનોવિજ્ઞાન ભવનમાં શરૂ કરવાના કાર્યકારી અધ્યક્ષ ડૉ. સી. ટી. ભોપટકર તરફથી આવેલ યોજના સિન્ડિકેટે તેની તા. ૧૨–૪–૧૯૬૯ની સભામાં એકૅડેમિક કાઉન્સિલને વિચારણા કરવા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગના તેમ જ વિનયન વિદ્યાશાખાના અભિપ્રાય માટે મોકલવી.

૧૩. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૭–૩–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિવર્સિટી કક્ષાએ એલિમેન્ટરી સાયકોલોજીનો વિષય બીજા ગ્રુપ—દુનિયાના ધર્મો વગેરેમાં ઐચ્છિક વિષય તરીકે દાખલ કરવો. જો આ ભલામણ સ્વીકારાય તો એ અભ્યાસક્રમમાં

જીવનના વ્યવહારોમાં મનોવિજ્ઞાનના સિદ્ધાંતોની ઉપયોગિતા વિષેનો ખ્યાલ આપવાની જોગવાઈ કરવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

તે પછી બાબત નં. ૧૪ અને ૫૭ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૪. ઉપસચિવ, પંચાયત અને આરોગ્ય વિભાગ, અમદાવાદ તરફથી આવેલા પ્રી-મેડિકલ કોર્સ શરૂ કરવાના સૂચન પર વિચારણા કરવા બાબત.

અને

૫૭. આચાર્ય કે. એન. શાહના તા. ૧૦–૯–૧૯૬૯ના પત્રથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"જૂન ૧૯૭૧થી પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ અમલમાં મૂકવો અને પ્રી-સાયન્સ પસાર થયેલા વિદ્યાર્થીઓને તેમાં પ્રવેશ માટે લાયક ગણવા અને તે અંગે પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ વિસ્તાર-પૂર્વક ઘડવા માટે મેડિકલ ફેકલ્ટીને સૂચન કરવું."

તે પછી ઠરાવવામાં આવ્યું કે જૂન ૧૯૭૧થી પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ દાખલ કરવા માટે આ સભાગૃહ સૈદ્ધાંતિક રીતે તરફેણમાં છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે દેશની બીજી જે યુનિવર્સિટીઓમાં પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો હોય તેમાં તેના શિક્ષણ અંગેની વ્યવસ્થા વિજ્ઞાનની કૉલેજમાં કરવામાં આવી છે કે તબીબી કૉલેજમાં કરવામાં આવી છે તે અંગેની માહિતી મગાવવી અને દરમિયાન સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. એલ. ડી. દવે
(૨) આચાર્ય સી. એમ. પટેલ
(૩) આચાર્ય ય. ગુ. નાયક
(૪) પ્રો. જે. જે. ચિનોય
(૫) ડૉ. એમ. ડી. દેસાઈ
(૬) ડૉ. ઈ. એમ. બેસ્ટ
(૭) ડૉ. પી. એલ. શાહ.

૧૫. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩/૪–૨–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"હાલમાં અનુસ્નાતક પદવી પરીક્ષાઓમાં પરીક્ષક થવા માટે ૭ વર્ષનો અનુસ્નાતક શૈક્ષણિક અનુભવ જરૂરી ગણાય છે તેને બદલે આ અનુભવ ૪ વર્ષનો રાખવો અને મદદનીશ અનુસ્નાતક શિક્ષકનો અનુભવ આ ૪ વર્ષમાં ગણવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૬. એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૪/૫-૧૨-૧૯૬૮ની સભામાં જનરલ એજ્યુકેશનના અભ્યાસક્રમને વધુ કાર્યક્ષમ અને અસરકારક બનાવી શકાય તે દૃષ્ટિએ વિચાર કરીને તેમાં શા સુધરાવધારા કરવાની જરૂર છે તે અંગે આપણી કૉલેજોમાં અમલી બનાવી શકાય તેવાં વ્યવહારુ સૂચનો સાથે રિપોર્ટ કરવા સારુ નીમેલી સમિતિની તા. ૧૧-૨-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે જનરલ એજ્યુકેશનના અભ્યાસક્રમની બાબતમાં હાલ જે વ્યવસ્થા છે તેમાં કશો ફેરફાર કરવો નહીં.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે "જનરલ એજ્યુકેશનનો" અભ્યાસક્રમ સુધારવા માટે સદરહુ વિષય અંગેની અભ્યાસસમિતિને વિચારણા કરવા માટે સૂચવવું તથા "Family of Man" અને "Mass Media"ના વિષયો તેમાં સમાવવા અંગેના સભાગૃહના સૂચન પર વિચારણા કરવા માટે તે સમિતિને સૂચવવું.

૧૭. એકૅડેમિક કાઉન્સલે તેની તા. ૧૨/૧૩-૧-૧૯૬૯ની સભામાં શિક્ષણ પંચની ભલામણોને આધારે "શિક્ષણનું માળખું" એકસરખું રહે તે માટે સમગ્ર દૃષ્ટિએ ચર્ચા-વિચારણા કરીને અહેવાલ રજૂ કરવા માટે નીમેલી સમિતિની તા. ૧૫-૨-૧૯૬૯ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ હેવાલ પર વિચારણા કરીને નીચે મુજબ સિન્ડિકેટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું:

(૧) અભ્યાસક્રમનું વૈવિધ્ય વધે અને શિક્ષણનું ધોરણ સુધરે તે રીતે અભ્યાસક્રમનું આયોજન કરવામાં આવે;

(૨) પૂરતી સંખ્યામાં પાત્ર શિક્ષકો મળી રહે તે રીતે અગમચેતી રાખીને વેળાસર આયોજન કરવામાં આવે;

(૩) આ યોજના સ્વીકારવાને કારણે યુનિવર્સિટીના અર્થકારણ અને કૉલેજોના અર્થકારણ પર અનિવાર્ય રીતે જે વિપરીત અસર થવા પામશે તેનો અંદાજ કાઢીને તેનું પૂરેપૂરું નિવારણ થાય તે રીતે ઉદારભાવે રાજ્ય સરકાર તરફથી યુનિવર્સિટી તેમ જ કૉલેજોને આર્થિક સહાય આપવામાં આવે;

(૪) સૂચિત હાયર સેકન્ડરી બોર્ડ રચાય ત્યારે તે પર યુનિવર્સિટીઓને અસરકારક પ્રતિનિધિત્વ આપવું જોઈએ;

(૫) આ અભ્યાસક્રમ માટે શાળાઓ અને કૉલેજોને માન્યતા આપતાં પહેલાં જે તે યુનિવર્સિટીનો અભિપ્રાય લક્ષમાં લેવો જોઈએ;

(૬) કૉલેજોના હાલના કેટલાક શિક્ષકોને ફારેગ કરવાની અને/અથવા તેમનાં પગારધોરણો ઘટાડવાની શક્યતા ટાળવી જોઈએ;

(૭) હાયર સેકન્ડરી શિક્ષણ માટે વર્ગો, પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, રમતગમતનાં મેદાનો તથા ઇતર સાધન/સગવડોમાં કશી ન્યૂનતા ન રહે એટલું જ નહિ, પણ તેમાં સુધારણા થાય તે રીતે આખું આયોજન અને તેનું તંત્ર ગોઠવવું જોઈએ;

(૮) આ નવી યોજનાને કારણે પ્રત્યેક યુનિવર્સિટીને તથા તેની કૉલેજોને શી આર્થિક અસર થશે તે તપાસીને રિપોર્ટ કરવા માટે અને તે રિપોર્ટ નિષ્ણાત શિક્ષણકારો પાસે તપાસડાવવા માટે રાજ્ય સરકારે વ્યવસ્થા કરવી જોઈએ; અને

(૯) હાયર સેકન્ડરી શિક્ષણ કૉલેજ કે શાળાની ઇતર કક્ષાના શિક્ષણની સાથે જ જોડાવું જોઈએ—છૂટું રાખવું જોઈએ નહિ.

૧૮. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦/૨૧–૯–૧૯૬૮ની સભાની ભલામણ અનુસાર બી.કૉમ.ના જૂના અભ્યાસક્રમની પરીક્ષામાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ ત્રણ વર્ષની વાણિજ્યની પદવી પરીક્ષાના બીજા અને ત્રીજા વર્ષની પરીક્ષામાં એકીસાથે કે પાર્ટમાં સત્રો ભર્યા સિવાય સીધા બેસી શકે તેમ જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

"A candidate who has failed at the B.Com. (Old Course) Examination will be permitted to appear at S.Y.B.Com. and T.Y.B Com. Examinations of the new course simultaneously or in part, without keeping terms. He shall be declared to have passed the examination if he secures 36% or more of the marks in every paper, such a candidate will not be eligible for class if he has kept exemption. Such a candidate will not be eligible for a prize or any other award."

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી, પરંતુ તે દિવસનું કામ પૂરું થયું હોવાને પણ તે અંગેની ચર્ચાવિચારણા ચાલુ હતી.

તે પછી ગુરુવાર તા. ૧૮–૯–૧૯૬૯ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે સભાગૃહ મળતાં તે અંગેની ચર્ચાવિચારણા આગળ હાથ ધરવામાં આવી.

તે પછી સદરહુ બાબત અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહિ.

તે પછી બાબત નં. ૧૯ અને ૨૦ની ચર્ચાવિચારણા સાથે કરવામાં આવી.

૧૯. સેનેટની તા. ૧૮/૧૯–૧–૧૯૬૯ની સભામાં થયેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી એકસ્ટર્નલ પરીક્ષા આપવાની જે જોગવાઈ છે તે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સતત બે વર્ષથી શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધારવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

અને

૨૦. આચાર્ય ય. પ્રા. શુકલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"એકસ્ટર્નલ પરીક્ષાઓ તેમનો હેતુ પરિપૂર્ણ કરી ચૂકી હોવાથી આ યુનિવર્સિટીએ એ પરીક્ષાઓ લેવી બંધ કરવી. તેમ છતાં સભાગૃહનો મત એને ચાલુ રાખવાનો હોય તો વાણિજ્ય અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓમાં પણ એ વિસ્તારવી."

ચર્ચા દરમિયાન આચાર્ય એસ. આર. ભટ્ટે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે બાબત નં. ૨૦માં વૈકલ્પિક પ્રસ્તાવ હોઈ તે કાનૂનસર ગણાય ખરો?

અધ્યક્ષશ્રીએ ચુકાદા આપતાં જણાવ્યું કે સદરહુ બાબત આ સભાગૃહમાં કાયદા બહાર ઠરાવી શકાય નહિ.

તે પછી બાબત નં. ૧૬ અંગે બહુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવા માટે આ સભા સંમત નથી એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

બાબત નં. ૨૦ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

(૧) આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખામાં ખાનગી રાહે અભ્યાસ કરીને પરીક્ષામાં બેસવા અંગેની યુનિવર્સિટીની હાલની વ્યવસ્થામાં કશો ફેરફાર કરવો નહિ.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખામાં ખાનગી રાહે અભ્યાસ કરીને પરીક્ષામાં બેસવા માટે કોઈ પણ વિદ્યાર્થીને પરવાનગી આપવી નહિ.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્યની વિદ્યાશાખામાં ખાનગી રાહે અભ્યાસ કરીને વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવાની છૂટ આપવાનો પ્રશ્ન તે વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવો.

૨૧. પ્રો. મણિશંકર પંડ્યા તરફથી આવેલ નીચેનો પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮–૮–૧૯૬૮ની સભાએ જુદી જુદી વિદ્યાશાખાઓને અભિપ્રાયો માટે મોકલ્યો હતો તે પરના જુદી જુદી વિદ્યાશાખાઓના અભિપ્રાયો પર વિચારણા કરવા બાબત :

પ્રો. મણિશંકર પંડ્યાનો પ્રસ્તાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિ. આર્ટ્સમાં અંગ્રેજી વગર એસ.એસ.સી. પાસ થયેલાઓને પણ દાખલ કરવા માટે જોગવાઈ કરવી."

૧. વિનયન વિદ્યાશાખાની તા. ૪–૯–૧૯૬૮ની સભાનો અભિપ્રાય

"૨૨ વિ. ૧૫ મતે ઠરાવવામાં આવ્યું કે પ્રી-યુનિ. આર્ટ્સમાં અંગ્રેજી વગર એસ.એસ.સી. પાસ થયેલાઓને પણ દાખલ કરવા માટેની જોગવાઈ કરવાની તરફેણમાં આ વિદ્યાશાખા છે તેમ એકેડેમિક કાઉન્સિલને અભિપ્રાય આપવો."

૨. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૪–૯–૧૯૬૮ની સભાનો અભિપ્રાય

"આ સભા ભલામણ કરે છે કે હાલનો સ્ટે. ૧૭૩ જે ચાલુ છે તે જ રાખવો અને તેમાં કોઈ ફેરફાર કરવો નહીં."

૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦–૯–૧૯૬૮ની સભાનો અભિપ્રાય

"આથી અભિપ્રાય આપવામાં આવે છે કે ઉપરના પ્રસ્તાવ સાથે ૬ વિરુદ્ધ ૨ મતે આ વિદ્યાશાખા સહમત છે."

૪. મેડિકલ ફેકલ્ટીની તા. ૬–૯–૧૯૬૮ની સભાનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના પ્રસ્તાવ સાથે આ વિદ્યાશાખા સંમત નથી તેમ અભિપ્રાય આપવો."

૫. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૯–૧–૧૯૬૯ની સભાનો અભિપ્રાય

"આ સભા ઠરાવે છે કે શ્રી. એમ. પી. પંડ્યાનો પ્રસ્તાવ આ વિદ્યાશાખાને લાગુ પડતો નથી છતાં સભ્યોનો સામાન્ય મત એવો છે કે અંગ્રેજી વગર એસ.એસ.સી. પાસ થયેલાને યુનિવર્સિટીના કોઈ વર્ગમાં પ્રવેશ આપવો નહિ."

સદરહુ પ્રસ્તાવ પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે તે ૧૮ વિરુદ્ધ ૧૪ મતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી આચાર્ય ય. પ્રા. શુકલે ગુપ્ત મતદાન(poll)ની માંગણી કરતા અધ્યક્ષશ્રીએ નીચે જણાવેલ વ્યક્તિઓની ચકાસણીદાર તરીકે નિમણૂક કરી :

(૧) આચાર્ય જે. બી. સાણ્ડલ

(૨) આચાર્ય એમ. એસ. પંડિત.

ગુપ્ત મતદાનનું પરિણામ આવતાં સદરહુ પ્રસ્તાવ ૨૦ વિરુદ્ધ ૧૩ મતે મંજૂર કરવામાં આવ્યો.

૨૨. ડૉ. ય. ગુ. નાયક તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"એસ.વાય.બી.એ., એસ.વાય.બી.કોમ. અને એસ.વાય.બી.એસસી.ની પરીક્ષાઓ કૉલેજને સોંપીને તેનાં પરિણામો યુનિવર્સિટી ઉપર રેકર્ડ માટે મોકલી દેવાં અને આ વર્ગોની યુનિવર્સિટી પરીક્ષાઓ રદ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષાઓની બાબતમાં હાલ જે વ્યવસ્થા છે તેમાં કશો ફેરફાર કરવો નહિ.

૨૩. ડૉ. ડી. એચ. સુતરિયા તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં જે વ્યાયામ શિક્ષક સી.પી.એડ. છે અને ૧૦ વર્ષનો અનુભવ ધરાવે છે તેઓને વ્યાયામ શિક્ષક તરીકે માન્ય કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહિ.

૨૪. આચાર્ય એમ. સી. દેસાઈના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાંથી પી.ટી.ને નાબૂદ કરવી અને તેને બદલે દરેક વિદ્યાર્થી રમતોમાં તથા બીજી ઇતર પ્રવૃત્તિઓમાં ભાગ લે તેના માટેનો પ્રબંધ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહિ.

બાબત નં. ૨૫ અને ૨૬ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૫. તબીબી વિદ્યાશાખાની તા. ૯/૧૦–૪–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે એમ.બી.,બી.એસ. અને બી.ડી.એસ.ના વિદ્યાર્થીઓને શારીરિક તાલીમ(પી.ટી.)માંથી મુક્તિ આપવી; તેમને આ પ્રકારની તાલીમની જરૂર નથી."

૨૬. ભારત સરકારની યોજના હેઠળ નેશનલ કેડેટ કોર, નેશનલ સર્વિસ કોર અને નેશનલ સ્પોર્ટ્સ—એમ ત્રણ પ્રકારની પ્રવૃત્તિઓ યુનિવર્સિટીઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ માટે આવશ્યક ગણવામાં આવી રહી છે. તેના સંદર્ભમાં પ્રત્યેક કોલેજના વ્યાયામ શિક્ષક અને/અથવા રાષ્ટ્રીય સેવાઓની અનેકવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરી શકે તેવી વ્યક્તિની નિમણૂક કરવાની જરૂરિયાતના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય મેળવવા સિન્ડિકેટની તા. ૧૧-૫-૧૯૬૯ની સભાએ ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભારત સરકારની યોજના મુજબ યુનિવર્સિટીઓમાં હવે (૧) નેશનલ કેડેટ કોર (૨) નેશનલ સર્વિસ કોર, અને (૩) સ્પોર્ટ્સ એ ત્રણ પ્રવૃત્તિઓ યુનિવર્સિટીઓ/કોલેજોમાં દાખલ કરવામાં આવનાર હોઈ પ્રત્યેક કોલેજમાં એ ત્રણ પ્રવૃત્તિઓ પૈકી ઓછામાં ઓછી એક પ્રવૃત્તિની બાબતમાં યુનિવર્સિટી નક્કી કરે તે લાયકાત ધરાવતી ઓછામાં ઓછી પૂરા સમયની એક વ્યક્તિની નિમણૂક કરવી આવશ્યક ગણવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૭. શ્રી. વી. જે. ત્રિવેદી અને પ્રિ. એચ. કે. ત્રિવેદી તરફથી તા. ૧૪-૨-૧૯૬૯ના પત્રથી આવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

" This meeting of the Academic Council recommends that the system of taking presence be abolished and that a system of written assignment in every subject for every student be established and that this written work be certified by the Professor concerned in the way it is done for Science students. It further recommends that the Principal should make that available to the University for inspection if necessary."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહીં.

બાબત નં. ૨૮ અને ૨૯ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૮. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓએ ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમમાં જુદા જુદા વિષયોના અભ્યાસના સાતત્ય અને ક્રમના સંદર્ભમાં ઓ. ૧૨૭ અંગે પુનર્વિચારણા કરવાની જરૂર જણાય તો તે અંગે ઘટતી વિચારણા કરવા બાબત.

અને

૨૯. ઓ. ૧૨૭ અન્વયે નીચલી પરીક્ષાના બાકી રહેલા વિષય કે વિષયો ઉપલી કક્ષામાં પાસ થવા માટે જરૂરી ગુણ જે વર્ષમાં વિદ્યાર્થી મેળવે ત્યારથી બે વર્ષમાં પાસ ન કરે તો ઉપલી પરીક્ષાનું પરિણામ રદ કરવાની જે શરત છે તે રદ કરવા અંગેના શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કોમર્સ કોલેજ, ધોળકાના આચાર્યશ્રીના તા. ૫-૩-૧૯૬૯ના પત્ર દ્વારા આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાના જે વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષ(ફર્સ્ટ ઈયર)ની પરીક્ષામાં એ.ટી.કે.ટી. મળેલ હોય તે વિદ્યાર્થીઓનું બીજા વર્ષ

(સેકન્ડ ઈયર)ની પરીક્ષાનું પરિણામ હાલ બે વર્ષ માટે અનામત રાખવામાં આવે છે તેને બદલે ત્રણ વર્ષ માટે અનામત રાખવાની જોગવાઈ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાની બીજા વર્ષ-(સેકન્ડ ઈયર)ની પરીક્ષામાં જે વિદ્યાર્થીઓને એ.ટી.કે.ટી. મળેલ હોય તેનું પરિણામ હાલના ઑા.ડ. ૧૨૭ હેઠળ અટકાવવામાં આવ્યું હોય તો તે બે વર્ષમાં રદ કરવાની જોગવાઈનો જે નિયમ છે તે નિયમમાં જરૂરી ફેરફાર કરીને બે વર્ષની મુદત રદ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૦. "ક્રેડિટ ઑફ સિસ્ટમ આર્ગેનાઇઝિંગ અન્ડર-ગ્રેજ્યુએટ સ્ટડીઝ" અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨-૧૨-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરી રિપોર્ટ કરવા સારુ એકૅડેમિક કાઉન્સિલે નીમેલ સમિતિની તા. ૧૮-૭-૧૯૬૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની તા. ૨૯/૩૦-૧૦-૧૯૬૮ના રોજ મળેલ સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"Recommended that the uniformity of the standard and classes at the post-graduate level be the same as at undergraduate level viz., 60% for the First Class; 48% for the Second Class as per the recommendation of the Inter-University Board. It has also been observed there is at present no provision for a pass in the post-graduate examinations in some universities. It is, therefore, felt that each university may decide individually whether a provision for pass class be introduced or retained."

(**નોંધ**—અનુસ્નાતક પરીક્ષામાં વર્ગો માટેનું ધોરણ ઠરાવમાં જણાવ્યા પ્રમાણે છે, પરંતુ અનુસ્નાતક પરીક્ષાઓમાં પાસ વર્ગ દાખલ કરવો કે કેમ તે વિચારવાનું રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૨. સ્ટેચ્યૂટ ૧૧૮માં નીચે મુજબ સુધારો કરવાના ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"Statute 118(5) 'Heads of the University departments, i.e., the Post-graduate Schools' પછી 'and Heads of Recognised Institutions' ઉમેરવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. તબીબી વિદ્યાશાખાની તા. ૯/૧૦–૪–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે તબીબી વિદ્યાશાખા હેઠળ નીચે મુજબ બોર્ડો રાખવાં :

1. Pre-Clinical including Anatomy, Physiology
2. Para Clinical including Pathology, Pharmacology, Forensic Medicine
3. Clinical–Medicine–Surgery, etc.
4. Dental
5. Nursing
6. Pharmacy."

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખા હેઠળ નીચે મુજબની અભ્યાસસમિતિઓ રાખવા સ્ટે. ૧૦૮ માં જરૂરી સુધારા કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

1. Pre-Clinical including Anatomy, Physiology
2. Para Clinical including Pathology, Pharmacology, Forensic Medicine
3. Clinical–Medicine-Surgery, etc.
4. Nursing.

૩૪. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૦/૨૧–૯–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ નીચેની અભ્યાસસમિતિઓ વધારામાં આપવા ઘટતું કરવું :

૧. બૅન્કિંગ,

૨. ટ્રાન્સપોર્ટ ઍન્ડ ઇકૉનોમિક્સ ઑફ કૉટન,

૩. બિઝનેસ મૅનેજમેન્ટ તથા અન્ય મરજિયાત વિષયોની.

વધુમાં એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિનયન તથા વાણિજ્ય વિદ્યાશાખાઓ હેઠળ નીચેની સંયુક્ત અભ્યાસસમિતિઓ સ્થાપવા ઘટતું કરવું :

(૧) અંગ્રેજી, (૨) ગુજરાતી, (૩) હિંદી, (૪) મરાઠી, (૫) સિંધી, (૬) પોલિટિક્સ, (૭) સ્ટેટિસ્ટિક્સ, (૮) ભૂગોળ અને (૯) મૅથેમેટિક્સ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૫. સ્ટે. ૯૯માં નીચે પ્રમાણે સુધારો કરવાના ડૉ. એચ. જી. શાસ્ત્રીના સૂચન પર વિચારણા કરવા બાબત :

St. 99 :

"Delete 'Faculty of Ayurvedic Medicine'
Delete 'Faculty of Agriculture'."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. કૉલેજના અધ્યાપકો તરફની "અધ્યાપકોની લાયકાત અંગેનાં ધોરણો" અંગે આવેલ સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩–૪–૧૯૬૯ની સભામાં કરેલ નીચેના ઠરાવને અનુલક્ષીને ઑર્ડિ. ૧૨૦–એ (૨)નો પહેલો ફકરો નીચે જણાવ્યા અનુસાર વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

તા. ૧૨/૧૩–૪–૧૯૬૯ની સિન્ડિકેટની સભાનો ઠરાવ

સિન્ડિકેટે વધુમાં ઠરાવ્યું છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાના કોઈ પણ વિષયમાં કોઈ સંલગ્ન કૉલેજમાં, તે વિષયના શિક્ષણનો કાર્યબોજ જોતાં ખંડ સમયના શિક્ષક રાખવાની જરૂર હોય તો ખંડ સમયના શિક્ષક એક કરતાં વધુ રાખી શકાશે નહીં, સિવાય કે તે વિષયના તમામ પૂરા સમયના શિક્ષકો ખંડ સમયના શિક્ષકનો કુલ કાર્યબોજ જરૂર પ્રમાણે થઈ રહે તો તેથી વિશેષ શિક્ષણકાર્ય કરવા માટે એક કે વધુ ખંડ સમયના શિક્ષકો રાખવામાં આવે તે વાંધાજનક ગણાશે નહીં. આનો અમલ પણ જૂન ૧૯૬૯થી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ઑર્ડિ. ૧૨૦–એ (૨)ના પ્રથમ પેરેગ્રાફનો સુધારેલો મુસદ્દો

There shall be at least one full-time Lecturer in every subject offered at First and/or Second year. In case, however, it is *found necessary to appoint a part-time teacher in any subject in an affiliated college in the Faculty of Arts including Education, Science and Commerce, not more than one part-time lecturer shall be appointed provided, however, that a college may, if it so desires, appoint one or more additional, part-time teachers in a subject, if the total work-load of teaching in that subject can be fully met with by all full-time teachers and one part-time teacher without the assistance of such additional part-time teachers.*

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦–એ(૨)નો પ્રથમ પેરેગ્રાફ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને સુધારેલો ઑર્ડ. ૧૨૦–એ(૨) મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૮. ઑર્ડિ. ૧૨૦–એમાં નિયત થયેલા પૂરા સમયના શિક્ષકના કાર્યભારના સંદર્ભમાં ખંડ સમયના શિક્ષકને પ્રત્યેક કૉલેજમાં વધુમાં વધુ કેટલાં વ્યાખ્યાન અને કેટલા ટ્યુટોરિયલ્સ આપી શકાય તે અંગે સિન્ડિકેટની તા. ૧૧–૫–૧૯૬૯ની સભાએ એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય મેળવવા ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. સંલગ્ન કૉલેજોના અધ્યાપકોને ઓછામાં ઓછાં અઠાર વ્યાખ્યાનો તથા છ ટ્યુટોરિયલ્સ આપવા અંગે ગ્રામ્ય વિસ્તારની કૉલેજોના વ્યવસ્થાપક મંડળે કરેલ સૂચન સિન્ડિકેટ તેની તા. ૩૦/૩૧–૫–૧૯૬૯ની સભામાં એકેડેમિક કાઉન્સિલને વિચારવા માટે મોકલવાનું ઠરાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. વિજ્ઞાનની કૉલેજોમાં પ્રાયોગિક કાર્ય માટે વિદ્યાર્થી-ડેમોન્સ્ટ્રેટરનું પ્રમાણ પ્રત્યેક વર્ગ દીઠ અને પ્રત્યેક બેંચ દીઠ શું હોવું જોઈએ તે નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય નીચે પ્રમાણે છે:

(1) " The students–Demonstrator ratio at the Pre-Science & First B.Sc. classes should be 30 : 1, i.e., one Demonstrator for a batch of 30 students.

(2) It will be very much desirable to have a 25 : 1 ratio at Second B.Sc. class while 20 : 1 ratio at Third B.Sc. class, i.e., one Demonstrator for 25 students and one Demonstrator for 20 students for Second and Third B.Sc. classes respectively.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. ઇક્વિવેલેન્ટ સમિતિની તા. ૬–૨–૧૯૬૯ના રોજ મળેલ સભાની બાબત ક્રમાંક ૩ કે જેમાં કેટલાંક બોર્ડો તરફથી લેવામાં આવતી હાયર સેકન્ડરી પરીક્ષાઓની માન્યતા અંગે નીચેની ભલામણ કરી છે:

ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે અન્ય બોર્ડ તરફથી લેવામાં આવતી ૧૧ વર્ષના અભ્યાસ-ક્રમવાળી હાયર સેકન્ડરી પરીક્ષાને હાલની પ્રથા મુજબ આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિ. પરીક્ષા તુલ્ય માન્ય નહીં ગણતાં ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય માન્ય ગણી ચાલવું અને તે મુજબ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આ સંદર્ભમાં ગુજરાત રાજ્ય એસ.એસ. એન્ડ એ. બોર્ડ (ગુજરાત રાજ્ય), અમદાવાદના સચિવશ્રી તરફથી મળેલ જી.એસ.બી.–એમ.આઈ.એસ.સી તા. ૨૦–૩–૧૯૬૯ના પત્ર પર પણ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯–૧૦–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ અગર માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકની માન્યતા આપવાના હાલના ઑર્ડિ. ૬૫–એમ (૧)માં નીચે મુજબની જોગવાઈ ઉમેરવા અને તદનુસાર મજકૂર ઑર્ડિનન્સને સુધારવા એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી:

Bachelor's Degree	*Master's Degree in the subject*	*Doctorate Degree*	*Teaching experience as a Lecturer in the subject*
II	I	Ph.D.	2 years
I	II	Ph.D.	2 years

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯–૧૦–૧૯૬૮ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. પદવીનો મહાનિબંધ તપાસવા માટે નિમાયેલ રેફરીઓના અભિપ્રાયમાં મડાગાંઠ (tie) પડે તો આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૩૨૧–એ માં જણાવ્યા પ્રમાણે જે પ્રથા હાલ અપનાવવામાં આવે છે તે પ્રથા ચાલુ રાખવી અને તે ઑર્ડિનન્સમાં કોઈ ફેરફાર કરવો નહિ તેમ એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ઉપરની ભલામણ સ્વીકારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯–૧૦–૧૯૬૮ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. પદવી માટે રજૂ થતા મહાનિબંધ તપાસવા માટે પરદેશના પરીક્ષકની નિમણૂક ન કરતાં ભારતમાંથી જે તે વિષયના નિષ્ણાતની પરીક્ષક તરીકે નિમણૂક કરવાનું ડૉ. કે. આર. રામનાથનનું સૂચન સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ઉપરની ભલામણ સ્વીકારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૫. બેવડા પરીક્ષણની પદ્ધતિ અંગે પુનર્વિચારણા કરવા બાબત એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭–૮–૧૯૬૮ની સભામાં નીમેલ સમિતિની તા. ૨૯–૧૧–૧૯૬૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૬. ડૉ. ય. ગુ. નાયક તરફથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) "પીએચ.ડી.ના રજિસ્ટ્રેશન માટે એક વિષયના એમ.એસસી. થયેલા વિદ્યાર્થીને તેના વિષયને અનુષંગી બીજા કોઈ વિષય લેવાની છૂટ જે તે વિદ્યાશાખાના ડીનની સંમતિ લઈ આપવી."

(૨) "રૂા. ૧૦૦ની ડિપોઝિટ લઈ પ્રિન્સિપાલની ભલામણથી કોઈ પણ વિદ્યાર્થીને તેનાં પરીક્ષાનાં પેપરોની (ગમે તે એક વિષયનાં) ફેર-તપાસણી કરી સિન્ડિકેટની સંમતિથી પરિણામ સુધરતું હોય તો તે માટે મંજૂરી આપવી."

(૩) "અમદાવાદમાં જો કોઈ કૉલેજ સુસજ્જ લેબોરેટરી તથા લાઇબ્રેરીની સગવડ ધરાવતી હોય તો તેને પોસ્ટ-ગ્રેજ્યુએટ વર્ગો ચલાવવા છૂટ આપવા માટે યોગ્ય પ્રબંધ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. પીએચ.ડી. પદવી માટે મહાનિબંધ રજૂ કરનાર વિદ્યાર્થીની મૌખિક પરીક્ષાને લગતો ઑર્ડિનન્સ ૩૨૧–એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા વિચારણા કરવા બાબત :

"O. 321–A :

There shall be a viva-voce examination of the candidate submitting thesis for the Degree of Ph.D. It shall be held at a suitable place in the Gujarat University area or under special circumstances at a place out side the Gujarat University area with the previous permission of the Vice-Chancellor and on the date or dates to be decided by the Referee concerned by mutual consent. In the event of both the external Referees being from outside India, a third (external) Referee from within India shall be appointed by the Syndicate in consultation with the relevant Board of Studies. If the candidate does not satisfy the Examiners at the viva-voce examination only, the candidate shall be re-examined after a period of not less than three months. The candidate shall not be declared eligible for the Degree unless all the Examiners unanimously declare him eligible for the Degree.

However, in case of a candidate who after having submitted his thesis, has gone abroad and is likely to stay there for a period of least a year, his viva-voce examination may at his request and at the discretion of the Syndicate be held in that country if the Board of Studies in the relevant subject recommends a Referee or Referees for holding the viva-voce examination of the candidate,

provided the candidate concerned undertakes to present himself before the Referee at his own expense."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૨૧–એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૨૧ પણ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 321 :

Every thesis shall be examined by three Referees to be appointed in the manner indicated herebelow :

The Academic Council having before it the suggestion or suggestions of the appropriate Board of Studies shall recommend to the Syndicate, the names of three Referees, one of whom shall be an internal Referee, i.e., the University teacher guiding the candidate's work and the other two must be exernal ones. On the Syndicate appointing the Referees, the Registrar shall forward a copy of the thesis to each of them. Of the two external Referees the first Referee, and failing him, or in the event of the first Referee being from abroad, the next one shall also hold the viva-voce examination of the candidate jointly with the internal Referee. All the three Referees shall report to the Syndicate whether the thesis should be accepted or rejected or resubmitted in a modified form and their report shall be final. In the absence of a unanimity of opinion among the Referees, the Syndicate shall appoint a fourth Referee and the Syndicate shall after considering the reports of all the external Referees decide whether the thesis is of the requisite standard for the award of the Ph.D. Degree.

All reports shall be circulated to the members of the relevant Board of Studies and placed before the Academic Council for its information.

૪૮. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને તબીબી વિદ્યાશાખાના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા માટેની લાયકાતના ધોરણને લગતા ઑર્ડિનન્સ ૬૫–એચ, જે તે વિદ્યાશાખાની ભલામણ અનુસાર, સાથે આપેલા પરિશિષ્ટ પ્રમાણે સુધારવાની વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઉપરની વિદ્યાશાખા સિવાયની વિદ્યાશાખાઓ માટે હાલનો ઑર્ડિ. ૬૫–એચ અસ્તિત્વમાં રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩-૩-૧૯૬૯ની સભાની ભલામણને અનુલક્ષીને ઑર્ડિ. ૬૫-પીવાળો ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષણનું ધોરણ ઊંચું લાવવા માટે આ સભા નીચેનાં પગલાં સૂચવે છે :

(ક) ઓછામાં ઓછા બે માન્ય અનુસ્નાતક શિક્ષકો અને બે મદદનીશ શિક્ષકો અથવા ઓછામાં ઓછા ત્રણ માન્ય અનુસ્નાતક શિક્ષકો કોઈ પણ વિષયનું અનુસ્તાક કેન્દ્ર સ્થાપવા માટે હોય તે આવશ્યક ગણવું.

(ખ) ઉપરાંત જ્યાં ગૌણ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર અપાયું હોય ત્યાં તે વિષયના શિક્ષક સ્થાનિક અધ્યાપકગણ ઉપર હોવા જરૂરી ગણવા.

(ગ) અનુસ્નાતક કેન્દ્રોમાં શક્ય હોય ત્યાં સુધી શિક્ષણકાર્ય ચાર દિવસનું વિચારવું. પણ ઓછામાં ઓછા ત્રણ દિવસ તો તે થાય જ તેમ આવશ્યક ગણવું.

(ઘ) ગ્રંથાલય અને પુસ્તકોની પૂરતી સગવડ હોય તે આવશ્યક ગણવું.

(ચ) યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોના શિક્ષણનું ધોરણ ઊંચું લાવવા તથા તેને સઘન બનાવવા જરૂર જણાય તો યુનિવર્સિટી ધારામાં ઘટતા ફેરફાર કરવા માટે તજવીજ કરવામાં આવે; તથા

(છ) અનુસ્નાતક શિક્ષણને સુધારવા માટે સૂચવવામાં આવેલા ઉપરના તેમ જ યોગ્ય લાગે તે બીજા મુદ્દાઓ વિચારવા માટે આ સભા બાબત યુનિવર્સિટી ધારાસુધારણા સમિતિની વિચારણા માટે મોકલી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

[નોંધ.—(૧) ક્રમાંક (ચ) અને (છ) ધારાસુધારણા સમિતિની વિચારણા માટે મૂકેલ છે.

(૨) ઉપરના ક્રમાંક (ખ)ની ભલામણ અંગે કાંઈ કરવાનું રહેતું નથી, કારણ કે ગૌણ વિષય માટે અલગ અનુસ્નાતક કેન્દ્ર આપવામાં આવતું નથી. સૂચિત સુધારેલો ઑર્ડિ. ૬૫-પી નીચે મુજબ વંચાશે :

O. 65-P :

(1) For recognising a centre for teaching a subject, it shall be necessary that full teaching of all the papers in the subject shall be organised and implemented. The recognised centre for any subject shall have on its local staff at least two recognised post-graduate teachers and two or more whole-time Assistant to post-graduate teachers in the subject or at least three recognised post-graduate teachers in the subject as may be necessary for full teaching of the subject.

(2) If there are to be any honorary Assistants for a subject they might supplement the work of the above mentioned teachers.

(3) To institute a Centre of post-graduate teaching in any subject in an affiliated college or a recognised institution in a zone, the following requirements shall have to be satisfied:

(*i*) The Centre must fulfil the requirements in regard to the staff as prescribed in (1) and (2) above together with necessary and sufficient library and laboratory facilities and equipment.

(*ii*) The Centre shall have on its local staff at least—

(*i*) two post-graduate teachers and two or more whole-time assistants to recognised post-graduate teachers in the subject concerned or (*ii*) three recognised post-graduate teachers in the subject concerned. Additional recognised post-graduate teachers or assistants to post-graduate teachers in their subjects may, as and when necessary, subject to the sanction of the Vice-Chancellor, be pooled from University area to make up the necessary staff required for full teaching of a subject in the post-graduate centre concerned.

મૂળ ઑર્ડિ. ૬૫–પીમાંથી નીચેની કલમ (૨) તથા નોટ ૧ રદ કરવી. નોટ ૨ ને નોટ ૧ એમ ક્રમાંક આપી સુધારવી.

(1) (2) Notwithstanding what is stated in above, it is provided that one post-graduate teacher and two or more whole-time assistants to post-graduate teacher, as may be necessary for the full teaching of the subject, shall be deemed sufficient for teaching M.Com. classes.

Note.—(1) In the case of post-graduate centre in the subject comprised under the Faculty of Agriculture one recognised post-graduate teacher and one assistant to post-graduate teacher in the subject.

સુધારેલી નોંધ ૧ નીચે મુજબ વંચાશે:

Notwithstanding anything contained above, in the case of instituting a post-graduate centre in the subject of Chemistry, at least two recognised post-graduate teachers and two assistants to

post-graduate teachers and two assistants to post-graduate teachers in the branch concerned or one recognised post-graduate teacher and three assistants to post-graduate teachers in the branch concerned and one or more recognised post-graduate teacher in any other branch of Chemistry, shall be considered adequate.

ઑા૩. ૬૫–પી(૪)(*iv*) તબીબી વિદ્યાશાખાના ડિપ્લોમા માટે :

(*iv*) Notwithstanding anything contained above, in the case of post-graduate centres for the diploma courses under the Faculty of Medicine, the post-graduate centre shall have on its local staff at least one recognised post-graduate teacher and two assistants to post-graduate teachers in the subject concerned.

સુધારેલી નોંધ (*iv*) નીચે મુજબ વંચાશે :

(*iv*) In the case of a centre for different groups namely History, Economics, Sociology and Politics, etc., one post-graduate teacher and one assistant to a recognised post-graduate teacher in each group separately shall constitute the necessary local staff.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૦. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩ [પ્રિન્સિ. એલ. ડી. દ્વેના તા. ૬–૭–૧૯૬૯ના પત્રથી આવેલા નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"(*a*) In view of the fact that the Gujarat University has not established any machinery to check the prevalent evil of private coaching by college and University teachers the resolution passed by this House in this connection be rescinded.

(*b*) This House requests the Syndicate to take necessary steps to implement the resolution of this House regarding private coaching by college and University teachers."

(**નોંધ.**—એકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧–૮–૧૯૬૮ની સભામાં કરેલા ઠરાવનો પાઠ નીચે મુજબ છે :

"આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કોઈ પણ કૉલેજ, માન્ય સંસ્થા કે યુનિવર્સિટીના વિદ્યાભવનમાં કામ કરતા કોઈ પણ શિક્ષક ખાનગી ટ્યૂશન કરી શકશે નહીં કે તાલીમ વર્ગ (કોચિંગ ક્લાસ) ચલાવી શકશે નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૧૩–૩–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"લેક્ચરર ઈન લેબર વેલ્ફેરની જગ્યાની લાયકાતના ધોરણ અંગે સમાજવિદ્યા ભવનના કાર્યકારી અધ્યક્ષશ્રી તરફથી આવેલાં મંતવ્યો પર વિચારણા કરવા બાબત.

'આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં લેક્ચરરની જગ્યા પર નિમણૂક કરવા માટે નક્કી કરેલી લાયકાતનાં ધોરણોમાં લેક્ચરર ઇન લેબર વેલ્ફરની જગ્યા માટે નીચેની વધારાની જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

Provided, however, that in the case of appointment to the post of a Lecturer in Labour Welfare, a candidate with a degree or degrees in Law and who has professional experience of the Labour Court or Industrial Court or Experience as a Labour Officer, will also be considered.'"

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રોફેસર, રીડર અને લેક્ચરરની નિમણૂક અંગેના નિયમો તેમ જ યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષકો અને મદદનીશ શિક્ષકો અંગેનાં હાલનાં ધારાધોરણોનું સંકલન કરીને તથા તે બાબત પર સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને જણાવવું અને વધુમાં તેને સૂચવવું કે જે વિષયો નવા દાખલ કરવામાં આવ્યા હોય કે અનુસ્નાતક કક્ષાએ શીખવાતા હોય તે વિષયોમાં શૈક્ષણિક અનુભવની બાબતમાં એ નિયમોમાં શું જોગવાઈ કરવી તે અંગે પણ જરૂરી વિચારણા કરવી.

૫૫. શિક્ષણની અભ્યાસસમિતિની તા ૧૪–૮–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે બી.એડ.ના કન્ટેન્ટ વિષય શીખવવા માટે જો સ્ટાફ ઉપર અત્યાર સુધી યુનિવર્સિટીએ નક્કી કરેલ લાયકાતવાળી વ્યક્તિ ન હોય તો જે અધ્યાપકોએ વિષય બી.એ.–બી.એસસી. કક્ષાએ મુખ્ય વિષય તરીકે લઈ પરીક્ષા પાસ કરી હોય અને એ વિષય

માધ્યમિક શાળાના દશમા કે અગિયારમા ધોરણમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી શીખવ્યો હોય તે અધ્યાપકને એ વિષય બી.એડ.માં શીખવવા માટે લાયક ગણવા.

એ ઉપરાંત જો કોઈ માધ્યમિક શાળાના શિક્ષકે એ વિષય બી.એ., બી.એસસી. કક્ષાએ મુખ્ય વિષય તરીકે લઈ પરીક્ષા પાસ કરી હોય અને માધ્યમિક શાળાના દશમા કે અગિયારમા ધોરણમાં તે વિષય દશ વર્ષ સુધી શીખવ્યો હોય તો તે શિક્ષકને જો તે બી.એડ. થયેલ હોય તો એ વિષય બી.એડ.માં શીખવવા માટે ખંડ સમયના અધ્યાપક તરીકે માન્ય ગણવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૧–૮–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫–એફના કોષ્ટકમાં કોલમ નં. ૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને તે સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી :

" Teaching experience as a Lecturer or as an Assistant to a Post-graduate teacher."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૪ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૮. પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ, તથા એમ.ઈ.ની જુદી જુદી પરીક્ષાઓ માટે નિમાતા પ્રાશ્નિક–પક્ષરીકોની લઘુતમ લાયકાત અંગે જે તે વિદ્યાશાખાના અધ્યક્ષ તરફથી આવેલ સૂચનો મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૯. સિન્ડિકેટની તા. ૬/૭–૯–૧૯૬૯ની સભાના નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય સિવાયની ઇતર વિદ્યાશાખાઓની કૉલેજોના આચાર્યોની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણ અંગેનો હાલનો નિયમ એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવો."

હાલનો નિયમ નીચે મુજબ છે :

Minimum qualifications for appointment to the post of a Principal in the affiliated college in any Faculty

The Principal of an affiliated college shall hold at least the minimum qualifications necessary for recognition as a post-graduate

teacher (full-fledged post-graduate teacher) in a subject (*a*) included in the Faculty concerned as per provisions under St. 99, and (2) included in the syllabus for the final year of the Degree Course either as a compulsory or as an optional subject in the Faculty;

Provided that in the faculties of Medicine and Technology including Engineering, a Principal of an affiliated college shall have at least 10 years' teaching experience of which not less than 5 years' teaching experience of which not less than five years' teaching experience must be as a Professor in an affiliated in the Faculty of Medicine or in the Faculty of Technology including Engineering, as the case may be."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૦. સ્ટે. ૧૧૮ (૭) અનુસાર એકેડેમિક કાઉન્સિલે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ પર સભ્યપદે નીમેલા નીચેના સભ્યોની મુદત તા. ૨૩–૧૧–૧૯૬૯ના રોજ પૂરી થતી હોવાથી તેમની ખાલી પડતી જગા પર નવી નિમણૂક કરવાના પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. વાય. પી. શુકલ (વિનયન)
૨. શ્રી. એ. એમ. ત્રિવેદી (વિજ્ઞાન)
૩. શ્રી. કે. જે. ભટ્ટ (ઇજનેરી)
૪. ખાલી (કૃષિવિદ્યાશાખા)
૫. શ્રી. એમ. એસ. પંડિત (કાયદો)
૬. ડૉ. પી. એલ. શાહ (તબીબી)
૭. શ્રી. એસ. આર. મહેતા (વાણિજ્ય)
૮. ખાલી (આયુર્વેદ).

[નોંધ.—સ્ટે. ૧૧૮ (૮)નો પાઠ નીચે મુજબ છે:

Eight recognised post-graduate teachers to be nominated one from each faculty, by the Academic Council from amongst the members of the Senate for a period of three years in such a way that at least three of them shall be teachers working in affiliated colleges or recognised institutions or University Departments but shall not be Principals of Colleges or Heads of recognised Institutions or University Departments.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર નીચે જણાવેલા સભ્યોને તા. ૨૩–૧૧–૧૯૬૯થી તા. ૨૨–૧૧–૧૯૭૨ સુધી સભ્યપદે નીમવા :

(૧) આચાર્ય ય. પ્રા. શુક્લ	...	વિનયન
(૨) આચાર્ય જે. બી. સાણ્ડિલ	...	વિજ્ઞાન
(૩) શ્રી. કે. જે. ભટ્ટ	...	ઇજનેરી
(૪) ખાલી	...	કૃષિવિદ્યાશાખા
(૫) શ્રી. એચ. યુ. જોશી	...	કાયદો
(૬) ડૉ. પી. એલ. શાહ	...	તબીબી
(૭) આચાર્ય દર્શનસિંગ શીખ	...	વાણિજ્ય
(૮) ખાલી	...	આયુર્વેદ.

૬૧. રૂ. ૧૧૩–ઈ અન્વયે રસાયણવિજ્ઞાનના વિષયમાં શ્રી. જી. બી. ઢવે (અટિરા, અમદાવાદ) પીએચ.ડી. પદવી માટે મહાનિબંધ રજૂ કરી પરદેશ ગયા હોઈ ઓ. ૩૨૧ની જોગવાઈ હેઠળ તેમની મૌખિક પરીક્ષા પરદેશમાં લેવાય તે માટે નીચે જણાવેલા રેફરીની નિમણૂક કરવા માટે અભ્યાસસમિતિના સભ્યોની પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

રેફરીનું નામ : Prof. E. Husemann, University of Freiburg.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીની મહાનિબંધ અંગેની મૌખિક પરીક્ષા પરદેશમાં લેવા માટે ઉપર જણાવેલા રેફરીની નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૨. રૂ. ૧૧૩–ઈ અન્વયે રસાયણવિજ્ઞાનના વિષયમાં નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલા મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે અભ્યાસસમિતિની પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—આ વિદ્યાર્થીની મૌખિક પરીક્ષા માટે અગાઉ રેફરીની નિમણૂક થઈ ગયેલી છે.)

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
1	2	3	4
Shri C. J. Trivedi	Some reactions of Hyponitrites and Nitzites : (*i*) Preparation and properties of Hyponitrites of Lithium and Thallium	Dr. V. T. Oza	1. Prof. Dr. A. J. Vosper, Dept. of Chemistry, Portsmouth College, Burnaby Road, Portsmouth, Tants.

1	2	3	4
	(*ii*) The Thermal Decompositions of the Hyponitries Lithium and Thallium (*iii*) The action of Dinitrogen Textroxide and its thermal dissociation and its products on— (*a*) Hyponitries of Lithium Thallium (*b*) Nitrites of Lithium and Thallium.	2. Prof. Dr. M. N. Hughes, Chemistry Department, Queen Elizabeth College, Campden Hill Road, London, W. 8.	

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે વિદ્યાર્થીના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૩. યુનિવર્સિટીની પરીક્ષાઓના સંદર્ભમાં પ્રાયોગિક-પરીક્ષકોની પેનલની રચના અંગેની પદ્ધતિ, પરીક્ષકોની નિમણૂક અંગે સિનિયોરિટીના નિયમો, કાર્ડપદ્ધતિનો ઉપયોગ, પરીક્ષકોની અરજી માટેનાં ફૉર્મ અને આનુષંગિક બાબતો ઝીણવટથી જોઈ-તપાસીને તથા તે અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાની સ્પષ્ટ ભલામણો સાથે રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૨–૪–૧૯૬૯ની સભામાં નીમેલ સમિતિની તા. ૨૪–૬–૧૯૬૯ તથા તા. ૩–૭–૧૯૬૯ના રોજ મળેલી સભાનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૪. ઑર્ડિ. ૬૬ અન્વયે રીડર ઇન સોશિયોલોજીની જગ્યા માટેની વરણીસમિતિ પર ઍકેડેમિક કાઉન્સિલના બે સભ્યો નીમવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ઍકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિઓ તરીકે ડૉ. એ. આર. દેસાઈ (મુંબઈ) અને ડૉ. તારાબહેન પટેલને નીમવાં.

૬૫. આચાર્યશ્રી એલ. ડી. કવેના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"In a college affiliated to the Gujarat University, the maximum load per week should be as follows :

(1) Professor or Lecturer : 12 lectures + 3 tutorials
This work-load shall be reduced by two lectures for a recognised or Assistant post-graduate Teacher and by another two lectures if he is a recognised Ph.D. guide.

(2) Tutor : 9 lectures + 9 tutorials
If a Professor, Lecturer or Tutor is also teaching in the Laboratory this shall be taken into consideration while fixing the work-load.

(3) Demonstrator : As at present.

However, M.Sc. students or other scholars may be asked to do part-time demonstration work on a fixed remuneration of at least Rs. 100/-. The maximum work-load for such part-time demonstrators shall be 12 hours."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૬. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૩૦–૮–૧૯૬૯ની સભાના નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"English has been accepted as a compulsory subject upto the first degree in all faculties. It is however, felt that the achievements of students in this particular subject are not encouraging. This is, it is represented, due to the fact that proper motivation for the learning and teaching of English does not exit. Whether we like it or not, the present system of learning and teaching is mainly examination centred and examination circumscribed. It is, therefore, strongly felt that because marks obtained in English do not have any reflection in the award of classes, both the teaching as well as the learning of English are comparatively neglected.

It is agreed that motivation provided only through examinations is not a lasting solution of the problem. The real solution perhaps is to create an urge from within to read and understand English very well. However, in the limitations of the present circumstances, it is felt expedient that marks obtained in English may be considered for the award of classes; this would also provided an indication of the ability of the students to master all the subjects of study simultaneously."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકા./૩૩૪૮૭/૧૬૬૯.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૯.
ડિસેંબર ૧૯, ૧૯૬૯.

ચં. પરીખ
કુલસચિવ.